श्री

શ્રી ભુવનભાનુ સંસ્કૃત શ્રેણિ સોપાન - ૩

# सरल संस्कृतम्

## માર્ગદર્શિકા



શત્રુંજય શણગાર
શ્રી આદિનાથ દાદા



જીરાવલાની જાન
શ્રી જીરાવલા પાર્શ્વનાથ દાદા





ત્રિભુવન તિલક
શ્રી મહાવીર મહારાજા



શંખેશ્વર શૃંગાર
શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ દાદા



ગિરનારના ગૌરવ
શ્રી નેમિનાથ પરમાત્મા



હે કલિકાલસર્વજ્ઞજી !

अर्हं થી માંડી सिद्धम् સુધીમાં આપે સમગ્ર અને સંપૂર્ણ વ્યાકરણપથ ગૂંથી દીધો. બસ ! હવે એવા આશિર્વાદ આ બાળક ઉપર વરસાવજો કે જેનાથી તે વ્યાકરણપથ દ્વારા अर्हं થી सिद्धम् સુધીમાં ગૂંથાયેલા મોક્ષપથને અમે મેળવી શકીએ. अर्हंમાં જાતને વિલીન કરી સિદ્ધસ્વરૂપી બનીએ !




शेषं संस्कृतवत् सिद्धम्



વિલેપાર્લામંડન
શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદા

સરલ સંસ્કૃતમ્‌ના
આ પાંચેય પુસ્તકોના
સંપૂર્ણ લાભાર્થી

**શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.**
**જૈન સંઘ એન્ડ ચેરીટીઝ**

ધન્ય શ્રુતભક્તિ...
ભૂરિ ભૂરિ અનુમોદના...
– કુમારપાળ વી. શાહ

શ્રીભુવનભાનુ સંસ્કૃત શ્રેણિ

સોપાન - ૩

સંસ્કૃતની સર્વાંગીણ સફર માટે

# સરલ સંસ્કૃતમ્

## માર્ગદર્શિકા

023158
17.20

**માર્ગદર્શક**

પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્ય દેવેશ
શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક આચાર્ય
દેવેશ શ્રીમદ્ વિજય **વિશ્વકલ્યાણસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન પૂજ્યપાદ
ભવોદધિતારક ગુરુદેવ પંન્યાસપ્રવર
**શ્રીયશોવિજયજી** મહારાજ

**પ્રકાશક**

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**
C/o. શ્રી કુમારપાળભાઈ વી. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા પાસે,
ધોળકા, જિ. અમદાવાદ-૩૮૭૮૧૦
ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨ /
૨૨૫૭૩૮ / ૨૨૫૯૮૧

• **સરલ સંસ્કૃતમ્ - માર્ગદર્શિકા**

• **વિશેષતા** : સરલ સંસ્કૃતમ્ - પ્રથમા તથા દ્વિતીયામાં સમાવિષ્ટ સ્વાધ્યાયોના ઉત્તરો તથા શબ્દ રૂપાવલીનું સુરેખ અને સરળ સંકલન...

• પ્રથમ આવૃત્તિ - વિ.સં. ૨૦૬૭

• સંવર્ધિત - સંશોધિત દ્વિતીય આવૃત્તિ - વિ.સં. ૨૦૭૦

• મૂલ્ય - ₹ ૫૫૦/- (સંપૂર્ણ સેટનું)

• પ્રાપ્તિસ્થાન -

**૧) પ્રકાશક**

**૨) શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**
સ્ટેશન રોડ, રંગ મહેલના નાકે,
મહેસાણા, ઉત્તર ગુજરાત - ૩૮૪ ૦૦૧

**૩) પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી**
૬/B, અશોકા કોમ્પ્લેક્ષ,
રેલ્વે ગરનાળા પાસે, પાટણ - ૩૮૪ ૨૬૫
ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩

**૪) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી**
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧
(મો.) ૯૮૨૫૧૬૮૮૩૪

**૫) શ્રી શિરીષભાઈ સંઘવી**
૭૦૨, રાધાકુંજ, વીટી સ્કૂલની સામે,
રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ.
(મો.) ૯૮૯૨૮૭૦૭૯૦

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ, અમદાવાદ (મો.) ૯૮૯૮૪૯૦૦૯૧

તા.ક. જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલા આ પુસ્તકની માલિકી ગૃહસ્થે કિંમત ચૂકવ્યા વિના ન કરવી.

# અર્પણ

જેમના ઉપકારોને શબ્દસ્થ કરવા જતા આંખમાંથી
ટપકતા અશ્રુઓ સદા તે શબ્દોને વિખેરી
નાંખે છે
તે
**પૂજ્ય બાપુજી મહારાજ**ના
(**પૂજ્ય મુનિરાજ શ્રીનમ્રયશવિજયજી મહારાજ**ના)
**પૂજ્ય બા મહારાજ**ના
(ઉપકારી પ્રવર્તિની **સાધ્વીવર્યા શ્રીવસંતપ્રભાશ્રીજી મ.સા.**ના પ્રશિષ્યા
**સાધ્વીવર્યાશ્રી અર્હવર્ષાશ્રીજી મ.સા.**ના)
**પૂજ્ય બેન મહારાજ**ના
(**સાધ્વીવર્યા શ્રીકૈવલ્યવર્ષાશ્રીજી મ.સા.**ના)
કરકમળોમાં...

# પ્રકાશકીય

જિનશાસનના અણમોલ તત્ત્વો, અજોડ પદાર્થો, અનુપમ પરમાર્થો અને અદ્‌ભુત તર્કો મહાનિધાન સમા છે. પણ એ નિધાનને તાળું મારેલું છે. આ તાળાની ચાવી એટલે સંસ્કૃતભાષા. આમે ય સંસ્કૃત જેવી પદ્ધતિસર, નિયમબદ્ધ અને રોચક બીજી એકે ય ભાષા નથી. પણ, આ સંસ્કૃત ભાષા થોડી અટપટી અને અઘરી છે. એટલે જ આ ભાષામાં સરલતાથી પ્રવેશ થઈ શકે તે માટે આચાર્ય વિજય **શ્રી ભુવનભાનુસૂરિ** જન્મશતાબ્દી વર્ષે સંસ્કૃતભાષા ભણવા માટે ઉપયોગી પાંચ પુસ્તકોનો સેટ પ્રકાશિત કરતા અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.

નવા-નવા સ્વાધ્યાયો, નિયમોની સરળ રજૂઆત અને રૂપો ગોખવાની સરળ પદ્ધતિઓથી આ પાંચેય પુસ્તક જિનશાસનમાં આદેય બનશે. એવી ભાવનાસહ...

## દ્વિતીય આવૃત્તિ વેળાએ...

અમને અત્યંત હર્ષ છે કે અધ્યયનશીલ વર્ગે અમારા પ્રયાસને ઉમળકાભેર અભિનંદ્યો છે. જેના ફલસ્વરૂપે આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરવા જઈ રહ્યા છીએ... આ જ પ્રતિભાવ બન્યો રહે એ જ અપેક્ષા તથા આના માધ્યમે સંસ્કૃત અધ્યયન સરળ અને શીઘ્ર બને એ જ મંગલ કામના...

લિ.
શ્રીદિવ્યદર્શન ટ્રસ્ટ વતી,
કુમારપાળ વી. શાહના
પ્રણામ

# સમૃદ્ધિ સંસ્કૃતની

શ્રી ભુવનભાનુ સંસ્કૃત શ્રેણિનું આ તૃતીય સોપાન છે. પ્રથમા અને દ્વિતીયાના સ્વાધ્યાયોની ગાઈડ આમાં સમાવિષ્ટ છે. આ ગાઈડનો ઉપયોગ આવશ્યકતા મુજબ અધ્યાપક જ કરે. પરંતુ વિદ્યાર્થીઓ ન કરે તે ઈચ્છનીય છે. તથા છેલ્લે, સંસ્કૃત શબ્દ રૂપાવલીનું સંકલન પણ આપ્યું છે, જેથી એકી સાથે બધાં રૂપો મળી શકે.

માર્ગદર્શિકા દ્વારા સરલ સંસ્કૃતમ્‌ની શ્રેણિની આદેયતામાં વધારો થશે તેવો વિશ્વાસ છે. શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી પ્રસંગે પૂજ્ય દાદા ગુરુદેવના ચરણોમાં આ પુસ્તકપુષ્પ સમર્પિત કરતા ધન્યતા અનુભવું છું.

પુસ્તક પ્રકાશન અંગેના પ્રતિભાવ-સૂચનો અવશ્ય આવકાર્ય છે. જિનાજ્ઞા વિરુદ્ધ મુદ્રિત થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્...

શ્રીભુવનભાનુસૂરિ
જન્મશતાબ્દી વર્ષ
વિ.સં. ૨૦૬૭
શાંબ - પ્રદ્યુમ્ન મુક્તિગમન દિન
ફાગણ સુદ-૧૩
જાગનાથ સંઘ, રાજકોટ

**લિ.**
**ગુરુપાદપદ્મસદ્મનિવાસી**
**પંન્યાસ યશોવિજય**

(પ્રથમ આવૃત્તિમાંથી સાભાર)

# અનુક્રમણિકા


| પાઠ ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|

## પ્રથમા

| | | |
|---|---|---|
| ૧ | પાઠ - ૧ | ૧ |
| ૨ | પાઠ - ૨ | ૨ |
| ૩ | પાઠ - ૩ | ૩ |
| ૪ | પાઠ - ૪ | ૪ |
| ૫ | પાઠ - ૫ | ૫ |
| ૬ | પાઠ - ૬ | ૭ |
| ૭ | પાઠ - ૭ | ૮ |
| ૮ | પાઠ - ૮ | ૧૦ |
| ૯ | પાઠ - ૯ | ૧૨ |
| ૧૦ | પાઠ - ૧૦ | ૧૪ |
| ૧૧ | પાઠ - ૧૧ | ૧૬ |
| ૧૨ | પાઠ - ૧૨ | ૨૦ |
| ૧૩ | પાઠ - ૧૩ | ૨૩ |
| ૧૪ | પાઠ - ૧૪ | ૨૬ |
| ૧૫ | પાઠ - ૧૫ | ૨૯ |
| ૧૬ | પાઠ - ૧૬ | ૩૨ |
| ૧૭ | પાઠ - ૧૭ | ૩૫ |
| ૧૮ | પાઠ - ૧૮ | ૩૭ |
| ૧૯ | પાઠ - ૧૯ | ૩૯ |
| ૨૦ | પાઠ - ૨૦ | ૪૧ |
| ૨૧ | પાઠ - ૨૧ | ૪૩ |

| | | |
|---|---|---|
| ૨૨ | પાઠ - ૨૨ | ૪૫ |
| ૨૩ | પાઠ - ૨૩ | ૪૭ |
| ૨૪ | પાઠ - ૨૪ | ૫૦ |
| ૨૫ | પાઠ - ૨૫ | ૫૩ |
| ૨૬ | પાઠ - ૨૬ | ૫૫ |
| ૨૭ | પાઠ - ૨૭ | ૫૭ |
| ૨૮ | પાઠ - ૨૮ | ૫૯ |
| ૨૯ | પાઠ - ૨૯ | ૬૦ |
| ૩૦ | પાઠ - ૩૦ | ૬૧ |
| ૩૧ | પાઠ - ૩૧ | ૬૪ |
| ૩૨ | પાઠ - ૩૨ | ૬૭ |


## દ્વિતીયા


| | | |
|---|---|---|
| ૩૩ | પાઠ - ૧ | ૬૯ |
| ૩૪ | પાઠ - ૨ | ૭૧ |
| ૩૫ | પાઠ - ૩ | ૭૩ |
| ૩૬ | પાઠ - ૪ | ૭૫ |
| ૩૭ | પાઠ - ૫ | ૭૭ |
| ૩૮ | પાઠ - ૬ | ૭૯ |
| ૩૯ | પાઠ - ૭ | ૮૧ |
| ૪૦ | પાઠ - ૮ | ૮૪ |
| ૪૧ | પાઠ - ૯ | ૮૭ |
| ૪૨ | પાઠ - ૧૦ | ૯૦ |
| ૪૩ | પાઠ - ૧૧ | ૯૩ |
| ૪૪ | પાઠ - ૧૨ | ૯૬ |
| ૪૫ | પાઠ - ૧૩ | ૯૯ |
| ૪૬ | પાઠ - ૧૪ | ૧૦૨ |

| | | |
|---|---|---|
| ૪૭ | પાઠ - ૧૫ | ૧૦૫ |
| ૪૮ | પાઠ - ૧૬ | ૧૦૮ |
| ૪૯ | પાઠ - ૧૭ | ૧૧૦ |
| ૫૦ | પાઠ - ૧૮ | ૧૧૨ |
| ૫૧ | પાઠ - ૧૯ | ૧૧૪ |
| ૫૨ | પાઠ - ૨૦ | ૧૧૬ |
| ૫૩ | પાઠ - ૨૧ | ૧૧૯ |
| ૫૪ | પાઠ - ૨૨ | ૧૨૨ |
| ૫૫ | પાઠ - ૨૩ | ૧૨૫ |
| ૫૬ | પાઠ - ૨૪ | ૧૨૮ |
| ૫૭ | પાઠ - ૨૫ | ૧૩૧ |
| ૫૮ | પાઠ - ૨૬ | ૧૩૪ |
| ૫૯ | પાઠ - ૨૭ | ૧૩૬ |
| ૬૦ | પાઠ - ૨૮ | ૧૩૮ |
| ૬૧ | પાઠ - ૨૯ | ૧૪૧ |
| ૬૨ | પાઠ - ૩૦ | ૧૪૩ |
| ૬૩ | પાઠ - ૩૧ | ૧૪૬ |
| ૬૪ | પાઠ - ૩૨ | ૧૪૮ |
| ૬૫ | પાઠ - ૩૩ | ૧૫૦ |
| ૬૬ | પાઠ - ૩૪ | ૧૫૨ |


## શબ્દ રૂપાવલી


| | | |
|---|---|---|
| ૬૭ | વિભાગ - ૧, સ્વરાંત શબ્દો | ૧૫૪ |
| ૬૮ | વિભાગ - ૨, સર્વનામ | ૧૬૦ |
| ૬૯ | વિભાગ - ૩, વ્યંજનાંત શબ્દો | ૧૬૮ |
| ૭૦ | વિભાગ - ૪, અનિયમિત શબ્દો | ૧૮૬ |


•••

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# પાઠ - ૧

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. હું રક્ષા કરું છું.
2. હું પડું છું.
3. હું રાંધું છું.
4. અમે જીવીએ છીએ.
5. અમે બે ચરીએ છીએ.
6. અમે બધાં ભણીએ છીએ.
7. અમે બે વસીએ છીએ.
8. અમે બધાં નમીએ છીએ.
9. અમે બે બોલીએ છીએ.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. रक्षावः ।
2. चलामि ।
3. नमावः ।
4. पचामः ।
5. पठामि ।
6. त्यजावः ।
7. वसामः ।
8. जीवामि ।
9. पतावः ।

***

## સંસ્કૃત > English

મિત્રો !

સરલસંસ્કૃતમ્ - પ્રથમામાં આપણે આ કોલમમાં જોઈ રહ્યા હતા કે સંસ્કૃતભાષા શી રીતે અંગ્રેજીભાષાનું મૂળ છે. એક વાત ધ્યાનમાં રહે કે - અંગ્રેજીભાષાનું અપમાન કરવાનો કે તેવો બીજો કોઈ ઈરાદો આપણો નથી. આપણે ફક્ત એટલું જ સાબિત કરવા માંગીએ છીએ કે - ચૌદ પૂર્વો જે ભાષામાં રચાયા છે તે ભાષા અનેક રીતે અદ્વિતીય અને સૌથી પ્રાચીન છે. આ ભાષાની અભિવ્યક્તિની ક્ષમતા બેજોડ છે. એટલે જ તો જગતના તમામ પદાર્થોને અભિવ્યક્ત કરવાનું સૌભાગ્ય આ ભાષાને સાંપડ્યું... અંગ્રેજી જેવી સંપૂર્ણ ભાષા કોઈ નથી - આવું માનનાર વ્યક્તિને આપણે ફક્ત અરીસો જ બતાવી રહ્યા છીએ. ખરું ને ?

# પાઠ - ૨

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. હું ભટકું છું.
2. અમે પ્રશંસા કરીએ છીએ.
3. અમે જપીએ છીએ.
4. હું સરકું છું.
5. અમે બોલીએ છીએ.
6. હું બાળું છું.
7. અમે બબડીએ છીએ.
8. હું પૂજું છું.
9. અમે બે થઈએ છીએ.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. आवाम् अटावः ।
2. आवां जयावः ।
3. अहं शंसामि ।
4. आवां जेमावः ।
5. अहं पतामि ।
6. आवां दहावः ।
7. वयं सरामः ।
8. अहं जल्पामि ।
9. वयं निन्दामः ।

**[3] अस्मद् ના રૂપથી લખેલા જવાબો :-**

1. <u>वयम्</u> अटामः ।
2. <u>आवां</u> जल्पावः ।
3. <u>अहं</u> निन्दामि ।
4. <u>आवां</u> शंसावः ।
5. <u>वयम्</u> अर्चामः ।

**[4] ખરા કે ખોટાની નિશાની તથા સુધારેલા વાક્યો :-**

1. ×, आवाम् अटावः / अहम् अटामि ।
2. ×, अहं जल्पामि / आवां जल्पावः ।
3. ×, वयं निन्दामः / आवां निन्दावः ।
4. ×, अहं शंसामि / वयं शंसामः ।
5. ×, आवाम् अर्चावः / अहम् अर्चामि ।

※ ※ ※

# પાઠ - 3

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. હું જાઉં છું.
2. અમે જોઈએ છીએ.
3. અમે બે ઊભા રહીએ છીએ.
4. તમે ભટકો છો.
5. હું ક્રોધ કરું છું.
6. તું ખુશ થાય છે.
7. તમે નિંદા કરો છો.
8. અમે બે પોષીએ છીએ.
9. અમે નાચીએ છીએ.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. क्रुध्यथ ।
2. पुष्यसि ।
3. नृत्यथः ।
4. नश्यसि ।
5. तुष्यथ ।
6. जयसि ।
7. भवथ ।
8. आवां सरावः ।
9. वयं क्षयामः ।

**[3] જોડેલા જોડકા :-**

| | A | | B |
|---|---|---|---|
| 1. | अहं पश्यामि | – | હું જોઉં છું. |
| 2. | जीवथ | – | તમે બધાં જીવો છો. |
| 3. | जपथः | – | તમે બે જાપ કરો છો. |
| 4. | वयं क्रुध्यामः | – | અમે બધાં ગુસ્સો કરીએ છીએ. |
| 5. | गच्छसि | – | તું જાય છે. |
| 6. | तिष्ठथ | – | તમે બધાં ઊભા રહો છો. |
| 7. | आवां तुष्यावः | – | અમે બે ખુશ થઈએ છીએ. |
| 8. | जल्पथः | – | તમે બે બબડાટ કરો છો. |
| 9. | वयम् अटामः | – | અમે ભટકીએ છીએ. |

**[4] ઓળખાણ :-**

**1.** क्रुध्यसि । **2.** वयं पुष्यामः । **3.** सरथः । **4.** अहं क्षयामि । **5.** तुष्यथ ।

❋ ❋ ❋

# પાઠ - ૪

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. તું મળે છે.
2. તમે બે લખો છો.
3. અમે બે સર્જીએ છીએ.
4. તમે સ્પર્શો છો.
5. હું દેખાડું છું.
6. અમે ખેડીએ છીએ.
7. તું સિદ્ધ થાય છે.
8. તમે અભિમાન કરો છો.
9. અમે થાકી જઈએ છીએ.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. त्वं कृषसि ।
2. युवां श्राम्यथः ।
3. त्वं पिबसि ।
4. त्वम् अटसि ।
5. आवां सिध्यावः ।
6. अहं क्षुभ्यामि ।
7. युवां जल्पथः ।
8. यूयं तुदथ ।
9. अहं शाम्यामि ।

**[3] ખાલી જગ્યાના જવાબો :-**

1. युवां जल्पथः ।
2. यूयम् अटथ ।
3. अहं निन्दामि ।
4. युवां शंसथः ।
5. यूयम् अर्चथ ।

**[4] ખરા કે ખોટાની નિશાની તથા સુધારેલા વાક્યો :-**

1. ×, आवां क्रुध्यावः / त्वं क्रुध्यसि ।
2. ×, युवां सिध्यथः / आवां सिध्यावः ।
3. ×, अहं पुष्यामि / युवां पुष्यथः ।
4. ×, वयं नृत्यामः / युवां नृत्यथः ।
5. ×, अहं नश्यामि / यूयं नश्यथ ।

* * *

# પાઠ - ૫

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. તે જાણે છે.
2. તમે સિંચો છો.
3. હું દોડું છું.
4. તમે બે ઈચ્છો છો.
5. તે બે કહે છે.
6. તેઓ પૂછે છે.
7. અમે બે વાવીએ છીએ.
8. તે બે દ્રોહ કરે છે.
9. તેઓ સ્નેહ કરે છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. सः श्राम्यति ।
2. सः चलति ।
3. आवां वर्णयावः ।
4. अहं वदामि ।
5. तौ दहतः ।
6. ते जल्पन्ति ।
7. वयं त्यजामः ।
8. तौ दिशतः ।
9. ते पठन्ति ।

**[3] ખાલી જગ્યાના જવાબો :-**

1. <u>तौ</u> कथयतः ।
2. <u>अहं</u> चिन्तयामि ।
3. <u>युवां</u> दण्डयथः ।
4. <u>अहं</u> नमामि ।
5. <u>ते</u> रक्षन्ति ।

**[4] જોડેલા જોડકા :-**

1. सः - इच्छति
2. अहं - धावामि
3. तौ - पृच्छतः
4. वयं - वदामः
5. युवां - सिञ्चथः
6. ते - क्षयन्ति
7. यूयं - स्निह्यथ
8. आवां - बोधावः
9. त्वं - द्रुह्यसि

**[5] રૂપ :-**

1.

| | | |
|---|---|---|
| तुदामि | तुदावः | तुदामः |
| तुदसि | तुदथः | तुदथ |
| तुदति | तुदतः | तुदन्ति |

2.

| | | |
|---|---|---|
| पीडयामि | पीडयावः | पीडयामः |
| पीडयसि | पीडयथः | पीडयथ |
| पीडयति | पीडयतः | पीडयन्ति |

| | | | |
|---|---|---|---|
| 3. | चिन्तयामि | चिन्तयावः | चिन्तयामः |
| | चिन्तयसि | चिन्तयथः | चिन्तयथ |
| | चिन्तयति | चिन्तयतः | चिन्तयन्ति |

[6] ધાતુઓના આખા રૂપો :-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1. | गच्छामि | गच्छावः | गच्छामः | 4. | वर्णयामि | वर्णयावः | वर्णयामः |
| | गच्छसि | गच्छथः | गच्छथ | | वर्णयसि | वर्णयथः | वर्णयथ |
| | गच्छति | गच्छतः | गच्छन्ति | | वर्णयति | वर्णयतः | वर्णयन्ति |
| 2. | क्रुध्यामि | क्रुध्यावः | क्रुध्यामः | 5. | पश्यामि | पश्यावः | पश्यामः |
| | क्रुध्यसि | क्रुध्यथः | क्रुध्यथ | | पश्यसि | पश्यथः | पश्यथ |
| | क्रुध्यति | क्रुध्यतः | क्रुध्यन्ति | | पश्यति | पश्यतः | पश्यन्ति |
| 3. | इच्छामि | इच्छावः | इच्छामः | | | | |
| | इच्छसि | इच्छथः | इच्छथ | | | | |
| | इच्छति | इच्छतः | इच्छन्ति | | | | |

* * *

## સંસ્કૃત > English

અંગ્રેજી ભાષાનું વ્યાકરણ, ઊંડાણથી અભ્યાસ કરતા, ઘણે ઠેકાણે સંસ્કૃત ભાષાને મળતું આવે છે. હજારો વર્ષ પૂર્વે યુરોપમાં આજે જે સંસ્કૃતિ ખીલી છે - તે ન હતી. તેઓ તદ્દન અસંસ્કૃત દશામાં હતા. ભારતવર્ષ સાથે તેઓનો સીધો સંપર્ક ન હતો, વાયા મધ્ય એશિયા - આરબ દેશો સંપર્ક થતો હતો. 'ગાઉએ ગાઉએ બોલી બદલાય' - આ કહેવત અનુસાર કાળ + દેશ - બન્નેના વ્યવધાને ઘણો બધો બદલાવ ભાષામાં આવી ગયો છે. છતાં આપણે ઊંડાણમાં ઊતરી આંખે ચડી આવતું સામ્ય જોવાનું છે.

# પાઠ - ૬

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. એ પ્રમાણે તું સાંત્વના આપે છે.
2. તે જ ચોરી કરે છે.
3. હું અહીં જ ઊભો રહું છું.
4. તમે બધે ઘોષણા કરો છો.
5. તેઓ ક્યાં તોલે છે ? / વજન કરે છે ?
6. તમે બે એક જગ્યાએ સજાવો છો.
7. હું બીજી જગ્યાએ જાઉં છું.
8. એ પ્રમાણે તે બે તરે છે.
9. તું બધે ગુસ્સે થાય છે.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. ते तत्र एव पीडयन्ति ।
2. अहम् अत्र दण्डयामि ।
3. वयं सर्वत्र घोषयामः ।
4. त्वं कुत्र तरसि ?
5. यूयम् अन्यत्र भूषयथ ।
6. तौ इति वर्णयतः ।
7. एकत्र वयं चिन्तयामः ।
8. तौ नयतः ।
9. अहं क्षाम्यामि ।

[3] ખરા કે ખોટાની નિશાની તથા સુધારેલા વાક્યો :-

1. ×, अहं जीवामि / ते जीवन्ति ।
2. ×, त्वं जल्पसि / वयं जल्पामः ।
3. ×, ते पठन्ति / युवां पठथः ।
4. ×, यूयम् अर्चथ / अहम् अर्चामि ।
5. ×, तौ जयतः / आवां जयावः ।

[4] ઓળખાણ :-

1. वयं वसामः, वस् ધાતુ, ગણ-૧, પરસ્મૈપદ, વર્તમાનકાળ, પ્રથમપુરુષ બહુવચન
2. ते घोषयन्ति, घुष् ધાતુ, ગણ-૧૦, ઉભયપદ, વર્તમાનકાળ, તૃતીયપુરુષ બહુવચન
3. त्वं क्षयसि, क्षि(क्षय्) ધાતુ, ગણ-૧, પરસ્મૈપદ, વર્તમાનકાળ, દ્વિતીયપુરુષ એકવચન
4. आवां पिबावः, पा [पिब्] ધાતુ, ગણ-૧, પરસ્મૈપદ, વર્તમાનકાળ, પ્રથમપુરુષ દ્વિવચન
5. अहं खादामि, खाद् ધાતુ, ગણ-૧, પરસ્મૈપદ, વર્તમાનકાળ, પ્રથમપુરુષ એકવચન

* * *

# પાઠ - ૭

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. હું અહીં ભગવાનને પૂજું છું.
2. તમે વૃક્ષોને ગણો છો.
3. ત્યાર બાદ કયવન્નાજી વિચારે છે.
4. ધન્નાજી ખાતા નથી અને પીતા નથી.
5. તે દાનવને ઈચ્છતો નથી.
6. મને અને તને દાનવ ફેંકે છે.
7. તે માનવો અસુરોને નિંદે છે.
8. ★બે દાનવો ભટકે છે.
9. બધાં ભગવાન જાણે છે અને કહે છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. वयं वृक्षं न दहामः ।
2. देवाः दानवान् सर्वत्र दण्डयन्ति ।
3. यूयं देशं चिन्तयथ ।
4. यूयं वृक्षं भूषयथ तौ च वृक्षं चोरयतः ।
5. युवां कुत्र धावथः इष्यथः वा ?
6. वयं जिनमेवेच्छामः, न देवं दानवं वा ।
7. ते जिनं वर्णयन्ति ।
8. दानवाः देवान् पीडयन्ति ।
9. यूयं वृक्षा अस्यथ ।

**[3] સંધિ :-**

1. कामान्धः
2. अबलाऽभ्युदयः
3. महेशः
4. आत्मोन्नतिः
5. भरतैरावते

---

★ दानवौ अटतःની સંધિ થતા दानवा अटतः થાય છે.

[4] છૂટી પાડેલી સંધિ :-

1. मया+इदम्
2. प्रभा+एव
3. योगि+ईश्वरः
4. ब्रह्म+ऋषिः
5. क्रिया+ औषधिः

[5] રૂપ :-

1. अलङ्कारः अलङ्कारौ अलङ्काराः
   अलङ्कारम् अलङ्कारौ अलङ्कारान्
2. गौतमः गौतमौ गौतमाः
   गौतमम् गौतमौ गौतमान्
3. सूर्यः सूर्यौ सूर्याः
   सूर्यम् सूर्यौ सूर्यान्

[6] જોડેલા જોડકા :-

1. वृक्षोर्ध्वम् – वृक्ष + ऊर्ध्वम्
2. महिम्नैव – महिम्ना + एव
3. महिम्नेव – महिम्ना + इव
4. वृक्ष ऊर्ध्वम् – वृक्षे + ऊर्ध्वम्
5. कर्त्रिति – कर्तृ + इति
6. कर्त्रुत – कर्तृ + उत
7. लघ्विति – लघु + इति
8. लघूत – लघु + उत

✱ ✱ ✱

**સંસ્કૃત > English**

કદી વિચાર્યું ખરું કે Wolf નો ઉચ્ચાર 'વોલ્ફ' કેમ નથી થતો, 'વુલ્ફ' કેમ થાય છે ?

સંસ્કૃત '**वृक**' ઉપરથી આવેલા શબ્દનો ઉચ્ચાર તેને આધીન જ હોય ને ! આટલી તો વફાદારી અંગ્રેજી ભાષાએ જાળવી રાખી છે !!!

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. અમે અધર્મને છોડીએ છીએ.
2. તમે દયાને આચરો છો.
3. તેઓ દુશ્મનને પણ ભેટે છે.
4. તે બે વીણે છે.
5. તમે બે અલંકારને પણ[ઈચ્છતા નથી=] ચાહતા નથી.
6. વિદ્યાર્થીઓ કયારેય પણ કૂદતા નથી, ભટકતા નથી. [= મસ્તી કરતા નથી.] પણ કાયમ વિચારે છે.
7. ધન ક્ષય પામે છે. પણ,[ધનની] આશા ક્ષય નથી પામતી.
8. અમે બે સાધુઓને જોઈએ છીએ, તેથી અમે બે ખુશ થઈએ છીએ.
9. અમે આરાધનાની સ્પૃહા કરીએ છીએ.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. आराधनां स इच्छति ।
2. शालिभद्रः धन्यं न निन्दति, धन्यः च शालिभद्रं न निन्दति ।
3. दानवा जल्पन्ति देवाः च हसन्ति ।
4. जिनः शालिभद्रं वर्णयति ।
5. कृतपुण्यः जिनं पूजयति नमति च ।
6. दानवाः देवान् द्रुह्यन्ति किन्तु, मानवाः न द्रुह्यन्ति ।
7. यूयं दयां प्ररूपयथ किन्तु नाऽऽचरथ । जिनः दयामाचरति पश्चात् प्ररूपयति ।
8. ते तौ नयन्ति ।
9. कदाप्यहम् अप्रियं नाऽऽचरामि, न सृजामि, न वदामि ।

[3] સંધિ :-

1. शालेअत्र
2. आराधनाऽऽशा
3. सिद्धौषधिः
4. जिना इष्यतः
5. धनौघः

[4] [A] ખરા ખોટાની નિશાની તથા સુધારો :-

1. ×, अहं त्वां कथयामि ।

2. ×, श्रमणः आराधनामिच्छति ।

3. ×, दयामाचरन्ति ते यतयः ।

[B] 1. ×, जिनेशः 2. ×, जिनावाशा 3. ×, वनेऽपि

[5] ખાલી જગ્યાના જવાબો :-

1. ते द्रुह्यन्ति ।
2. यूयं धावथ ।
3. युवाम् उत्पतथः
4. आवां क्षाम्यावः ।
5. तौ अस्यतः ।

[6] રૂપ :-

| | | | |
|---|---|---|---|
| 1. | वर्षामि | वर्षावः | वर्षामः |
| | वर्षसि | वर्षथः | वर्षथ |
| | वर्षति | वर्षतः | वर्षन्ति |
| 2. | उदधिः | उदधी | उदधयः |
| | उदधिम् | उदधी | उदधीन् |
| 3. | मुष्टिः | मुष्टी | मुष्टयः |
| | मुष्टिम् | मुष्टी | मुष्टीन् |
| 4. | घोषयामि | घोषयावः | घोषयामः |
| | घोषयसि | घोषयथः | घोषयथ |
| | घोषयति | घोषयतः | घोषयन्ति |

* * *

## સંસ્કૃત > English

અંગ્રેજીમાં A to Z સુધીમાં ક્યાંય 'અ' ઉચ્ચાર પામતો અક્ષર નથી. માટે, 'અ' ની જગ્યાએ I, EI, O, U વગેરે અક્ષરો મૂકી તે કામ ચલાવે છે. 'ઋ' સ્વરનું પણ કંઈક આવું છે. જેના પ્રતાપે : લખાય - 'Wolf' (ઋ ની જગ્યાએ O), બોલાય - વુલ્ફ, સમજાય - वृकः = રીંછ

આ જ દિશામાં હજુ આગળ વધો -

Calf - करभ - વાછરડું

Ox - ऊक्ष् - સાંઢ

સમજાય છે કંઈ ?

## પાઠ - ૯

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. બાળક પૂજા માટે મહાવીર ભગવાનને માથાથી વંદે છે.
2. મોર વાદળને જુવે તે રીતે કૃષ્ણ નેમિનાથ ભગવાનને જુવે છે.
3. માણસો સુખને ઈચ્છે છે / સુખની અપેક્ષા રાખે છે. પણ ધર્મને ઈચ્છતા નથી.
4. મહાવીર ભગવાન ગૌતમ સ્વામીને બોલાવે છે.
5. આ રસોઈયો સારી રીતે રાંધે છે.
6. ચન્દનબાળાની જેમ તે સત્ય જ બોલે છે, અસત્યને નહીં જ.
7. હું ભગવાનને પૂજું છું, અજ્ઞાનને છોડું છું અને ધર્મને આચરું છું.
8. ચંદનબાળા અનુજ્ઞાને ઈચ્છે છે અને ભગવાન મહાવીર આપે છે.
9. સૂર્ય પ્રકાશને આપે છે, તેથી લોકો જીવે છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. ईश्वरो महावीरः असत्यं वर्जयति / त्यजति ।
2. चन्दनबाला प्रबलात् दुःखात् अपि धर्मं न त्यजति ।
3. स सूदः सुखेन पचति ।
4. मयूरो मेघमिच्छति ।
5. ईश्वरात् महावीरात् अनुज्ञामिच्छति चन्दनबाला ।
6. जिनो महावीरस्सत्यं प्ररूपयति, किन्त्वप्रियं सत्यं न प्ररूपयति ।
7. शठाः विमृशन्ति, पश्चात् जल्पन्ति, पश्चात् द्रुह्यन्ति, ततः ते दुष्यन्ति ।
8. जिनो महावीरः, ईश्वरो नेमिः, गौतमः चन्दनबाला च सिध्यन्ति ।
9. जिनो महावीरो नाऽपेक्षते, तस्मात् सः न दुःखमधिगच्छति ।

**[3] સંધિ :-**

1. महावीरस्सृजति ।
2. यतिर्जीवति ।
3. जना अर्पयन्ति ।
4. बालाश्चेच्छन्ति ।
5. महावीर ईश्वरोऽस्ति ।

[4] [A] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળશબ્દ | લિંગ | વિભક્તિ | વચન | વિભક્તિનું નામ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | वृक्षैः | वृक्ष | પુંલ્લિંગ | ૩ | ૩ | કરણ | વૃક્ષોથી |
| 2. | दानवौ | दानव | પુંલ્લિંગ | ૨ | ૨ | કર્મ | બે દાનવોને |
| 3. | पर्वताः | पर्वत | પુંલ્લિંગ | ૧ | ૩ | કર્તા | પર્વતો |
| 4. | देवात् | देव | પુંલ્લિંગ | ૫ | ૧ | અપાદાન | દેવ પાસેથી |
| 5. | मानवाय | मानव | પુંલ્લિંગ | ૪ | ૧ | સંપ્રદાન | માનવ માટે |

[B]

| નં. | અર્થ | રૂપ | મૂળશબ્દ | લિંગ | વિભક્તિ | વચન | વિભક્તિનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | વિદ્યાર્થીઓને | छात्रान् | छात्र | પુંલ્લિંગ | ૨ | ૩ | કર્મ |
| 2. | કોદાળીઓ | खनित्राणि | खनित्र | નપુંસકલિંગ | ૧ | ૩ | કર્તા |
| 3. | ખેતરોને | क्षेत्राणि | क्षेत्र | નપુંસકલિંગ | ૨ | ૩ | કર્મ |
| 4. | બાળકને | बालम् | बाल | પુંલ્લિંગ | ૨ | ૧ | કર્મ |
| 5. | પ્રકાશ માટે | प्रकाशाय | प्रकाश | પુંલ્લિંગ | ૪ | ૧ | સંપ્રદાન |

[5] રૂપ :-

| | | | |
|---|---|---|---|
| 1. | अस्मि | स्वः | स्मः |
| | असि | स्थः | स्थ |
| | अस्ति | स्तः | सन्ति |
| 2. | प्रेक्षे | प्रेक्षावहे | प्रेक्षामहे |
| | प्रेक्षसे | प्रेक्षेथे | प्रेक्षध्वे |
| | प्रेक्षते | प्रेक्षेते | प्रेक्षन्ते |
| 3. | कम्पे | कम्पावहे | कम्पामहे |
| | कम्पसे | कम्पेथे | कम्पध्वे |
| | कम्पते | कम्पेते | कम्पन्ते |

❋ ❋ ❋

# પાઠ - ૧૦

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. હે ઋષિદત્તા ! મૂંગી એવી તું[=મૂંગી-મૂંગી] ઝડપથી ક્યાં જાય છે ?
2. શિકારી કાગડા ઉપર તીરને ફેંકે છે. પણ, તીર ત્યાં પડતું જ નથી.
3. જ્યાં આપણું આધ્યાત્મિક હિત છે ત્યાં જ આદિનાથ ભગવાન આપણને લઈ જાય છે. તેથી તે આપણા સારથિ છે.
4. ભરત આદિનાથ ભગવાનને ઝૂકી પડે છે અને તેથી તે હિતને મેળવે છે.
5. શિકારી ભૂંડને અને તેના અવયવોને મારે છે - આ [પ્રમાણે] તેની ધૃષ્ટતા છે.
6. ભરત [ચક્રવર્તી] મોક્ષ માટે પ્રયત્ન કરે છે. તેથી તે જુવાન સ્ત્રીને પણ જોતા નથી. દુશ્મન પણ તેના અતિથિ-મહેમાન છે.
7. સંપ્રતિની સેના બાણો અને શસ્ત્રો વડે યુદ્ધ મેદાનમાં દુશ્મનોને મારે છે.
8. ભાત મારું ઔષધ છે.
9. ગજસુકુમાલ મુનિ નેમિનાથ ભગવાન પાસેથી અનુજ્ઞાને માંગે છે.
10. જેમ સૂર્યનું આભૂષણ પ્રકાશ છે, [શરીરનું=] અંગનું આભૂષણ સોનું અને મણિ છે તેવી જ રીતે આદિનાથ ભગવાનનું આભૂષણ ઉપદેશનું દાન અને ઉપકાર છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. गजसुकुमालो मुनिरहितात्कम्पते ।
2. पृथ्व्यां सदा धनाय कलयो जायन्ते ।
3. भरतोऽतिथीन् न शङ्कते ।
4. सुलसोत्कण्ठया प्रतिमामीक्षते वन्दते च ।
5. असङ्ख्येयाः वायसा जलं मृगयन्ते, जलाय च युध्यन्तेऽपि ।
6. यथा यथा जनः प्रभूतं धनं लभते तथा तथा दुःखमहितञ्च विन्दते।
7. आदिनाथस्येश्वरस्योपदेशस्योद्योगः सुवर्णस्य मणेश्चोद्योग इवास्ति ।
8. स वायसं व्याधस्य शराद् रक्षति ततस्तस्मिन् वैयात्यं नास्ति ।
9. मुनीनां वसुधैव कुटुम्बकम् ।
10. सः मुनेः गात्राणि ताडयति, किन्तु मुनिः न कम्पते, न क्रुध्यति न युध्यते वा ।

[3] [A] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળધાતુ | પુરુષ | વચન | ગણ | પદ | કાળ | પ્રત્યય | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | आह्वयावः | आ+ह्वे(ह्वय्) | ૧ | ૨ | ૧ | પ.પ. | વ.કા. | वः | અમે બે બોલાવીએ છીએ |
| 2. | उपनयथः | उप+नी(नय्) | ૨ | ૨ | ૧ | પ.પ. | વ.કા. | थः | તમે બે પાસે લઈ જાઓ છો |
| 3. | अधिगच्छन्ति | अधि+गम्(गच्छ्) | ૩ | ૩ | ૧ | પ.પ. | વ.કા. | अन्ति | તેઓ મેળવે છે |
| 4. | क्षालयसि | क्षल्(क्षाल्) | ૨ | ૧ | ૧૦ | ઉ.પ. | વ.કા. | सि | તું ધોવે છે |
| 5. | अर्पयथ | अर्प् | ૨ | ૩ | ૧૦ | ઉ.પ. | વ.કા. | थ | તમે આપો છો |

[B]

| નં. | ગુજરાતી અર્થ | રૂપ | મૂળધાતુ | ગણ | પુરુષ | વચન | પદ | કાળ | પ્રત્યય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | અમે બે શોક કરીએ છીએ | शोचावः | शुच् | ૧ | ૧ | ૨ | પ.પ | વ.કા. | वः |
| 2. | તેઓ તરે છે | तरन्ति | तॄ(तर्) | ૧ | ૩ | ૩ | પ.પ | વ.કા. | अन्ति |
| 3. | તમે બે હરો છો | हरथः | हृ(हर्) | ૧ | ૨ | ૨ | પ.પ | વ.કા. | थः |
| 4. | હું શોષાઉં છું | शुष्यामि | शुष् | ૪ | ૧ | ૧ | પ.પ | વ.કા. | मि |
| 5. | તે બે રોષે ભરાય છે | रुष्यतः | रुष् | ૪ | ૩ | ૨ | પ.પ | વ.કા. | तः |

[C]

| નં. | રૂપ | ગુજરાતી અર્થ | મૂળશબ્દ | વિભક્તિ | વિભક્તિનું નામ | વચન | લિંગ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | अप्रियाभ्याम् | બે અપ્રિયો વડે | अप्रिय | ૩ | કરણ | ૨ | વિશેષણ |
| 2. | प्रबलेषु | પ્રબળોમાં | प्रबल | ૭ | અધિકરણ | ૩ | વિશેષણ |
| 3. | नेमये | નેમિનાથ ભગવાન માટે | नेमि | ૪ | સંપ્રદાન | ૧ | પુંલ્લિંગ |
| 4. | मोक्षात् | મોક્ષમાંથી | मोक्ष | ૫ | અપાદાન | ૧ | પુંલ્લિંગ |
| 5. | उद्योगे | ઉદ્યોગમાં | उद्योग | ૭ | અધિકરણ | ૧ | પુંલ્લિંગ |

[D]

| નં. | ગુજરાતી અર્થ | રૂપ | મૂળશબ્દ | વિભક્તિ | વિભક્તિનું નામ | વચન | લિંગ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | બે યુદ્ધભૂમિ માટે | समराङ्गणाभ्याम् | समराङ्गण | ૪ | સંપ્રદાન | ૨ | નપું. |
| 2. | અવયવોમાંથી | गात्रेभ्यः | गात्र | ૫ | અપાદાન | ૩ | નપું. |
| 3. | ધૃષ્ટતાને લીધે | वैयात्यात् | वैयात्य | ૫ | અપાદાન | ૧ | નપું. |
| 4. | ભમરાઓમાં | अलिषु | अलि | ૭ | અધિકરણ | ૩ | પું. |
| 5. | ઝઘડાઓનું | कलीनाम् | कलि | ૬ | સંબંધ | ૩ | પું. |

[4] સંધિ :-

1. एतत्कक्षा - નિ. ૧
2. भवनादानयति - નિ. ૨
3. सन्नेता - નિ. ૩
4. भगवन्मयः - નિ. ૩
5. भगवन्नत्र - નિ. ૯

# પાઠ - ૧૧

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. શ્રાવકો ધંધાથી નીતિ દ્વારા પૈસાને મેળવે છે. આથી જેઓ નીતિથી[પૂર્વક] ધંધાને આચરે[કરે] છે તેઓ પૈસાને મેળવે છે.
2. તીર્થંકર મહાવીર અનાર્યોની ધૃષ્ટતાને પણ સહન કરે છે.
3. જે નોકરોના પણ અપરાધોને માફ કરે છે, જે દુશ્મનોને પણ ભેટે છે અને જે સંકટોથી ધ્રૂજતા નથી, પરંતુ સંકટોને સારી રીતે સહન કરે છે તે આદિનાથ ભગવાન છે. આથી જ તે પાપોને ફાડે છે અને મોક્ષને મેળવે છે.
4. મેતારજ મુનિ પ્રાણને છોડે છે, પણ જેનાથી હિંસા થાય તેવું નથી જ બોલતા.
5. હોંશિયારો સત્ય જ બોલે છે અસત્ય નથી બોલતા. આથી જે સાચું બોલે છે તે પ્રાજ્ઞ છે[અને] જે પ્રાજ્ઞ છે તે સાચું જ બોલે છે.
6. પાર્શ્વનાથ ભગવાન 'જે વંદન કરે છે અને જે મારે છે' - તે બંનેને સમાન જ માને છે.
7. શ્રેણિકરાજાના દીકરા મેઘકુમારને ભગવાન મહાવીર ઉપદેશ આપે છે. આથી તે હમણાં ફરીથી પણ ઉલ્લાસથી ધર્મને આચરે છે. અહો ! ભગવાન મહાવીરના ઉપદેશનો મહિમા !
8. જેઓ તીર્થંકરોના ઉપદેશને શ્રદ્ધાથી આચરે છે અને તીર્થંકર ભગવાનનો જાપ કરે છે તે ભરત મહારાજાની જેમ તાત્કાલિક મોક્ષમાં જાય છે.
9. 'જે પોતાનું તે સાચું. જે પોતાનું નહીં તે સાચું નહીં' - આ પ્રમાણે મૂર્ખાઓની ધૃષ્ટતા છે. 'જે સાચું અને જેમાં વિશ્વનું હિત છે તે પોતાનું. જે ખોટું છે અને જેમાં વિશ્વનું અહિત છે તે પોતાનું નથી' - એ પ્રમાણે પ્રાજ્ઞ પુરુષો માને છે.
10. પંડિત માણસોનો ધર્મમાં ઉલ્લાસ હોય છે. મૂર્ખાઓનો અને અનાર્યોનો ઉલ્લાસ અપરાધમાં જ હોય છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. यः कुमारपालः विश्वेऽहिंसामिच्छति तस्यैव कुमारपालस्य पाणौ समराङ्गणे अनार्याणां विनाशायाऽसिः शोभते । यतस्तद्युद्धमनार्याणां विनाशायाऽस्ति ततस्तद्युद्धं सत्यमस्ति ।

2. त्वां स ताडयति, तवाऽपराधो नास्ति तथापि त्वं सहसे तदेव सत्यमस्ति, यत इत्येव महावीरो जिनः प्ररूपयति / उपदिशति ।
3. ऋषिस्सुवर्णमुपलञ्च समाना एव मन्यते ।
4. अनार्या एव स्वीयान् भृत्यान् पीडयन्ति ।
5. यो हिंसामाचरति सोऽनार्योऽस्ति, योऽनार्यो नास्ति स हिंसां नाचरति, अतः / ततः कुमारपालः सम्प्रतिश्च हिंसां नाचरतः ।
6. विश्वेऽहिंसा धर्मोऽस्ति हिंसा च पापमस्ति ।
7. ये सङ्कटेऽप्युल्लासेन धर्ममाचरन्ति न्यायं न त्यजन्ति ते प्राज्ञास्सन्ति । तथा ये धर्मं त्यजन्ति न्यायञ्चाऽपि त्यजन्ति ते मूर्खास्सन्ति । स्थूलिभद्रस्य कुटुम्बके यक्षा, यक्षदत्ता, भूता, भूतदत्ता, सेणा, वेणा, रेणा श्रीयकश्च सङ्कटेऽपि धर्मं न त्यजन्ति, ततः ते प्राज्ञास्सन्ति ।
8. मुनयः जिनस्य महावीरस्य पुत्रा इव सन्ति ।
9. ईश्वराद् महावीराद्विश्वं शोभते, यतः जिनो महावीरः सहते, न क्रुध्यति, क्षाम्यति सत्यञ्च वदति ।
10. न्यायेनाऽहिंसया धर्मस्य श्रद्धया चैव धनं वर्धते ।

[3] ખાલી જગ્યાના જવાબો :-

1. यया-<u>तया</u> 2. या-<u>सा</u> 3. ये-<u>ते</u> 4. तानि-<u>यानि</u> 5. यासु-<u>तासु</u>

[4] જોડેલા જોડકા :-

| | A | | B | | A | | B |
|---|---|---|---|---|---|---|---|
| 1. | यः | - | सः | 9. | यस्मिन् | - | तस्मिन् |
| 2. | यम् | - | तम् | 10. | यौ | - | तौ |
| 3. | यस्य | - | तस्य | 11. | येभ्यः | - | तेभ्यः |
| 4. | येषाम् | - | तेषाम् | 12. | यस्मात् | - | तस्मात् |
| 5. | ययोः | - | तयोः | 13. | ये | - | ते |
| 6. | यस्मै | - | तस्मै | 14. | येषु | - | तेषु |
| 7. | याभ्याम् | - | ताभ्याम् | 15. | यैः | - | तैः |
| 8. | यान् | - | तान् | 16. | येन | - | तेन |

[5] જોડેલા જોડકા :-

1. ઘડપણમાં = जरा - સપ્તમી વિભક્તિ એકવચન
2. તેજને કારણે = प्रभा - પંચમી વિભક્તિ એકવચન
3. પથ્થરનું = उपल - ષષ્ઠી વિભક્તિ એકવચન
4. આફતોને = सङ्कट - દ્વિતીયા વિભક્તિ બહુવચન
5. તું હોય છે = वृत् - દ્વિતીય પુરુષ એકવચન
6. સાધુઓ માટે = ऋषि - ચતુર્થી વિભક્તિ બહુવચન
7. બે હોંશિયાર = प्राज्ञ - પ્રથમા વિભક્તિ દ્વિવચન
8. અમે ઊભા થઈએ છીએ = उद्+स्था - પ્રથમ પુરુષ બહુવચન
9. તે બે પ્રહાર કરે છે = प्र+हृ - તૃતીય પુરુષ દ્વિવચન

[6] રૂપ :-

1. सेणयोः 2. उपलम् 3. जरे !

[7] [A] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | ગણ | પદ | પ્રત્યય | વચન | પુરુષ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | तृप्यसि | तृप् | ૪ | પ.પ. | सि | ૧ | ૨ | તું તૃપ્ત થાય છે. |
| 2. | उत्तिष्ठति | उद्+स्था | ૧ | પ.પ. | ति | ૧ | ૩ | તે ઊઠે છે. |
| 3. | शोभे | शुभ् | ૧ | આ.પ. | ए | ૧ | ૧ | હું શોભું છું. |
| 4. | वर्णयावः | वर्ण् | ૧૦ | ઉ.પ. | वः | ૨ | ૧ | અમે બે પ્રશંસા કરીએ છીએ. |
| 5. | तुदन्ति | तुद् | ૬ | પ.પ. | अन्ति | ૩ | ૩ | તેઓ પીડે છે. |

[B]

| નં. | રૂપ | મૂળશબ્દ | લિંગ | વિભક્તિ | વચન | વિભક્તિનું નામ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | भूतायै | भूता | સ્ત્રીલિંગ | ૪ | ૧ | સંપ્રદાન | ભૂતા માટે |
| 2. | रेणायाम् | रेणा | સ્ત્રીલિંગ | ૭ | ૧ | અધિકરણ | રેણામાં |
| 3. | तादृशान् | तादृश | વિશેષણ | ૨ | ૩ | કર્મ | તેવાઓને |
| 4. | वेणाभ्यः | वेणा | સ્ત્રીલિંગ | ૫ | ૩ | અપાદાન | વેણાઓમાંથી |
| 5. | शवाभ्याम् | शव | પુંલ્લિંગ | ૩ | ૨ | કરણ | બે મડદા વડે |

[8] રૂપ :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. मन्ये | मन्यावहे | मन्यामहे | 2. वर्धे | वर्धावहे | वर्धामहे |
| मन्यसे | मन्येथे | मन्यध्वे | वर्धसे | वर्धेथे | वर्धध्वे |
| मन्यते | मन्येते | मन्यन्ते | वर्धते | वर्धेते | वर्धन्ते |

[9] સંધિ :-

1. कूर्माणाम्
2. श्रावकाणाम्
3. इन्द्रजिच्च्वेतः
4. बालेषु
5. आच्छेदः

※ ※ ※

## સંસ્કૃત > English

અંગ્રેજી ભાષામાં વર્તમાનકૃદન્ત કરવા માટે 'ing' પ્રત્યય લાગે છે. 'ing'નો ઉચ્ચાર થાય : 'ઇન્ગ્'. વર્તમાનકૃદન્તનો સંસ્કૃત પ્રત્યય છે - 'अन्'. અર્થાત્ સંસ્કૃતમાં વર્તમાનકૃદંતાંત પદ પાછળ 'अन्' જોવા મળે છે. જેમકે 'भ्रमन्', 'विरमन्', 'हसन्'... ઇત્યાદિમાં. Walking, Writing, Playing... ઇત્યાદિ શબ્દોમાં જુવો अन् કેવો કપડા બદલી ગોઠવાઈ ગયો છે !

હજુ એક વાત : કૃદંતનો 'अत्' લગાવતા પૂર્વના 'अ'નો લોપ થાય. મતલબ 'आत्'ન થાય પણ 'अत्' જ રહે. તેવી રીતે Write જેવા શબ્દોમાં પણ અંત્ય 'e'નો લોપ કરવો 'ing' લગાડતા પહેલા જરૂરી છે.

મિત્રો ! ફરક તો ઘણો બધો પડી ગયો છે. તેની ના નથી. પણ, વિચારો એ રીતે કે આટલા વર્ષો પછી પણ સંસ્કૃતનું મૂળભૂત તેજ હજુ Englishમાં ધરબાયેલું છે... જે ઊડીને આંખે વળગે છે, વિચારીએ તો.

ભાષા, બોલનાર - લખનાર વ્યક્તિની સંસ્કૃતિ - અસ્મિતા વગેરેના આધારે પલટા લે છે. આથી મૂળભૂત પોત ઘણું જ ઢંકાઈ જાય છે. ખુદ અંગ્રેજી ભાષા પણ એટલી બદલાય છે કે આજથી ૨૦૦ વર્ષ પૂર્વેની અંગ્રેજી વાંચવી અઘરી પડે છે.

# પાઠ - ૧૨

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. જગતમાં કોણ તેવો મૂર્ખ છે ? જે હિંસાને આચરે છે અને હિંસાથી સુખ માને છે.
2. વિશ્વમાં તીર્થંકર સમાન કોણ નાયક છે ? કોઈ પણ નથી.
3. કોણ ઝડપથી દોડે છે ? આ બાળક ઝડપથી દોડે છે અને આ બાળક ધીમે દોડે છે.
4. તું કોના માટે પૈસા કમાય છે ?
5. મારા બે હાથ વડે જ હું ભગવાનને પૂજું છું. તેથી હું ઘણા સુખને મેળવું છું.
6. અસંખ્ય તારાઓ આકાશમાં છે. તે દેવતાઓના વાહનો છે.
7. પાઠશાળામાં જે બાળક કાયમ જતો હોય તે બાળક પ્રાજ્ઞ છે.
8. આ બે બાળકમાં શું તફાવત છે ?
9. જે બાળક ઝડપથી સંસ્કૃત ભણે છે તે હોંશિયાર છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. कृष्णो हस्तेन शरं क्षिपति ।
2. जिनस्य प्रतिमायाश्शीतलता स्रंसते ।
3. सम्प्रतेराज्ञया सुवर्णकारः सुवर्णात्प्रतिमां रचयति ।
4. ते कूपादुदकमानयन्ति ।
5. शिशिरान्ते वृक्षात्पर्णानि स्रंसन्ते ।
6. हेमचन्द्राचार्यः कुमारपालमुपदिशति, ततस्सोऽहिंसामाचरति ।
7. सदा संयोगाद्वियोगो जायत एव ।
8. पार्श्वनाथस्तीर्थङ्कर उपदेशस्य दानेन / उपदेशेन मोक्षं विन्दते ।
9. इयं सेणा काऽस्ति ? सेणा स्थूलिभद्रस्य श्रीयकस्य च सौदर्याऽस्ति ।
10. कस्मै त्वमिदं भोजनं पचसि ?
11. ते कस्य क्षेत्रं कृषन्ति ?
12. कुमारपालः कोऽस्ति ? कुमारपालो राजाऽपि श्रावकोऽप्यस्ति ।
13. एनयोः स्थूलिभद्रस्य सौदर्या काऽस्ति ?
14. स्वीयाभ्यामाभ्यां सौदर्याभ्यां श्रीयकः किमानयति ?
15. एषान्नराणां धनानि तस्करश्चोरयति ।

[3] સાચા જવાબો :-

[A] રૂપ :-

1. लाङ्गूलयोः
2. आचारात्
3. तस्करैः
4. नरौ
5. ✓

[B] વિભક્તિ - વચન :-

1. ૭ - ૧
2. ૭ - ૩
3. ૮ - ૧
4. ૭ - ૩
5. ૫ - ૧

[C] રૂપ :-

1. निषूदयामहे
2. अनुरुध्यसे
3. रमेते

[D] પુરુષ / વચન :-

1. ૩ - ૩
2. ૨ - ૩
3. ૧ - ૩

[4] જોડેલા જોડકા :-

| | A | | B | | C |
|---|---|---|---|---|---|
| 1. | તમે બે ખરી પડો છો. | = | स्रंस् | – | દ્વિતીય પુરુષ દ્વિવચન |
| 2. | કૃપાને કારણે | = | प्रसाद | – | અપાદાન એકવચન |
| 3. | ખાલી જગ્યામાં | = | अवकाश | – | અધિકરણ એકવચન |
| 4. | બે માણસ માટે | = | नर | – | સંપ્રદાન દ્વિવચન |
| 5. | હવેલીઓમાં | = | हर्म्य | – | અધિકરણ બહુવચન |
| 6. | બરફને | = | हिम | – | કર્મ એકવચન |
| 7. | તેઓ નાશ કરે છે. | = | नि + सूद् | – | તૃતીય પુરુષ બહુવચન |
| 8. | આ બેને કારણે | = | इदम् | – | અપાદાન દ્વિવચન |
| 9. | આ બધાંને માટે | = | इदम् | – | સંપ્રદાય બહુવચન |

[5] સંધિ :- [નિયમ સ્વયં સમજી લેવા.]

1. संस्कारः 2. मुनी रोहति 3. निष्पतति 4. वनाज्जायते 5. जिनो रक्षति ।

[6] [A] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | ગણ | પદ | प्रत्यय | વચન | પુરુષ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | श्लाघन्ते | श्लाघ् | ૧ | આ.પ. | अन्ते | ૩ | ૩ | તેઓ વખાણે છે. |
| 2. | अनुरुध्यावहे | अनु+रुध् | ૪ | આ.પ. | वहे | ૨ | ૧ | અમે બે આગ્રહ કરીએ છીએ. |
| 3. | अवतरथः | अव+तृ | ૧ | પ.પ. | थः | ૨ | ૨ | તમે બે ઓળંગો છો. |
| 4. | अर्जतः | अर्ज् | ૧ | પ.પ. | तः | ૨ | ૩ | તે બે કમાય છે. |
| 5. | स्थ | अस् | ૨ | ઉ.પ. | थ | ૩ | ૨ | તમે બધાં છો. |

[B] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળ શબ્દ | લિંગ | વિભક્તિ | વચન | વિભક્તિનું નામ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | × | वस्तुतः | × | × | × | × | વાસ્તવમાં |
| 2. | ज्योत्स्नायाम् | ज्योत्स्ना | સ્ત્રીલિંગ | ૭ | ૧ | અધિકરણ | ચાંદનીમાં |
| 3. | अवधीरणायाः | अवधीरणा | સ્ત્રીલિંગ | ૫ | ૧ | અપાદાન | તિરસ્કારને લીધે |
| 4. | पाठशालाः | पाठशाला | સ્ત્રીલિંગ | ૨ | ૩ | કર્મ | પાઠશાળાઓને |
| 5. | × | सदा | × | × | × | × | કાયમ |

[7] રૂપ :-

| | | | |
|---|---|---|---|
| 1. | अयम् | इमौ | इमे |
| | इमम् / एनम् | इमौ / एनौ | इमान् / एनान् |
| | अनेन / एनेन | आभ्याम् | एभिः |
| | अस्मै | ,, | एभ्यः |
| | अस्मात् | ,, | ,, |
| | अस्य | अनयोः / एनयोः | एषाम् |
| | अस्मिन् | ,, | एषु |
| 2. | इयम् | इमे | इमाः |
| | इमाम् / एनाम् | इमे / एने | इमाः / एनाः |
| | अनया / एनया | आभ्याम् | आभिः |
| | अस्यै | ,, | आभ्यः |
| | अस्याः | ,, | ,, |
| | ,, | अनयोः / एनयोः | आसाम् |
| | अस्याम् | ,, | आसु |

[8] ધાતુના રૂપ :-

| | | | |
|---|---|---|---|
| 1. | निर्गच्छामि | निर्गच्छावः | निर्गच्छामः |
| | निर्गच्छसि | निर्गच्छथः | निर्गच्छथ |
| | निर्गच्छति | निर्गच्छतः | निर्गच्छन्ति |
| 2. | अवधीरये | अवधीरयावहे | अवधीरयामहे |
| | अवधीरयसे | अवधीरयेथे | अवधीरयध्वे |
| | अवधीरयते | अवधीरयेते | अवधीरयन्ते |

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. દોષો આપણા કેવલજ્ઞાનના દેવાદાર છે. [અર્થાત્ આપણે દોષો પાસેથી કેવલજ્ઞાનના લેણદાર છીએ, દોષોએ આપણા કેવલજ્ઞાનને દબાવેલું છે.]
2. આ બધીય સ્થૂલિભદ્રની બહેનો દીક્ષા પછી સંસારને સ્મરતી નથી અને તેથી સુખને મેળવે છે.
3. જેમ મોરને વાદળો ગમે છે તેમ જો આપણને ભગવાન ગમે તો આપણે મોક્ષને મેળવીએ.
4. આ બધાં પણ યાત્રા માટે ગિરનાર જાય છે. અમે પણ ગિરનાર જ જઈએ છીએ.
5. ધર્મ ભવ્યને જ ગમે છે, બધાંને નહીં.
6. હે રથનેમિ ! હું તને કહું છું કે 'તું આ [વાત] કોઈને પણ નહીં કહે તો પણ ભગવાન [નેમિનાથ] આ બધું જાણે જ છે.'
7. નેમિનાથ ભગવાન ગિરનાર ઉપર ચઢે છે ત્યાં દીક્ષા લે છે અને ત્યાં જ કેવલજ્ઞાનને મેળવે છે.
8. સ્વજનો કે જ્ઞાતિવાળા મરણ પછી કોઈને પણ યાદ કરતા નથી. આથી આવા સંસારને જે સારી રીતે છોડે છે તે ભવ્ય અને પ્રાજ્ઞ છે.
9. દુ:ખો અને કષ્ટોથી ભયંકર આ સંસાર છે.[આ] સંસારમાં કંઈ પણ સાર નથી.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. एते प्राज्ञाः प्रत्यहं जिनालयमिष्यन्ति ।
2. महावीरो जिनो राजगृहनगरं गच्छति सर्वांश्च जनानुपदिशति ।
3. भरतो नृपतिः प्रत्यहं सर्वेभ्यः श्रावकेभ्यः भोजनं यच्छति ।
4. मोक्षोऽस्मभ्यं रोचते, वयं मोक्षाय स्पृहयामः ।
5. मुनयः सर्वेभ्यः सम्प्रतेः नृपतेः कथां कथयन्ति ।
6. शत्रुञ्जयाय गिरये वयमारोहामः, यः शत्रुञ्जयं गिरिमारोहति तं वा पश्यति स भव्यः ।
7. भवितव्यता स्तोकादेव धर्मात् प्रभूतं पुण्यं प्रतियच्छति ।

8. शालिभद्र इव धन्य इव च यो मुनिभ्यः भोजनं यच्छति स प्रभूतं सुखं विन्दते ।

9. यो नान्यस्मै कस्मा अपि कुप्यति, किन्तु स्वीयेषु दोषेषु एव क्रुध्यति स मोक्षं विन्दते ।

[3] [A] ખૂટતી વિગતો :-

| નં. | ગુજરાતી અર્થ | સંસ્કૃતધાતુ | ગણ | પદ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ચઢવું | आ+रुह् | ૧ | પ.પ. | ૩ | आरोहति | आरोहतः | आरोहन्ति |
| 2. | ચિત્ર દોરવું | वि+लिख् | ૬ | પ.પ. | ૧ | विलिखामि | विलिखावः | विलिखामः |
| 3. | સંભાળવું | तन्त्र् | ૧૦ | આ.પ. | ૨ | तन्त्रयसे | तन्त्रयेथे | तन्त्रयध्वे |
| 4. | વિદ્યમાન હોવું | विद् | ૪ | આ.પ. | ૧ | विद्ये | विद्यावहे | विद्यामहे |
| 5. | અવજ્ઞા કરવી | अव+मन् | ૪ | આ.પ. | ૩ | अवमन्यते | अवमन्येते | अवमन्यन्ते |

[B]

| નં. | ગુજરાતી અર્થ | સંસ્કૃત શબ્દ | લિંગ | વિભક્તિ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|
| 1. | સગાવહાલા | स्वजन | પુંલ્લિંગ | ૧ | स्वजनः | स्वजनौ | स्वजनाः |
| 2. | જાત્રા | यात्रा | સ્ત્રીલિંગ | ૬ | यात्रायाः | यात्रयोः | यात्राणाम् |
| 3. | પુણ્યકર્મ | पुण्य | નપુંસકલિંગ | ૮ | पुण्य ! | पुण्ये ! | पुण्यानि ! |
| 4. | બે | उभय | સર્વનામ | ૭ | उभयस्मिन् | उभययोः | उभयेषु |
| 5. | થોડું | स्तोक | વિશેષણ | ૫ | स्तोकात् | स्तोकाभ्याम् | स्तोकेभ्यः |

[4] સુધારેલા જવાબો :-

1. ✓ 2. पर्वतमधितिष्ठामः । 3. ✓ 4. जिनः सर्वेभ्यः यच्छति
5. सम्प्रतिः दोषे सङ्कुप्यति ।

[5] રૂપ :-

1. गिरनारेभ्यः 2. अभव्यौ ! 3. ज्ञातेः 4. भोजने 5. भवितव्यतया

[6] રૂપ :-

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | उभयः | उभयौ | उभये | 2. निर्दिशे | निर्दिशावहे | निर्दिशामहे |
| | उभयम् | ,, | उभयान् | निर्दिशसे | निर्दिशेथे | निर्दिशध्वे |
| | उभयेन | उभयाभ्याम् | उभयैः | निर्दिशते | निर्दिशेते | निर्दिशन्ते |
| | उभयस्मै | ,, | उभयेभ्यः | 3. प्रार्थये | प्रार्थयावहे | प्रार्थयामहे |
| | उभयस्मात् | ,, | ,, | प्रार्थयसे | प्रार्थयेथे | प्रार्थयध्वे |
| | उभयस्य | उभययोः | उभयानाम् | प्रार्थयते | प्रार्थयेते | प्रार्थयन्ते |
| | उभयस्मिन् | ,, | उभयेषु | | | |

[7] જોડેલા જોડકા :-

| | A | B | C |
|---|---|---|---|
| 1. | તમે બે બદલામાં આપો છો. | = प्रति+यच्छ् | - (प्रतियच्छथः) દ્વિતીયપુરુષ દ્વિવચન |
| 2. | અમે બધાં ચિત્ર દોરીએ છીએ. | = वि+लिख् | - (विलिखामः) પ્રથમ પુરુષ બહુવચન |
| 3. | તે થાય છે. | = विद् | - (विद्यते) તૃતીયપુરુષ એકવચન |
| 4. | બીજાઓ માટે | = अन्य | - (अन्येभ्यः) સંપ્રદાન બહુવચન |
| 5. | ભયંકર હોવાથી | = रौद्र | - (रौद्रात्) અપાદાન એકવચન |
| 6. | બે ચોરોથી | = तस्कर | - (तस्कराभ्याम्) કરણ દ્વિવચન |
| 7. | કૂવામાં | = कूप | - (कूपे) અધિકરણ એકવચન |
| 8. | હે આગેવાનો ! | = नायक | - (नायकाः!) સંબોધન બહુવચન |
| 9. | ઠંડકને લીધે | = शीतलता | - (शीतलतायाः) અપાદાન એકવચન |

✻ ✻ ✻

## સંસ્કૃત > English

મિત્રો !

બીજી ભાષાઓ કેવા અણધાર્યા પલટા લઈ શકે છે તેનું સચોટ ઉદાહરણ અંગ્રેજી ભાષાનો ફક્ત એક શબ્દ આપે છે - **Juggernaut** (જગર્નોટ). આ શબ્દ અંગ્રેજી ભાષાએ કંઈ રીતે અપનાવ્યો તેની તદ્દન અવિશ્વસનીય લાગતી, છતાં સંપૂર્ણપણે વિશ્વસનીય કથા વાંચો :

માર્ગમાં આવતી દરેક વસ્તુનો કે વ્યક્તિનો ખુરદો કાઢી નાંખતી પ્રચંડ શક્તિને જગર્નોટ કહે છે. વિરાટકદના વાહનને પણ જગર્નોટ તરીકે ઓળખવાની પ્રથા છે. ખાસ કરીને એવું વાહન કે જે બુલડોઝર જેવું સંહારક લાગે.

આ શબ્દ મોટે ભાગે અલંકાર રૂપે વપરાય છે. વાક્ય પ્રયોગ : **Indian juggernaut destroys Sri Lanka's batting line up.** આવા વાક્યનો તળપદી *ગુજરાતી અનુવાદ :* ભારતીય બોલરોએ શ્રીલંકાના બેટ્સમેનોને ચારોંખાને ચિત્ત (બધી રીતે પરાસ્ત) કરી દીધા.

અંગ્રેજી ભાષામાં આવો ડરામણો શબ્દ આવ્યો ક્યાંથી ? ખુલાસો આ જ કોલમમાં આગળ...

# પાઠ - ૧૪

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. જેમ રાત્રે તારાઓમાં શ્રેષ્ઠ ચંદ્ર શોભે છે તેવી જ રીતે પૃથ્વી ઉપર માણસોમાં શ્રેષ્ઠ ભગવાન મહાવીર શોભે છે.
2. ગુરુના વિનય વિના મોક્ષ નથી જ થતો.
3. જેમ વૃક્ષ ઉપરથી પાંદડા પડે છે તેમ તેની આંખમાંથી આંસુઓ પડે છે.
4. પૃથ્વી ઉપર સૂર્ય વિના પ્રકાશ નથી આવતો.
5. પુરુષાર્થ વિના સફળતા ક્યાંથી ?
6. દયા વિના ખરેખર ધર્મ સંભવિત નથી.
7. અભવ્યોને ઉપદેશ આપવાથી સર્યું ! કારણ કે તેઓ કંઈ પણ સારી રીતે આચરતા નથી.
8. બાળક પિતાની સાથે જ જાય છે, નહીં કે પિતાજી વિના. કારણ કે બાળકને પિતાજી ઉપર અત્યંત સ્નેહ છે.
9. ગુરુ હંમેશા શિષ્યનું હિત જ ઈચ્છે છે. આથી ગુરુના વિનયથી શિષ્યો તાત્કાલિક મોક્ષને મેળવે છે. તેથી વિનય ગુણોમાં શ્રેષ્ઠ છે.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. आदिनाथाय जिनाय नमः ।
2. स्वस्ति / भद्रं विश्वाय सर्वस्मै ।
3. पङ्कात् कीटका अपि जायन्ते, किन्तु जनाः कमलमेव पङ्कजं कथयन्ति न तु कीटकान् ।
4. साधूनां चौरात् / तस्करात् व्याघ्रात् सङ्कटेभ्यो वा न भयं विद्यते किन्तु दोषेभ्यो भयं विद्यते ।
5. नेत्रेण काणः पादेन खञ्जः जनोऽपि यदि भव्यो भवति तदा मोक्षं लभते किन्तु अभव्यो न कदापि मोक्षं विन्दते ।
6. कुलेषु यथाऽऽदिनाथस्य जिनस्य कुलं श्रेष्ठमस्ति, पुष्पेषु पङ्कजं श्रेष्ठमस्ति तथा तीर्थेषु शत्रुञ्जयो गिरिः श्रेष्ठोऽस्ति, शत्रुञ्जयेण समः नाऽस्ति कोऽपि तीर्थः पृथ्व्याम् ।

7. नृपतेः पुत्रस्य यादृशो नृपतौ विश्वासो नास्ति, तादृशो विश्वासः शिष्यस्य गुरा अस्ति ।

8. शिष्यः गुरोः शरीरात् पृथक्, किन्तु इच्छया तु गुरोरभिन्न एव ।

9. या इच्छा गुरोः सैवेच्छा यस्य शिष्यस्य स शिष्यः सर्वेषु शिष्येषु श्रेष्ठोऽस्ति ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | ધાતુ | ગણ | પદ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | વાંછવું | वाञ्छ् | ૧ | પ.પ. | ૨ | वाञ्छसि | वाञ्छथः | वाञ्छथ |
| 2. | ઊડવું | डी(डय्) | ૧ | આ.પ. | ૩ | डयते | डयेते | डयन्ते |
| 3. | ડરવું | विज् | ૬ | આ.પ. | ૧ | विजे | विजावहे | विजामहे |
| 4. | પ્રસિદ્ધ કરવું | प्रथ् | ૧૦ | ઉ.પ. | ૨ | प्रथयसि | प्रथयथः | प्रथयथ |
| 5. | સંગત હોવું | युज् | ૪ | આ.પ. | ૩ | युज्यते | युज्येते | युज्यन्ते |
| 6. | દૂર કરવું | अप+नी | ૧ | પ.પ. | ૧ | अपनयामि | अपनयावः | अपनयामः |
| 7. | ત્રાસ પામવું | त्रस् | ૪ | પ.પ. | ૩ | त्रस्यति | त्रस्यतः | त्रस्यन्ति |
| 8. | સંભવિત હોવું | सम्+भू | ૧ | પ.પ. | ૨ | सम्भवसि | सम्भवथः | सम्भवथ |
| 9. | વખાણવું | वर्ण् | ૧૦ | ઉ.પ. | ૧ | वर्णयामि | वर्णयावः | वर्णयामः |

[4] સંધિ :-

1. घटादन्यः 2. पङ्काज्जायते 3. अपीत्यर्थः 4. महावीरस्तत्र 5. वाक्षु

[5] અધૂરી વિગતો :-

| નં. | તૃ. પુ. એ.વ. | મૂળધાતુ | પદ | ગણ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | आशंसते | आ+शंस् | આ.પ. | ૧ | ૧ | आशंसे | आशंसावहे | आशंसामहे |
| 2. | अनुरुध्यते | अनु+रुध् | આ.પ. | ૪ | ૨ | अनुरुध्यसे | अनुरुध्येथे | अनुरुध्यध्वे |
| 3. | निषूदयते | नि+सूद् | આ.પ. | ૧૦ | ૩ | निषूदयते | निषूदयेते | निषूदयन्ते |
| 4. | प्रव्रजति | प्र+व्रज् | પ.પ. | ૧ | ૨ | प्रव्रजसि | प्रव्रजथः | प्रव्रजथ |
| 5. | परिणयति | परि+नी | પ.પ. | ૧ | ૩ | परिणयति | परिणयतः | परिणयन्ति |
| 6. | अपनयति | अप+नी | પ.પ. | ૧ | ૧ | अपनयामि | अपनयावः | अपनयामः |
| 7. | अवतरति | अव+तॄ | પ.પ. | ૧ | ૩ | अवतरति | अवतरतः | अवतरन्ति |
| 8. | निर्गच्छति | निर्+गम् | પ.પ. | ૧ | ૨ | निर्गच्छसि | निर्गच्छथः | निर्गच्छथ |
| 9. | मन्यते | मन् | આ.પ. | ૪ | ૧ | मन्ये | मन्यावहे | मन्यामहे |

[6] [A] ખૂટતી વિગતો :-

| નં. | નામ | મૂળશબ્દ | વિભક્તિ | લિંગ | નામ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | બાળક | बाल | ૧ | પુંલ્લિંગ | કર્તા | बालः | बालौ | बालाः |
| 2. | પુત્ર | पुत्र | ૮ | પુંલ્લિંગ | સંબોધન | पुत्र ! | पुत्रौ ! | पुत्राः ! |
| 3. | સર્વોત્તમ | श्रेष्ठ | ૬ | વિશેષણ | સંબંધ | श्रेष्ठस्य | श्रेष्ठयोः | श्रेष्ठानाम् |
| 4. | સરખું | सदृश | ૫ | વિશેષણ | અપાદાન | सदृशात् | सदृशाभ्याम् | सदृशेभ्यः |
| 5. | કીડા | कीटक | ૩ | પુંલ્લિંગ | કરણ | कीटकेन | कीटकाभ्याम् | कीटकैः |
| 6. | કાણો | काण | ૨ | વિશેષણ | કર્મ | काणम् | काणौ | काणान् |
| 7. | મૂર્ખ | मूर्ख | ૪ | પુંલ્લિંગ | સંપ્રદાન | मूर्खाय | मूर्खाभ्याम् | मूर्खेभ्यः |
| 8. | કમળ | पङ्कज | ૭ | પુંલ્લિંગ | અધિકરણ | पङ्कजे | पङ्कजयोः | पङ्कजेषु |
| 9. | કપડું | पट | ૬ | પુંલ્લિંગ | સંબંધ | पटस्य | पटयोः | पटानाम् |

[B]

| નં. | શબ્દ | સાદો અર્થ | વિભક્તિ | લિંગ | વિભક્તિનું નામ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | वेणा | વેણા | ૧ | સ્ત્રીલિંગ | કર્તા | वेणा | वेणे | वेणाः |
| 2. | पाणि | હાથ | ૮ | પુંલ્લિંગ | સંબોધન | पाणे ! | पाणी ! | पाणयः ! |
| 3. | पाठशाला | પાઠશાળા | ૬ | સ્ત્રીલિંગ | સંબંધ | पाठशालायाः | पाठशालयोः | पाठशालानाम् |
| 4. | समराङ्गण | યુદ્ધભૂમિ | ૪ | પુંલ્લિંગ | સંપ્રદાન | समराङ्गणाय | समराङ्गणाभ्याम् | समराङ्गणेभ्यः |
| 5. | मूक | મૂંગું | ૫ | વિશેષણ | અપાદાન | मूकात् | मूकाभ्याम् | मूकेभ्यः |
| 6. | रथ्या | શેરી | ૩ | સ્ત્રીલિંગ | કરણ | रथ्यया | रथ्याभ्याम् | रथ्याभिः |
| 7. | हर्म्य | હવેલી | ૭ | નપુંસકલિંગ | અધિકરણ | हर्म्ये | हर्म्ययोः | हर्म्येषु |
| 8. | लाङ्गूल | પૂંછડી | ૨ | નપુંસકલિંગ | કર્મ | लाङ्गूलम् | लाङ्गूले | लाङ्गूलानि |
| 9. | वैयात्य | ધૃષ્ટતા | ૬ | નપુંસકલિંગ | સંબંધ | वैयात्यस्य | वैयात्ययोः | वैयात्यानाम् |

[8] વાક્યો :-

1. गुरोरिच्छायाः अन्या इच्छा यस्य शिष्यस्य स शिष्यो न युज्यते ।
2. महावीरस्योपदेशो भव्याय रोचते ।
3. पुरुषार्थः साफल्यस्य जनको विद्यते ।
4. शिष्यः गुरोः सूनुना सदृशोऽस्ति ।
5. शिशोः तीर्थः जनकः वर्तते ।

❋ ❋ ❋

# પાઠ - ૧૫

**[1] સંસ્કૃતનું ગુજરાતી કરો :-**

1. ભરત રાજા વડે દીનોને ભોજનો અપાય છે.
2. સજ્જન એવા ભવ્ય જીવો સદાગમ દ્વારા જ મોક્ષે લઈ જવાય છે.
3. સાસુ વડે સુભદ્રા જેમ તેમ કહેવાય છે. તો પણ સુભદ્રા સાસુ ઉપર ગુસ્સે નથી થતી. કારણ કે સુભદ્રા વડે જૈન ધર્મ પળાય છે.
4. સંસારમાં જીવો વડે પાપો આચરાય છે અને તેથી પાપો દ્વારા જીવો દુર્ગતિમાં ફેંકાય છે. ધિક્કાર થાઓ પાપને ! અને ધિક્કાર થાઓ તેને કે જેના દ્વારા પાપો આચરાય છે.
5. પૈસા માટે જીવો વડે જૂઠું બોલાય છે, દુઃખો અનુભવાય છે, સુખો છોડાય છે અને તેથી નરકમાં જવાય છે. ધિક્કાર હો પૈસાને !
6. પૈસા માટે સંસારમાં જીવો વડે જે - જે આચરાય છે અને જેવું કષ્ટ સહેવાય છે તેવું જો દીક્ષામાં મોક્ષ માટે આચરાય અને સહેવાય તો જીવો વડે મોક્ષ ઝડપથી મેળવાય.
7. સંસારમાં સમાજ માટે કે સગાવહાલા માટે જીવો વડે કષ્ટો સહેવાય છે. પણ જીવો વડે તો દુઃખો જ મેળવાય છે. દીક્ષામાં પણ સાધુઓ દ્વારા કષ્ટો સહેવાય છે. પણ તેનાથી તો સાધુઓ વડે અનન્ત, આધ્યાત્મિક સુખ મેળવાય છે.
8. જીવો દ્વારા 'બુદ્ધિથી મારા વડે બીજા ઠગાય છે' એ પ્રમાણે મનાય છે, પણ વાસ્તવમાં તો ત્યારે જીવો જ પાપ વડે ઠગાઈ જાય છે.
9. માતા દ્વારા બાળકને વાત્સલ્ય અપાય છે અને પિતા વડે બાળક પળાય છે. આથી જ જેઓ વડે તે છોડાય છે તે મૂર્ખા અને અધમ છે.
10. વહુઓ વડે ઘરમાં રહેવાય છે અને પુરુષો દ્વારા ધંધો કરાય છે - આ જ આર્યોની વ્યવસ્થા છે. જુવાન સ્ત્રીઓ વડે દિવસે પણ ઘરની બહાર નથી જ જવાતું તો વળી રાતની તો શું વાત ?

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. स्वाध्यायेन साधोः पापानि निषूद्यन्ते यथा शत्रवः शरैः ।
2. सत्याः श्रावकाः जिनेन रक्ष्यन्ते ।
3. सम्प्रतिना नृपतिना दुष्टाः जनाः दण्ड्यन्ते सज्जनाश्च सेव्यन्ते ।

4. यथा भोजनेन शरीरं पुष्यते तथा विनयेन बुद्धिः पुष्यते ।
5. यो यादृशस्य पापस्य कर्ता तेन तादृशानि फलानि अनुभूयन्ते एव ।
6. जिनः देवैरपि वन्द्यते ।
7. रामस्य वार्ता जनैः आकर्ण्यते यदुत 'रामो बलदेवः, तेन मुनिसुव्रतः तीर्थङ्करो वन्द्यते, स लक्ष्मणस्य भ्राता ।'
8. तीर्थङ्करस्य करुणया पापैर्जीवैरपि धर्मो लभ्यते, निर्वृतिर्गम्यते ।
9. नदीभिर्यथोदधिर्गम्यते तथा येन स्वीयं चित्तं जिने(जिनं) नीयते तेन जिनस्य करुणा लभ्यते ।
10. गौतमेन जिनस्य महावीरस्य सर्वा आज्ञा आचर्यन्ते ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ગુજરાતી કર્તરિ વાક્ય | ગુજરાતી કર્મણિ વાક્ય | સંસ્કૃત કર્તરિ વાક્ય | સંસ્કૃત કર્મણિ વાક્ય |
|---|---|---|---|---|
| 1. | અમે બે માંગીએ છીએ | અમારા બે દ્વારા મંગાય છે | आवां याचावहे | आवाभ्यां याच्यते |
| 2. | તે પૂરે છે | તેના દ્વારા પૂરાય છે | सः पूरयति | तेन पूर्यते |
| 3. | તમે દેખાડો છો | તમારા દ્વારા દેખાડાય છે | यूयं निर्दिशथ | युष्माभिर्निर्दिश्यते |
| 4. | હું સાંભળુ છું | મારા દ્વારા સંભળાય છે | अहम् आकर्णयामि | मया आकर्ण्यते |
| 5. | તે બે શરમાય છે | તે બે દ્વારા શરમાવાય છે | तौ लज्जतः | ताभ्यां लज्ज्यते |

[4] ખૂટતી વિગતો :-

| નં. | સંસ્કૃત કર્તરિ વાક્ય | સંસ્કૃત કર્મણિ વાક્ય | ગુજરાતી કર્તરિ વાક્ય | ગુજરાતી કર્મણિ વાક્ય |
|---|---|---|---|---|
| 1. | शिक्षते सः | तेन शिक्ष्यते | તે ભણે છે | તેના દ્વારા ભણાય છે |
| 2. | सेवावहे आवाम् | आवाभ्यां सेव्यते | અમે બે સેવા કરીએ છીએ | અમારા બે દ્વારા સેવા કરાય છે |
| 3. | त्वं गणयसे | त्वया गण्यते | તું ગણે છે | તારા દ્વારા ગણાય છે |
| 4. | ते अपनयन्ति | तैः अपनीयते | તેઓ દૂર કરે છે | તેઓ દ્વારા દૂર કરાય છે |
| 5. | वयं परिणयामः | अस्माभिः परिणीयते | અમે પરણીએ છીએ | અમારા દ્વારા પરણાય છે |

[5] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગુજરાતી અર્થ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|
| 1. | विद्(विन्द्) | મેળવવું | ૧ | विद्ये | विद्यावहे | विद्यामहे |
| 2. | वञ्च् | ઠગવું | ૩ | वञ्च्यते | वञ्च्येते | वञ्च्यन्ते |
| 3. | गण् | ગણવું | ૨ | गण्यसे | गण्येथे | गण्यध्वे |
| 4. | रक्ष् | રક્ષવું | ૩ | रक्ष्यते | रक्ष्येते | रक्ष्यन्ते |
| 5. | चिन्त् | વિચારવું | ૧ | चिन्त्ये | चिन्त्यावहे | चिन्त्यामहे |

[6] કર્મણિ વાક્યો :-

1. तैः मुनिः रक्ष्यते ।
2. मया सत्यमुद्यते ।
3. अस्माभी राजगृहनगरे उष्यते ।
4. त्वयाहितं त्यज्यते ।
5. ताभ्यां दोषा दह्यन्ते ।
6. युवाभ्यामोदनः पच्यते ।
7. युष्माभिः संस्कृतं पठ्यते ।
8. त्वयाऽहं निन्द्ये ।
9. तैरहं शस्ये ।

[7] કર્મણિ રૂપ :-

| નં. | મૂળધાતુ | તૃ.પુ.એ.વ. કર્તરિરૂપ | અર્થ | ગણ | તૃતીય પુરુષ એ. વ. કર્મણિ રૂપ |
|---|---|---|---|---|---|
| 1. | वच् | वक्ति | બોલવું | ૨ | उच्यते |
| 2. | यज् | यजति | યજ્ઞ કરવો | ૧ | इज्यते |
| 3. | वप् | वपति | વાવવું | ૧ | उप्यते |
| 4. | वह् | वहति | વહન કરવું | ૧ | उह्यते |
| 5. | वस् | वसति | વસવું | ૧ | उष्यते |

[8] નિયમ ૮-૯ મુજબ કર્મણિ રૂપ :-

| નં. | મૂળધાતુ | કર્તરિરૂપ | સાદો અર્થ | ગણ | કર્મણિ રૂપ |
|---|---|---|---|---|---|
| 1. | दा | यच्छति | આપવું | ૧ | दीयते |
| 2. | धा | दधाति | ધારણ કરવું | ૩ | धीयते |
| 3. | मा | माति | સમાવું | ૨ | मीयते |
| 4. | स्था | तिष्ठति | ઉભા રહેવું | ૧ | स्थीयते |
| 5. | गै | गायति | ગાવું | ૧ | गीयते |
| 6. | पा | पिबति | પીવું | ૧ | पीयते |
| 7. | सो | स्यति | કાપવું | ૪ | सीयते |
| 8. | हा | जहाति | છોડવું | ૩ | हीयते |
| 9. | अञ्च् | अञ्चति | જવું | ૧ | अच्यते |

# પાઠ - ૧૬

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. અજ્ઞાની ગોશાળાએ મહાવીર ભગવાનની અવજ્ઞા કરી હતી.
2. ભગવાન મહાવીર કયારેય પણ જૂઠું નથી જ બોલ્યા અને આથી સાધુઓ દ્વારા પણ જૂઠું નથી જ બોલતું.
3. જ્યાં અધમ માણસો દ્વારા રહેવાય છે ત્યાં સજ્જનો નથી જ રહેતા.
4. બાળકો દ્વારા રમાય છે. બાળકો પરસ્પર ગુસ્સે પણ થાય છે. પરંતુ બાળકોનો ગુસ્સો પરસ્પર લાંબો સમય નથી રહેતો.
5. મેં પહેલા ધર્મ આચર્યો હતો, ભગવાનને વંદન કર્યા હતા. તેથી હમણાં મારા દ્વારા સુખ મેળવાય છે.
6. તું ક્યાં ગયેલો ?
7. મારા દ્વારા તું શોધાય છે. તો પણ તું કેમ નથી દેખાતો ?
8. માટી 'જીવ છે' એ પ્રમાણે તીર્થંકર મહાવીર દ્વારા આગમમાં કહેવાય છે.
9. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પાંદડા આ બધાંય જીવો છે.
10. 'પૃથ્વી'- આનું નામ આગમમાં 'પૃથ્વીકાય' એ પ્રમાણે છે.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. मुनिसुव्रतो जिनोऽश्वमप्युपादिशत्, तस्मै च योजनान्यचलत् ।
2. गुरुः शिष्याय ज्ञानमयच्छत् ततश्च शिष्यो मोक्षमविन्दत ।
3. सर्वेभ्यो जीवेभ्यो जीवनं रोचते, अतः महावीरः जिनः न कमपि जीवमताडयत् ।
4. गौतमस्य गणधरस्य महावीरे जिने प्रभूतः स्नेहोऽविद्यत ।
5. अहं पुरा दयामाचरम्, तेनाऽधुना मया साता विद्यते ।
6. वर्धमानो जिनः जायते तदा धनैः धान्यैश्च वृध्यते ।
7. जरायां शरीरेण क्षीयते किन्तु आशाभिर्न क्षीयते ।
8. युवां वैयात्येनाऽलीकमभाषेथाम्, ततः युवयोर्जिह्वा अक्षयत् ।
9. भरतस्य नृपतेः आशाः इच्छाः च अनश्यन् पश्चात् केवलज्ञानमलभत ।
10. पानीयमित्यस्य आगमे 'अप्काय' इत्यभिधानं वर्तते ।

[3] કર્મણિમાં રૂપાંતરિત વાક્યો :-

1. येनैषः पठ्यते सदा भाव्यते च तेन मोक्षः विद्यते ।
2. जीवैः आत्मीयानां दोषाणामेव फलमत्रानुभूयते ।
3. यैः धर्म आचर्यते तैः सुखं विद्यते ।
4. महावीरेण जिनेन ब्राह्मणाय पटः दीयते ।
5. जिनेन महावीरेण गौतमो गणधर उद्यते ।

[4] ગૌણ - મુખ્ય કર્મ અને કર્મણિમાં રૂપાંતરણ :-

1. धनपति - ગૌણકર્મ, धन - મુખ્યકર્મ
दीनेन धनपतिः धनानि याच्यते ।
2. भ्रातृ - મુખ્યકર્મ, जिनालय - ગૌણકર્મ
मया भ्राता जिनालयं नीयते
3. नर - ગૌણકર્મ, धन - મુખ્યકર્મ
तस्करेण नरं धनं ह्रियते
4. क्षेत्र - મુખ્યકર્મ, धान्य - ગૌણકર્મ
कृषीवलेन क्षेत्रं धान्यानि कृष्यते ।
5. पुष्प - મુખ્યકર્મ, ग्राम - ગૌણકર્મ
त्रा पुष्पाणि वनाद् ग्रामम् उह्यन्ते ।
6. तस्कर - ગૌણકર્મ, निष्क - મુખ્યકર્મ
नृपतिना तस्करः निष्कान् दण्ड्यते ।
7. गुरु - ગૌણકર્મ, धर्म - મુખ્યકર્મ
शिष्येण गुरुः धर्मं पृच्छ्यते ।
8. अस्मद् - ગૌણકર્મ, वार्ता - મુખ્યકર્મ
तैरहं वार्तां कथ्ये ।
9. तत् - ગૌણકર્મ, सुवर्ण - મુખ્યકર્મ
युवाभ्यां स सुवर्णं जीयते ।

[5] ભાવે પ્રયોગના અર્થ :-

1. તમારા દ્વારા વસવાટ કરાય છે.
2. અમારા દ્વારા ઊભા રહેવાય છે.
3. માણસો વડે થવાય છે.
4. મુનિઓ દ્વારા ચલાય છે.
5. કીર્તિઓ વડે ક્ષીણ થવાય છે.
6. મારા દ્વારા પીવાય છે.
7. તે બધી[સ્ત્રીઓ] દ્વારા છોડાય છે.
8. દીનો વડે આશ્રય કરાય છે.
9. બાળકો દ્વારા રમાય છે.

[6] ભાવેપ્રયોગનું સંસ્કૃતમાં રૂપાંતરણ :-

1. चौरैः दह्यते / तस्करैर्दह्यते
2. दीनैः अट्यते ।
3. मूर्खैः जल्प्यते ।
4. मूर्खैः कुप्यते ।
5. बालैः मुह्यते ।
6. जिनैः सृज्यते ।
7. जनैरिष्यते ।
8. भटैः धाव्यते ।
9. उदधिभिः क्षुभ्यते ।

[7] ભાવેપ્રયોગમાં રૂપાંતરણ :-

1. आवाभ्यां क्षाल्यते ।
2. शिष्यैः पठ्यते ।
3. मयूरैः नृत्यते ।
4. कृषीवलैः तुष्यते ।
5. मेघैः नश्यते ।
6. जिनैः सिध्यते ।
7. युवाभ्यां क्षम्यते ।
8. नृभिः मिल्यते ।
9. नद्या स्पृश्यते ।

[8] ખૂટતી વિગતો :-

| નં. | ગુજરાતી કર્તરિ વાક્ય | ગુજરાતી કર્મણિ વાક્ય | સંસ્કૃત કર્તરિ વાક્ય | સંસ્કૃત કર્મણિ વાક્ય |
|---|---|---|---|---|
1. सिक्ताः वृक्षाः यस्मिन् तत् = સીંચાયેલા છે વૃક્ષો જેમાં એવું તે જંગલ
2. पृष्टाः आगमाः येन सः = પૂછાયેલા છે આગમો જેના વડે એવો તે શિષ્ય
3. इष्टः मोक्षः यैः ते = ઈચ્છાયેલ છે મોક્ષ જેઓ વડે એવા તે શ્રાવકો
4. बुद्धाः ग्रन्थाः यैः ते = જણાયેલા છે ગ્રંથો જેઓ વડે એવા તે સાધુઓ
5. त्यक्तानि पापानि यैः ते = છોડાયેલા છે પાપો જેઓ વડે એવા તે શ્રમણો

* * *

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. કુટુંબની સાથે **[સ બહુવ્રીહિ]** રોજેરોજ **[અવ્યયીભાવ]** શ્રાવક જિનાલયે જાઓ.
2. વિચાર વિનાનું **[અવ્યયીભાવ]** ચિત્ત ધ્યાન માટે **[ચતુર્થી વિ.]** યોગ્ય કહેવાય છે.
3. કૃષ્ણ સહાય માટે **[ચતુર્થી વિ.]** નેમિનાથ ભગવાનની પાસે **[અવ્યયી ભાવ]** ગયા.
4. ભવ્ય જીવોરૂપી કમળને ખીલવવા માટે સૂર્ય સમાન **[ઉપપદ + રૂપક અલંકાર + ષષ્ઠી તત્પુ. + ચતુર્થી તત્પુ.]** ગુણરૂપી રત્નોના મહાસાગર એવા **[રૂપક અલંકાર + ષષ્ઠી તત્પુ. + કર્મધારય]** જિનેશ્વર **[સપ્તમી તત્પુ.]** ભગવાનને હું રોજેરોજ **[અવ્યયીભાવ]** નમસ્કાર કરું છું.
5. પિશાચો **[પૃષોદરાદિ]** સ્મશાનમાં રહેલા **[પૃષોદરાદિ+ઉપપદ]** મડદાઓથી પ્રસન્ન થાય છે.
6. નગરની બહાર પોતાના આત્માની શુદ્ધિ માટે **[કર્મધારય + ષષ્ઠી]** મુનિ કાયોત્સર્ગ કરે છે.
7. વસ્તુપાલ લોકોની સાથે **[સ બહુવ્રીહિ]** રોજેરોજ **[અવ્યયીભાવ]** ચાલતા સિદ્ધાચલની પાસે **[અવ્યયીભાવ]** આવી પહોંચ્યા.
8. વધારે પડતી ઊંઘ **[અવ્યયીભાવ]** છોડવી જોઈએ. વધારે પડતું ભોજન **[અવ્યયીભાવ]** છોડવું જોઈએ અને વધારે પડતું હાસ્ય **[અવ્યયીભાવ]** છોડવું જોઈએ.
9. ધર્મની ક્રિયાઓ **[ષષ્ઠી વિ.]** ઈચ્છા મુજબ નહીં પરંતુ ઉપદેશ મુજબ **[અવ્યયીભાવ]** કરાય છે.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. सर्वाणि वस्तूनि क्रियानुगुणं गुणयोग्यं च वयं लभामहे, अत एवोद्यते यदुप्यते तल्लभ्यते ।
2. अनुभरतं सर्वं सैन्यं भरतक्षेत्रं जेतुमचलत् ।
3. जरा दुर्वयः, यौवनं सुवयः, सुवयसि धर्मक्रियाः आचरणीयाः, दुर्वयसि च अन्यजनानां धर्मक्रियाणाम् अनुमोदना कर्तव्या ।

4. एतदुद्यानं निर्जनं निस्तृणं च विद्यते । अतः वयमत्रैव उपविशामः येन जीवहिंसा न स्यात् ।
5. शस्त्राशस्त्रि - दण्डादण्डि - बाहूबाहवियुद्धैः उभये सेने बहु युद्धं कृतवत्यौ, मुन्युपदेशबुद्धौ पश्चात् तौ सेनापती उपसिद्धाचलं गतवन्तौ ।
6. आहिमालयं संप्रतिराज्यमासीत् ।
7. दृष्टपूर्वमपि सिद्धाचलं दृष्ट्वा स भृशममोदत ।
8. अनुक्रमं सर्वान् जिनान् सः बालः पूजितवान् ।
9. समवसरणे देवासुराः सर्वे यथाशक्ति भगवद्भक्तिं कृतवन्तः ।

[3] **વિગ્રહ કરી ગુજરાતી :-**

1. वनस्य समीपम् = उपवनम् **[અવ્યયીભાવ]** જંગલની પાસે.
2. दण्डैश्च दण्डैश्च प्रहृत्येदं युद्धं प्रवृत्तम् = दण्डादण्डि **[કર્મવ્યતિહાર]** દાંડાઓથી પ્રહાર કરી પ્રવર્તેલું યુદ્ધ.
3. आनगरम् = नगरं यावत् **[અવ્યયીભાવ]** નગર સુધી.
4. पूर्वं भूतम् = भूतपूर्वम् **[સુપ્સુપ સમાસ]** પહેલા થયેલું.
5. नर्मदायाः पश्चात् = अनुनर्मदम् **[અવ્યયીભાવ]** નર્મદાની પછી.

[4] **વિગ્રહ કરી સમાસ :-**

1. ઘરની પાસે = उपगृहम् = गृहस्य समीपम् **[અવ્યયીભાવ]**
2. વિઘ્નનો અભાવ = विघ्नस्याऽभावः = निर्विघ्नम् **[અવ્યયીભાવ]**
3. કીડાનો અભાવ = कीटकानाम् अभावः = निष्कीटकम् **[અવ્યયીભાવ]**
4. પહેલા સાંભળેલ = पूर्वं श्रुतम् = श्रुतपूर्वम् **[સુપ્સુપ્]**
5. વિધિને ઓળંગ્યા વિના જેવી રીતે થાય તેવી રીતે = विधिमनतिक्रम्य यथा स्यात्तथा = यथाविधि **[અવ્યયીભાવ]**

※ ※ ※

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. સજ્જનો દ્વારા પોતાના સત્કાર્યો છૂપાવાય છે. [પ્રગટ નથી કરાતા.]
2. જેઓ શત્રુંજય તીર્થે જાય છે, સિદ્ધાચલ પર્વત ઉપર ચઢે છે અને આદિનાથ ભગવાનની મૂર્તિને સારી રીતે સ્તવે છે તેઓ લાંબો સમય સંસારમાં ભટકતા નથી.
3. આદિનાથ ભગવાનનો પ્રભાવ વિશ્વમાં ફેલાય છે. તે પ્રભાવ જીવોના પાપને કાપી નાંખે છે.
4. જેમ જેમ તે લોકો દ્વારા સોનું અગ્નિમાં તપાવાય છે તેમ તેમ તે સોનું પ્રકાશિત થાય છે. તેવી રીતે જ જીવ દ્વારા તપની આગમાં જેમ જેમ પોતાનો આત્મા તપાવાય છે તેમ તેમ આત્મા પ્રકાશિત-દેદીપ્યમાન થાય છે.
5. ભગવાન મહાવીર વાઘથી પણ ત્રાસ નથી પામતા, ભગવાન ક્યારેય પણ કંટાળતા નથી, મોક્ષ માટે અત્યંત પ્રયત્ન કરે છે, શરીરને કષ્ટ આપે છે, કર્મોને કાપી નાંખે છે. આથી જ દેવો મહાવીર ભગવાનને સ્તવે છે.
6. ચાલતો ચાલતો આ હાથી વૃક્ષને વિખેરી નાંખે છે [= કાપે છે] અને તેનાથી પોતાનું પેટ ભરાય છે.
7. હું મોક્ષને ઈચ્છું છું. માટે મારા દ્વારા વિષયસુખો થૂંકાય છે. [= છોડાય છે.]
8. દરજી કપડાં સીવે છે.
9. પાણી પીતું હરણ સિંહની ગર્જના સાંભળી ત્રાસ પામ્યું.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. गर्जतः सिंहस्य ध्वनिमाकर्ण्य वने मृगाः अत्रस्यन् ।
2. तक्षकः वनात् काष्ठं छात्वा गृहमानीय पश्चात् तत् तक्षति ।
3. 'भो श्रावक ! त्वं क्रोधं त्यज, दयां पालय, व्रतमाचर' - इति भगवान् महावीरः देशनायां भव्यजीवानुपदिष्टवान् ।
4. 'भगवन् ! त्वमेव मच्छरणम्, त्वं मां श्वभ्राद् गोपाय' - इति श्रेणिकराजः भगवन्महावीरं प्रार्थयत् ।
5. सूर्येण अक्ष्यमाणं प्रकाशं बालाः पश्यन्ति ।
6. विमलमन्त्री अर्बुदे निष्कान् आक्षत्, पश्चात् तेभ्यः सर्वेभ्यः निष्केभ्यः पर्वतं ब्राह्मणाः प्रत्ययच्छन् ।

7. श्रावकः चातुर्मासे स्वनगराद् बहिः न विच्छायेत् ।
8. रक्षितो धर्मो रक्षति आपदि मानवम् ।
9. धर्मः दुर्गतिं पततः जीवान् गोपायति, अतः त्वं वारंवारं [पुनः पुनः] धर्ममाचर ।

**[3] ખૂટતી વિગતો :-**

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પ્રયોગ | વચન | પુરુષ | ગણ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अगोपायाम | गुप् | હ્યસ્તન | કર્તરિ | બહુવચન | ૧ | ૧ | અમે રક્ષા કરી |
| 2. | धूपायेतम् | धूप् | વિધ્યર્થ | કર્તરિ | દ્વિવચન | ૨ | ૧ | તમારે બેએ તપાવવું જોઈએ |
| 3. | पणाय | पण् | આજ્ઞાર્થ | કર્તરિ | એકવચન | ૨ | ૧ | તું સ્તવ |
| 4. | अपनायः | पन् | હ્યસ્તન | કર્તરિ | એકવચન | ૨ | ૧ | તેં સ્તવ્યા |
| 5. | अविच्छ्येथाम् | विच्छ् | હ્યસ્તન | કર્મણિ | દ્વિવચન | ૨ | ૬ | તમે બે જવાયા હતા |

**[4] ખૂટતી વિગતો :-**

| નં. | ગુજરાતી અર્થ | રૂપ | કાળ/અર્થ | પદ | વચન | પુરુષ | ગણ | મૂળધાતુ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | તે બે ત્રાસ પામો | त्रसताम् | આજ્ઞાર્થ | પરસ્મૈપદી | ૨ | ૩ | ૧/૪ | त्रस् |
| 2. | તેઓએ છોલ્યું હતું | अश्यन् | હ્યસ્તન | પરસ્મૈપદી | ૩ | ૩ | ૪ | शो |
| 3. | મારે આચમન કરવું જોઈએ | आचाम्येयम् | વિધ્યર્થ | પરસ્મૈપદી | ૧ | ૧ | ૧/૪ | आ+चम् |
| 4. | તમે બેએ ઈચ્છ્યું | अलषतम् | હ્યસ્તન | પરસ્મૈપદી | ૨ | ૨ | ૧/૪ | लष् |
| 5. | તેણે વિખેર્યું | अकिरत् | હ્યસ્તન | પરસ્મૈપદી | ૧ | ૩ | ૬ | कृ |

**[5] સાચું રૂપ :-**

1. ष्ठीव्यताम् 2. भ्लाशेयाथाम् 3. लषतम् 4. सीव्येः 5. अद्यम्

**[6] વાક્યો :-**

1. अत्र उदधिः दृश्यते ।
2. तस्य तीरे नालिकेरवृक्षाः सन्ति ।
3. उदधिः न क्षुभ्यन्नस्ति, किन्तु स्थिरः अस्ति ।

1. अत्र गृहे स्तः ।
2. तयोः समीपे नदी वहति ।
3. तस्याः पानीयं स्थिरं विद्यते ।

**[7] રૂપો :-**

1. कृ ગણ-૬ પરસ્મૈપદી, વિખેરવું, વિધ્યર્થનું રૂપ

| | | |
|---|---|---|
| किरेयम् | किरेव | किरेम |
| किरेः | किरेतम् | किरेत |
| किरेत् | किरेताम् | किरेयुः |

2. गुप् ગણ-૧ પરસ્મૈપદી, રક્ષવું, હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | | |
|---|---|---|
| अगोपायम् | आगोपायाव | अगोपायाम |
| अगोपायः | अगोपायतम् | अगोपायत |
| अगोपायत् | अगोपायताम् | अगोपायन् |

❋ ❋ ❋

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. વરસાદની સુગંધને સૂંઘતો હાથી ઉન્મત્ત થયો અને તેથી તે જંગલમાં ભાગ્યો.
2. થાકેલો મુસાફર વૃક્ષની છાયામાં બેઠો, તે મુસાફર ફળોને કાપે છે અને ખાય છે. તેથી તૃપ્ત થાય છે.
3. મદનરેખાએ દુશ્મન થયેલા પણ પોતાના બે દીકરાને જોડ્યા.
4. સજ્જન માણસ પાપ કરતા બીજા માણસને અટકાવે છે અને તેના પાપને ઢાંકે છે. જો તે માણસ માને નહીં તો તેને છોડી દે છે.
5. હે ભગવાન્ !
   તારા ચિત્તમાં હું છું-આવી વાત પણ દુર્લભ છે. પણ જો તું મારા ચિત્તમાં હોય તો પછી બીજા કોઈનાથી પણ સર્યું ! [એટલું જ પર્યાપ્ત છે.]
6. અભિષેક કરી ભગવાનની પ્રતિમાને ચંદનથી લેપવી જોઈએ [= ચંદનનો લેપ કરવો જોઈએ]
7. બધાં માણસો જિનાલય જાઓ.
8. હે મૂર્ખ ! દાવાનળ જેવા સંસારને જોઈને પણ તું શા માટે ચેતતો નથી ?
9. નરકમાં કેવું દુઃખ થાય છે ? નારકમાં દાનવો જીવને વીંધે છે, અગ્નિમાં ભૂંજે છે, કાપે છે, છેદે છે, ખેદ પમાડે છે, [= ઉદ્વિગ્ન કરે છે] પીસે છે, ડંખે છે, ધમે છે, તપાવે છે, જીવોના અંગોને છૂટા પાડે છે. અસંખ્ય વર્ષો સુધી તેં આવું દુઃખ સહન કર્યું હતું. તો પણ શા માટે જાગતો નથી ? જાગ ! આચર ધર્મને !

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. चण्डकौशिकसर्पे दष्टे सत्यपि भगवान् महावीरस्तमक्षाम्यत् ।
2. मत्कृतानि पापानि एव मच्चित्तं दशन्ति ।
3. श्रान्तः बालः रसवतीम् अयाचत ।
4. 'त्वं लुम्प, त्वं कृन्त, त्वं दर्पय' - एतादृशी वाक् श्रावकेण त्याज्या ।
5. नरः अजरत् किन्तु तस्य आशा न अजरन् ।
6. कुमारपालः राजा हिंसायाः अतीव धुवन्नासीत् ।
7. 'साधुभिः श्वेतवासांसि एवादेयानि' इति आचार्याः मन्त्रयन्ते ।
8. मारणान्तिकोपसर्गे आगते सत्यपि तं सहित्वा गजसुकुमालमुनिः कर्माणि अकृन्तत्, स च मोक्षम् अविच्छायत् ।
9. ते जनाः वह्नौ घृतं पर्चयन्ति ।

## [3] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | અર્થ | મૂળધાતુ | અર્થ/કાળ | પદ | વચન | પુરુષ | ગણ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अभर्त्सयन्त | તેઓએ તિરસ્કાર્યું હતું | भर्त्स् | હ્યસ્તન | આત્મનેપદી | ૩ | ૩ | ૧૦ |
| 2. | रजेध्वम् | તમે આસક્ત થશો | रञ्ज् | વિધ્યર્થ | ઉભયપદી | ૩ | ૨ | ૧ |
| 3. | लिम्पेमहि | અમારે બધાંએ લીંપવું જોઈએ | लिप् | વિધ્યર્થ | ઉભયપદી | ૩ | ૧ | ૬ |
| 4. | पर्चयेतम् | તમારે બેએ મિશ્રણ કરવું જોઈએ | पृच् | વિધ્યર્થ | ઉભયપદી | ૨ | ૨ | ૧+૧૦ |
| 5. | पिंशतम् | તમે બે પીસો | पिश् | આજ્ઞાર્થ | પરસ્મૈપદી | ૨ | ૨ | ૬ |

## [4] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | વ.કા.તૃ.પુ.એ.વ. | હ્ય.ભૂ.તૃ.પુ.એ.વ. | આ.તૃ.પુ.એ.વ. | વિ.તૃ.પુ.એ.વ. |
|---|---|---|---|---|---|---|
| 1. | खिद् | ६ | खिन्दति | अखिन्दत् | खिन्दतु | खिन्देत् |
| 2. | अर्ह् | १० | अर्हयति | आर्हयत् | अर्हयतु | अर्हयेत् |
| 3. | दंश् | १० | दंशयते | अदंशयत | दंशयताम् | दंशयेत |
| 4. | सस्ज् | १ | सज्जति | असज्जत् | सज्जतु | सज्जेत् |
| 5. | वृ | १ | वरति | अवरत् | वरतु | वरेत् |

## [5] જુદા પડતા પ્રયોગ :-

1. मुह्यति - કારણ કે બાકીના બે રૂપને આ પાઠમાં આવેલ નિયમ નં. ૧૧ લાગુ પડે છે.
2. अयच्छत् - કારણ કે બાકીના બે રૂપને આ પાઠમાં આવેલ નિયમ નં. ૯ લાગુ પડે છે.
3. क्लाम्यति - કારણ કે બાકીના બે રૂપને આ પાઠમાં આવેલ નિયમ નં. ૯ લાગુ પડે છે.
4. सारयति - કારણ કે બાકીના બે રૂપને આ પાઠમાં આવેલ નિયમ નં. ૧૪ લાગુ પડે છે.
5. सिञ्चति - કારણ કે બાકીના બે રૂપને આ પાઠમાં આવેલ નિયમ નં. ૧૪ લાગુ પડે છે.

## [6] રૂપો :-

1. घ्रा ગણ-૧, પરસ્મૈપદ, સૂંઘવું હ્યસ્તનભૂતકાળ કર્મણિનું રૂપ

| | | |
|---|---|---|
| अघ्राये | अघ्रायावहि | अघ्रायामहि |
| अघ्रायथाः | अघ्रायेथाम् | अघ्रायध्वम् |
| अघ्रायत | अघ्रायताम् | अघ्रायन्त |

2. ऋ [ऋच्छ्] ગણ-૧ પરસ્મૈપદ, જવું, હ્યસ્તનભૂતકાળ કર્તરિનું રૂપ

| | | |
|---|---|---|
| आर्च्छम् | आर्च्छाव | आर्च्छाम |
| आर्च्छः | आर्च्छतम् | आर्च्छत |
| आर्च्छत् | आर्च्छताम् | आर्च्छन् |

❋ ❋ ❋

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. સારા કાર્યો મનુષ્યની કીર્તિને બધાં દેશોમાં ફેલાવે છે.
2. જે માણસો તપ કરે છે, ક્ષીણ થઈ ગયા છે કર્મો જેના એવા તે લોકો મોક્ષને મેળવે છે.
3. સ્થૂલિભદ્રસ્વામી જ પરાક્રમી છે કે જે કામદેવના ઘરે જઈ કામ સાથે લડાઈ કરે છે.
4. જિન પૂજા માટે અમે બે સફેદ પુષ્પો ભેગા કરીએ છીએ, તે લાલ ફૂલો એકઠા કરે છે, તમે પીળા ફૂલો એકઠા કરો છો. આ પ્રમાણે ફૂલો ભેગા થાય છે.
5. શિશિર ઋતુમાં ઠંડો પવન અવયવોને ધ્રૂજાવે છે.
6. જે બધાં જીવો માટે પોતાનું હૃદય ખુલ્લું કરી દે છે તેના હૃદયમાં ભગવાન જાતે [પોતે] આવે છે.
7. રાજા શસ્ત્રથી દેશને વશ કરે છે, મુનિ શાસ્ત્રથી આખા વિશ્વને વશ કરે છે.
8. ભગવાન મહાવીર ગૌતમસ્વામીને મોક્ષે જવાના સમયે ઉપદેશ આપવા માટે બીજી જગ્યાએ મોકલે છે.
9. સફેદ કપડાં જે ધારણ કરે છે તે બહારથી સાધુઓ છે. જે ગુરુની આજ્ઞાને સ્વીકારે છે તે વાસ્તવમાં સાધુઓ છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. क्रोधः समतां वृणुते, मानः नम्रतां वृणोति ।
2. यः स्वीयान् सर्वान् दोषान् गुरुं निकषा सम्यग् आविष्करोति स सत्याम् आलोचनां करोति ।
3. मूढजीवेषु कृपां कर्तुम् आचार्याः ग्रन्थान् विवृण्वन्ति ।
4. प्रभुविरहः गौतमस्वामिनम् अतीव दुनोति ।
5. स न कमपि तिरस्करोति कमपि च न प्रतिकरोति ।
6. अहं पापं कर्तुं न शक्नोमि एव ।
7. सः परिषहान् सहित्वा मोक्षं प्राप्नोति ।
8. यो वनुते स वनीपक उच्यते ।
9. यूयं भगवतः वाचं शृणुथ वाचं च श्रुत्वा भगवता उपदिष्टं मोक्षमार्गं स्वीकुरुथ अपि ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પદ | વચન | પુરુષ | ગણ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अपावृण्वाथे | अप+आ+वृ | વર્તમાન | ઉભયપદી | ૨ | ૨ | ૫ | તમે બે ઉઘાડો છો |
| 2. | शृण्मः | शृ | વર્તમાન | પરસ્મૈપદી | ૩ | ૧ | ૫ | અમે સાંભળીએ છીએ |
| 3. | धुन्वते | धु | વર્તમાન | ઉભયપદી | ૩ | ૩ | ૫ | તેઓ ધ્રૂજાવે છે |
| 4. | आविष्कुर्वाते | आविस्+कृ | વર્તમાન | ઉભયપદી | ૨ | ૩ | ૮ | તે બે પ્રગટ કરે છે |
| 5. | प्रतिकुरुध्वे | प्रति+कृ | વર્તમાન | ઉભયપદી | ૩ | ૨ | ૮ | તમે પ્રતિકાર કરો છો |

[4] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | કાળ/અર્થ | રૂપ | પદ | મૂળધાતુ | વચન | પુરુષ | ગણ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | અમે બે પજવીએ છીએ | વર્તમાન | दुन्वः | પરસ્મૈપદી | दु | ૨ | ૧ | ૫ |
| 2. | તમે બે શોધો છો | વર્તમાન | विचिनुथः | ઉભયપદી | वि+चि | ૨ | ૨ | ૫ |
| 3. | તેઓ બધાં વિવરણ કરે છે | વર્તમાન | विवृण्वन्ति | ઉભયપદી | वि+वृ | ૩ | ૩ | ૫ |
| 4. | તું હોડ બકે છે | વર્તમાન | धृष्णोषि | પરસ્મૈપદી | धृष् | ૧ | ૨ | ૫ |
| 5. | તે માંગે છે | વર્તમાન | वनुते | આત્મનેપદી | वन् | ૧ | ૩ | ૮ |

**[5] આપેલ ધાતુને સમાનાર્થી બીજા ધાતુનું સમાન રૂપ :-**

1. अपावृण्वः – आविष्कुर्वः 3. धुनोमि – धुवामि 5. आप्नुथ – प्राप्नुथ
2. चिनोषि – प्रचिनोषि 4. तन्वाथे – प्रतन्वाथे

**[6] પ્રત્યયોની વિશેષતા :-**

1. अतु = માત્ર ત્રીજા ગણના અને બીજા ગણના शास्, जक्ष् વગેરે ધાતુઓ માટે છે.
2. युस् = ૧,૪,૬,૧૦ ગણના પ્રત્યય કરતા ફરક છે.
3. उस् = માત્ર ત્રીજા ગણના અને બીજા ગણના शास्, जक्ष् વગેરે ધાતુઓ માટે છે.
4. आमहै = વિકારક છે.
5. अते = ૧,૪,૬,૧૦ ગણના પ્રત્યય કરતા જુદો છે.

[7] રૂપો :-

1. धृष् – ગણ-૫ પરસ્મૈપદી - લડાઈ કરવી, કર્તરિ - વર્તમાનકાળનું રૂપ

| | | |
|---|---|---|
| धृष्णोमि | धृष्णुवः | धृष्णुमः |
| धृष्णोषि | धृष्णुथः | धृष्णुथ |
| धृष्णोति | धृष्णुतः | धृष्णुवन्ति |

2. क्षण् – ગણ-૮ પરસ્મૈપદી - હિંસા કરવી, વર્તમાનકાળ - કર્તરિનું રૂપ

| | | |
|---|---|---|
| क्षणोमि | क्षणुवः | क्षणुमः |
| | क्षण्वः | क्षण्मः |
| क्षणोषि | क्षणुथः | क्षणुथ |
| क्षणोति | क्षणुतः | क्षण्वन्ति |

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. ભગવાન મહાવીરની સેવા માટે ઈન્દ્રે સિદ્ધાર્થ નામના દેવને મોકલ્યો હતો. તો પણ ભગવાન મહાવીર તો સેવાની/સિદ્ધાર્થની અપેક્ષા વિના જ બધે ગયા.
2. વદ પક્ષમાં ચંદ્રની કલા ઘટે છે.
3. એક વર્ષ સુધી પ્રભુએ જેમ વાદળ પાણીને આપે (= વરસાવે) તેમ ધનને આપ્યું.
4. સાધુઓએ પોતાના તમામ રાગોને કાપી નાંખવા જોઈએ.
5. શત્રુંજય-ગિરનાર વગેરે અનેક તીર્થમાં ફરીને અમે ઘણું બધું પુણ્ય ભેગું કર્યું.
6. રામ-લક્ષ્મણ [આ બે] ભાઈઓએ સીતાને શોધી.
7. તે માંગવું જોઈએ [કે] જે મેળવીને બીજું કંઈ પણ માંગવાની ઈચ્છા ન થાય.
8. દેવી સરસ્વતીની કૃપાથી શ્રીમલયગિરિસૂરિ મહારાજે શાસ્ત્રોનું વિવરણ કર્યું.
9. યુદ્ધ મેદાનમાં રામે લક્ષ્મણને મોકલ્યો, પછી પોતે ગયા અને રાક્ષસો સામે લડ્યા. [બદલો વાળ્યો, સામા થયા.]

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. सीतां विचेतुं सुग्रीवः सैन्यं प्राचिनोत् ।
2. यूयं पुण्यं चिनुत, धनं न, अमुत्र पुण्यमेव समं हिनुयात् ।
3. भरतचक्रवर्ती बाहुबलिं पराजेतुं नाऽशक्नोत् ।
4. मुखं हस्ताभ्यामावृत्याऽयं कपिः 'निन्दा न कर्तव्या' इति कथयति ।
5. भगवतः जन्मकाले देवाः अनेकोदधिपानीयानि प्राचिन्वत ।
6. सज्जनान् रक्षितुं शक्नुवन्तः पापकार्येषु च अशक्ताः राजानः अस्मिन् देशे आसन् ।
7. यदा भगवद्रोगोदन्तं सिंहमुनिः श्रुतवान् तदा सोऽत्यन्तम् अदूयत ।
8. मारणान्तिकोपसर्गान् सहित्वा स्कन्दकमुनिः मोक्षमसाध्नोत् ।
9. पृथ्वीं खनित्वा स भगवन्तम् [जिनप्रतिमाम्] आविष्कृतवान् ।

## [3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | કાળ/અર્થ | પુરુષ | વચન | રૂપ | ગણ | પદ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | वन् | હ્યસ્તન ભૂતકાળ | ૧ | ૨ | अवन्वहि | ૮ | આત્મનેપદી | અમે બેએ માંગ્યું |
| 2. | ऋ | આજ્ઞાર્થ | ૨ | ૩ | ऋच्छत | ૧ | પરસ્મૈપદી | તમે જાઓ |
| 3. | शृ | હ્યસ્તન ભૂતકાળ | ૩ | ૧ | अशृणोत् | ૫ | પરસ્મૈપદી | તેણે સાંભળ્યું |
| 4. | शो | આજ્ઞાર્થ | ૧ | ૧ | श्यानि | ૪ | પરસ્મૈપદી | હું છોલું |
| 5. | सं+स्तृ | હ્યસ્તન ભૂતકાળ | ૨ | ૨ | समस्तृणुतम् | ૫ | ઉભયપદી | તમે બેએ પાથર્યું હતું |

## [4] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રત્યય | મૂળધાતુ | રૂપ | ગણ | પદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | વશ કરવું | આજ્ઞાર્થ | ૨ | ૧ | हि | वशी+कृ | वशीकुरु | ૮ | ઉભયપદી |
| 2. | માનવું | હ્યસ્તન ભૂ.કા. | ૩ | ૧ | त् | म्ना | अमनत् | ૧ | પરસ્મૈપદી |
| 3. | શોધવું | આજ્ઞાર્થ | ૨ | ૨ | तम् | वि+चि | विचिनुतम् | ૫ | ઉભયપદી |
| 4. | ફેલાવવું | હ્યસ્તન ભૂ.કા. | ૧ | ૩ | म | प्र+तन् | प्रातन्म | ૮ | ઉભયપદી |
| 5. | સ્તુતિ કરવી | આજ્ઞાર્થ | ૩ | ૨ | ताम् | पन् | पनायताम् | ૧ | ઉભયપદી |

## [5] ખૂટતી વિગતો પૂરો :-

| નં. | મૂળધાતુ | કાળ/અર્થ | ગણ | પદ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अश् | હ્યસ્તન ભૂ.કા. | ૫ | આત્મનેપદી | ૧ | आश्नुवि | आश्नुवहि | आश्नुमहि |
| 2. | धू | આજ્ઞાર્થ | ૫ | ઉભયપદી | ૨ | धुनु | धुनुतम् | धुनुत |
| 3. | धृष् | હ્યસ્તન ભૂ.કા. | ૫ | પરસ્મૈપદી | ૩ | अधृष्णोत् | अधृष्णुताम् | अधृष्णुवन् |
| 4. | घ्रा | આજ્ઞાર્થ | ૧ | પરસ્મૈપદી | ૨ | जिघ्र | जिघ्रतम् | जिघ्रत |
| 5. | भ्रस्ज् | હ્યસ્તન ભૂ.કા. | ૬ | ઉભયપદી | ૧ | अभृज्जम् | अभृज्जाव | अभृज्जाम |

## [6] જોડેલા જોડકાં :-

| | A | | B |
|---|---|---|---|
| 1. | प्रहिणोमि | - | गूहामि |
| 2. | प्राहिणोत् | - | अगूहत् |
| 3. | प्राहिणुत | - | अगूहत |
| 4. | प्रहिणुथः | - | गूहथः |
| 5. | प्रहिणु | - | गूह |
| 6. | प्रहिण्वन्तु | - | गूहन्तु |
| 7. | प्रहिणुतम् | - | गूहतम् |
| 8. | प्राहिण्वन् | - | अगूहन् |
| 9. | प्राहिण्व | - | अगूहाव |

## [7] રૂપો :-

1. शक् - ગણ-૫ પરસ્મૈપદ, શક્તિમાન હોવું, હ્યસ્તનભૂતકાળનું કર્તરિ રૂપ

| | | |
|---|---|---|
| अशक्नवम् | अशक्नुव | अशक्नुम |
| अशक्नोः | अशक्नुतम् | अशक्नुत |
| अशक्नोत् | अशक्नुताम् | अशक्नुवन् |

2. घ्रा [जिघ्र]-ગણ-૧ પરસ્મૈપદ- આજ્ઞાર્થનું કર્તરિ રૂપ

| | | |
|---|---|---|
| जिघ्राणि | जिघ्राव | जिघ्राम |
| जिघ्र | जिघ्रतम् | जिघ्रत |
| जिघ्रतु | जिघ्रताम् | जिघ्रन्तु |

❋ ❋ ❋

## [illegible]

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ધન્ય સાધુ ભગવંતે [ધન્ના અણગારે] આંબેલ કરીને પોતાનું [આત્માનું] કલ્યાણ સાધી લીધું. તમારે પણ તેવી જ રીતે [આત્મકલ્યાણ] સાધવું જોઈએ.
2. તિરસ્કારનો જ તિરસ્કાર અને પ્રતિકારનો જ સામનો પ્રગટ કરવો જોઈએ.
3. હું સામાયિક કરું [ઈચ્છા], તું પણ કર. કારણ કે સામાયિકમાં શ્રાવક સાધુ જેવો થાય છે.
4. સમુદ્રનો આ અવાજ સંભળાઓ. [તેના દ્વારા]
5. તું જો પ્રિય બોલનારો, ઓછું બોલનારો અને હિતકારી બોલનારો થઈશ તો બધાના મનમાં તું પ્રવેશ પામીશ.
6. હમણાં આ આપત્તિમાં ડૂબેલો હું શું કરું ?
7. તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાઓને અસુરો 'હું ફેંકું' આવા સંકલ્પથી ફેંકે છે.
8. 'બધાં માણસો સુખને પામો' - આ પ્રમાણે સજ્જનો વિચારે છે.
9. જો જીવો દ્વારા જ્ઞાન ભેગું કરાય, સદ્ગુરુઓ શોધાય તો તે જીવો જલદીથી મોક્ષમાર્ગને મેળવીને મોક્ષને સાધી લે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. सेवकेन कुथैः भूमिः व्रियताम् ।
2. त्वं ज्ञानं प्राप्नुहि, सत्यं विचिनु, तत्सत्यं स्वीकर्तुं संयस्य ।
3. धनम् अपचिनुत, धर्मं प्रचिनुत ।
4. जीवरक्षार्थं सायं त्वं कम्बलं वृणु ।
5. सः तत्त्वं न अवबोधति, अतः उदाहरणेनाऽहं विवृणवानि ।
6. यूयं स्वजीवनम् अपावृणुत, अलोचनां कुरुत येन आत्मनः शुद्धिः सम्यग् भवेत् ।
7. इमां प्रतिमां वृणुत ।
8. रागादयः आध्यात्मिकाः शत्रवः त्वया सदा वशीकरणीयाः ।
9. वातायनं वृणु, येन ध्वनिः नाऽगच्छेत् ।

## [3] ઓળખાણ :-

| નં. | ધાતુ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રયોગ | રૂપ | ગણ | પદ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | मन् | વિધ્યર્થ | ૨ | ૧ | કર્તરિ | मन्वीथाः | ૮ | આત્મનેપદી | માનવું |
| 2. | सन् | આજ્ઞાર્થ | ૩ | ૨ | કર્મણિ | सन्येताम् | ૮ | ઉભયપદી | દાન કરવું |
| 3. | अप+आ+वृ | હ્યસ્તન ભૂ.કા. | ૧ | ૩ | કર્તરિ | अपावृण्म | ૫ | ઉભયપદી | ઉઘાડવું |
| 4. | क्षिण् | વર્તમાનકાળ | ૨ | ૨ | કર્મણિ | क्षिण्येथे | ૮ | ઉભયપદી | હિંસા કરવી |
| 5. | धृष् | વિધ્યર્થ | ૩ | ૩ | કર્મણિ | धृष्णुयुः | ૫ | પરસ્મૈપદી | લડાઈ કરવી |

## [4] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રયોગ | ધાતુ | રૂપ | ગણ | પદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ફેલાવું | વિધ્યર્થ | ૨ | ૨ | કર્તરિ | वि+आप् | व्याप्नुयातम् | ૫ | પરસ્મૈપદી |
| 2. | પાથરવું | આજ્ઞાર્થ | ૧ | ૩ | કર્તરિ | प्र+तन् | प्रतनवाम | ૮ | ઉભયપદી |
| 3. | સ્વીકારવું | હ્યસ્તન ભૂ.કા. | ૩ | ૨ | કર્મણિ | अङ्गी+कृ | अङ्गयक्रियेताम् | ૮ | ઉભયપદી |
| 4. | ઢાંકવું | વર્તમાનકાળ | ૩ | ૩ | કર્તરિ | वृ | वृण्वन्ति | ૫ | ઉભયપદી |
| 5. | ધ્રૂજાવવું | વિધ્યર્થ | ૨ | ૧ | કર્તરિ | धु | धुनुयाः | ૫ | ઉભયપદી |

## [5] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રયોગ | રૂપ | ગણ | પદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अप+चि | ઘટવું | વિધ્યર્થ | ૧ | ૨ | કર્તરિ | अपचिन्वीवहि | ૫ | ઉભયપદી |
| 2. | वि+वृ | વિવરણ કરવું | આજ્ઞાર્થ | ૨ | ૧ | કર્તરિ | विवृणु | ૫ | ઉભયપદી |
| 3. | वन् | માંગવું | આજ્ઞાર્થ | ૩ | ૨ | કર્તરિ | वन्वाताम् | ૮ | આત્મનેપદી |
| 4. | प्र+हि | મોકલવું | વિધ્યર્થ | ૨ | ૨ | કર્મણિ | प्रहीयेयाथाम् | ૫ | પરસ્મૈપદી |
| 5. | दु | દુઃખી કરવું | વર્તમાનકાળ | ૩ | ૧ | કર્તરિ | दुनोति | ૫ | પરસ્મૈપદી |

## [6] કોષ્ટકના બધા શબ્દો વાપરી બનતા રૂપ + કૃદન્તો :-

1. वृणुयातम्
2. चिन्वीध्वम्
3. अचिन्म
4. क्षिणुत
5. अक्षिणोः
6. तायमान
7. क्षण्वान
8. क्रियै
9. सन्वीयाथाम्
10. सनु
11. व्रियते
12. चिन्वीत
13. स्तृण्वीयाथाम्
14. अचिन्व

## [7] રૂપો :-

**1.** मन् – ગણ-૮, આત્મનેપદ મનન કરવું, વિધ્યર્થ-કર્તરિરૂપ

| | | |
|---|---|---|
| मन्वीय | मन्वीवहि | मन्वीमहि |
| मन्वीथाः | मन्वीयाथाम् | मन्वीध्वम् |
| मन्वीत | मन्वीयाताम् | मन्वीरन् |

**2.** वन् – ગણ-૮ આત્મનેપદ, માંગવું આજ્ઞાર્થ-કર્તરિ રૂપ

| | | |
|---|---|---|
| वनवै | वनवावहै | वनवामहै |
| वनुष्व | वन्वाथाम् | वनुध्वम् |
| वनुताम् | वन्वाताम् | वन्वताम् |

# પાઠ - ૬

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. તું જે ઈચ્છે છે તે માંગી લે - આ પ્રમાણે રાજા દ્વારા અનુજ્ઞા અપાયેલા વસ્તુપાલે ભગવાનની પ્રતિમા માટે [આરસપહાણનો] પથ્થર માંગ્યો ! [પસંદ કર્યો]
2. ધર્મના ઉજ્જવળ એવા મહિમાને જાણતા/જાણનારા લોકો પણ ધર્મને કરતા નથી.
3. દુર્જનો સારા ગુણો રૂપી વૈભવને ચોરી જાય છે. આથી દુર્જનોના સંગને છોડી સજ્જનોના સંગ દ્વારા પોતાના સારા વિચારો પુષ્ટ કરવા જોઈએ.
4. તપસ્વી મહાત્માઓ પોતાના આત્માને જાણે છે, ગુણોનું ગ્રહણ કરે છે, દોષોને કાપે છે, પાપને છેદે છે, કર્મોને મસળી નાંખે છે, આત્મામાં લીન થઈ જાય છે અને મોક્ષને મેળવે છે. ધન્ય છે તેઓને, અમે તેમને નમસ્કાર કરીએ છીએ.
5. ભગવાનની પૂજા માટે અમે શ્રેષ્ઠ, અત્યંત કિંમતી એવું ચંદન ખરીદીએ છીએ.
6. ભગવાનની દેશનાના સમયે દેવો વિવિધ રંગવાળા ફૂલોથી જમીનને ઢાંકે છે.
7. બળદ થઈને [બળદનું રૂપ લઈને] બીજા દેવલોકના ઈન્દ્રે મેરુપર્વત ઉપર ભગવાનનો અભિષેક કર્યો.
8. જે પોતાના જ્ઞાનથી અક્કડ થાય છે તેનું જ્ઞાન પણ અટકી જાય છે.
9. ગૌતમસ્વામી પ્રભુના વિયોગથી [રડી-રડી] પહેલા પોતે બળ્યા. પછી પોતાના કર્મોને બાળી નાંખ્યા.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. सद्विचारैः चित्तं सत्कार्यैश्च देहं सोऽपुनात् ।
2. प्रमादः क्रोधश्च बुद्धिं मीनीतः ।
3. तीर्थङ्कराः अर्थं कथयन्ति, गणधराः तम् अर्थं सूत्रे / सूत्रेण ग्रथ्नन्ति ।
4. धनं त्यक्त्वा शालिभद्रः धर्मम् अवृणीत ।
5. रागद्वेषौ आत्मानं कर्मभिः बध्नीतः ।
6. स न कदापि आपणात्क्रीतं भोजनम् अश्नाति, अतः तस्य वपुषि नैव रोगः उत्पद्यते ।
7. जिनपूजा मनः, वाचम्, कायाञ्च पुनाति ।
8. स्कन्दकमुनिना पुष्टानि महाव्रतानि कर्माणि अमृद्नन् ।

9. पुरुषः प्रायः यौवनेन धनेन च स्तभ्नाति किन्तु अयं तु राजाऽपि यौवनस्थितोऽपि च न स्तभ्नाति ।

**[3] ખૂટતી વિગતો :-**

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | વચન | પ્રથમ પુરુષ | દ્વિતીય પુરુષ | તૃતીય પુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अश् | ખાવું | ૯ | પરસ્મૈપદી | વર્તમાન | ૩ | अश्नीमः | अश्नीथ | अश्नन्ति |
| 2. | ग्रन्थ् | ગૂંથવું | ૯ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૧ | अग्रथ्नाम् | अग्रथ्नाः | अग्रथ्नात् |
| 3. | ग्रह् | ગ્રહણ કરવું | ૯ | ઉભયપદી | વર્તમાન | ૨ | गृह्णीवहे | गृह्णाथे | गृह्णाते |
| 4. | पुष् | પોષવું | ૯ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૩ | अपुष्णीम | अपुष्णीत | अपुष्णन् |
| 5. | ली | ઓગળવું | ૯ | પરસ્મૈપદી | વર્તમાન | ૧ | लिनामि | लिनासि | लिनाति |

**[4] ખૂટતી વિગતો :-**

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | प्लुष् | બાળવું | ૯ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૧ | अप्लुष्णाम् | अप्लुष्णीव | अप्लुष्णीम |
| 2. | स्तभ् | ગર્વિષ્ઠ થવું | ૯ | પરસ્મૈપદી | વર્તમાન | ૨ | स्तभ्नासि | स्तभ्नीथः | स्तभ्नीथ |
| 3. | लू | કાપવું | ૯ | ઉભયપદી | હ્યસ્તન | ૩ | अलुनात् | अलुनीताम् | अलुनन् |
| 4. | मी | નાશ કરવો | ૯ | ઉભયપદી | વર્તમાન | ૨ | मीनीषे | मीनाथे | मीनीध्वे |
| 5. | पू | પવિત્ર કરવું | ૯ | ઉભયપદી | હ્યસ્તન | ૨ | अपुनाः | अपुनीतम् | अपुनीत |

**[5] ખૂટતી વિગતો :-**

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | પ્રત્યય | પુરુષ | વચન | રૂપ | કાળ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | તે બેએ જાણ્યું | ज्ञा | ૯ | ઉભયપદી | ताम् | ૩ | ૨ | अजानीताम् | હ્યસ્તન |
| 2. | અમે બધાંએ પસંદ કર્યું | वृ | ૯ | ઉભયપદી | म | ૧ | ૩ | अवृणीम | હ્યસ્તન |
| 3. | તું ખરીદે છે | क्री | ૯ | ઉભયપદી | सि | ૨ | ૧ | क्रीणासि | વર્તમાન |
| 4. | તમે બધાંએ ચૂરેચૂરો કરી દીધો | मृद् | ૯ | પરસ્મૈપદી | त | ૨ | ૩ | अमृद्नीत | હ્યસ્તન |
| 5. | અમે બેએ ખાધું | अश् | ૯ | પરસ્મૈપદી | व | ૧ | ૨ | आश्नीव | હ્યસ્તન |

**[6] પૂરેલી ખાલી જગ્યા :-**

1. अश् - अशितुम्   3. मृद् - मृद्नत्   5. ग्रह् - गृहीत
2. ज्ञा - ज्ञातुम्   4. स्तृ - स्तीर्त्वा

**[7] જોડેલાં જોડકા :-**

| | A | | B |
|---|---|---|---|
| 1. | अक्रीणीतम् | - | अचिनुतम् |
| 2. | क्रीणन्ति | - | चिन्वन्ति |
| 3. | अक्रीणात् | - | अचिनोत् |
| 4. | क्रीणे | - | चिन्वे |
| 5. | अक्रीणाः | - | अचिनोः |

❋ ❋ ❋

## પાઠ - ૭

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ભગવાને ક્રોધને દૂર કરી નાંખ્યો, માનને દૂર કરી નાંખ્યું, માયાને દૂર કરી નાખી, લોભને દૂર કરી નાંખ્યો, પ્રમાદને દૂર કરી નાંખ્યો, અસત્યને દૂર કરી નાંખ્યું [= આ બધી વસ્તુઓ છોડી દીધી] અને તેથી કેવલજ્ઞાન મેળવ્યું.
2. સાધુ ભગવંતને પોતે જાતે રાંધવું યોગ્ય નથી અને પોતાના માટે રાંધેલું લેવાને પણ કલ્પતું નથી / યોગ્ય નથી. ગૃહસ્થો દ્વારા પોતાના માટે જે રંધાયુ હોય તે જ સાધુ ભગવંતે લેવું જોઈએ.
3. પાથરેલી શેત્રંજી ઉપર સાધુઓ જીવ હિંસાની શંકાથી ચાલતા નથી.
4. ભગવાનમાં [ભગવાનના ધ્યાનમાં] લીન થયેલો તે પોતાની માતાને પણ ઓળખવાને શક્તિમાન નથી. [માતાને ઓળખી પણ નથી શકતો.]
5. જે જીવોને ફાડે છે, કાપે છે તે પોતાની જાતને પાપોથી ભરી દે છે. ધિક્કાર હો તેને !
6. હમણાં શરીર અડધી ઉંમરે કે નાની ઉંમરે જ ગળી જાય છે અને ઘરડું થઈ જાય છે. આ બધો પણ દુકાનના ખોરાકનો દુષ્પ્રભાવ છે - એ પ્રમાણે નિશ્ચિત થાય છે. આથી તું સ્વાદિષ્ટ પણ દુકાનના ખોરાકને છોડી દે. [હોટલનું ખાવાનું છોડી દે.]
7. મેં ઘરે આવેલા બધાંને ખુશ કર્યા, અત્યારે પણ ખુશ કરું છું અને તેથી [બસ, મારી એક જ ઈચ્છા છે કે] મારું હૃદય આનંદથી ભરાઈ જાઓ !
8. વિચારીને બોલવું જોઈએ, જે કારણે સજ્જનો બોલીને ફરતા નથી.
9. જેમ લોકો છાશને મથીને માખણ મેળવે છે તેવી રીતે જ સાધુ ભગવંતો શાસ્ત્રનું મંથન કરીને [શાસ્ત્રોને મથીને] તત્ત્વને ગ્રહણ કરે છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. मां प्लुष्णन् मम श्वशुरः वस्तुतः प्लोषितव्यानि मत्कर्माणि प्लुषित्वा मां मोक्षं प्रहिणोति इति गजसुकुमालमुनिः अमन्त्रयत / व्यमृशत् ।
2. जीवने प्रविशन्ति पापानि त्वं स्तभान, अन्यथा नरके असुराः त्वां दृणीयुः ।
3. त्वं सत्यं वृणीष्व ।
4. धनं त्यज, धर्मं वृणीहि, अतिथीन् प्रीणीहि ।
5. जह्नुकुमारः अष्टापदपरिखां यदा अद्भिः पृणाति तदा क्रुद्धः नागराड् जह्नुकुमारमप्लुष्णात् ।

6. यूयं स्वदोषान् लुनीत येन शीघ्रं मोक्षः स्यात् ।
7. प्रव्रज्याकाले साधुः महाव्रतान्यगृह्णाद् यावज्जीवं च अपालयत् ।
8. भगवद्वचनानि श्रुत्वा तदाचरितुम् अहं संयस्यामि ।
9. त्वं स्वं जानीहि, दोषं लुनीहि, यतः इत्थं जीवः पापं लुनाति मोक्षं च प्राप्नोति ।

[3] કર્મણિ વાક્યો :-

1. महावीरेण गौतमः आज्ञायते ।
2. कुथेन भृत्येन भूमिरास्तीर्यत ।
3. अनुकम्पया तेन सर्वे जीवाः / सर्वजीवाः प्रीयन्ते ।
4. कोऽपि जीवः न कीर्येत ।
5. शीघ्रम् ओदनः श्रीयतां त्वया ।

[4] ખૂટતી વિગતો :-

| નં. | મૂળધાતુ | અર્થ | ગણ | પદ | પ્રયોગ | કાળ | વચન | પ્રથમપુરુષ | દ્વિતીયપુરુષ | તૃતીયપુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | अभि+ज्ञा | ઓળખવું | ૯ | ઉભયપદી | કર્તરિ | હ્યસ્તન | ૧ | अभ्यजानाम् | अभ्यजानाः | अभ्यजानात् |
| 2. | कृ | મારવું | ૯ | ઉભયપદી | કર્મણિ | આજ્ઞાર્થ | ૨ | कीर्यावहै | कीर्येथाम् | कीर्येताम् |
| 3. | मन्थ् | મથવું | ૯ | પરસ્મૈપદી | કર્તરિ | વર્તમાન | ૩ | मथ्नीमः | मथ्नीथ | मथ्नन्ति |
| 4. | पृ | પૂરવું | ૯ | પરસ્મૈપદી | કર્મણિ | વિધ્યર્થ | ૨ | पूर्येवहि | पूर्येयाथाम् | पूर्येयाताम् |
| 5. | गृ | બોલવું | ૯ | પરસ્મૈપદી | કર્તરિ | આજ્ઞાર્થ | ૧ | गृणानि | गृणीहि | गृणातु |

[5] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | પ્રયોગ | કાળ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ગ્રહણ કરવું | ग्रह् | ૯ | ઉભયપદી | કર્મણિ | વિધ્યર્થ | ૧ | गृह्येय | गृह्येवहि | गृह्येमहि |
| 2. | ચૂરેચૂરા કરવા | मृद् | ૯ | પરસ્મૈપદી | કર્તરિ | વર્તમાન | ૨ | मृद्नासि | मृद्नीथः | मृद्नीथ |
| 3. | ગર્વિષ્ઠ થવું | स्तम्भ् | ૯ | પરસ્મૈપદી | કર્તરિ | આજ્ઞાર્થ | ૩ | स्तभ्नातु | स्तभ्नीताम् | स्तभ्नन्तु |
| 4. | પસંદ કરવું | वृ | ૯ | ઉભયપદી | કર્તરિ | હ્યસ્તન | ૨ | अवृणाः | अवृणीतम् | अवृणीत |
| 5. | ચોરવું | मुष् | ૯ | પરસ્મૈપદી | કર્મણિ | વિધ્યર્થ | ૩ | मुष्येत | मुष्येयाताम् | मुष्येरन् |

[6] કૌંસમાં આપેલા ધાતુના સમાન રૂપ વડે પૂરેલી ખાલી જગ્યા :-

1. कृणमः - गृणीमः
2. अवृणुत - अमृद्नीत
3. धुनवाव - धूनयाव
4. आश्नुवाथाम् - प्रातन्वाथाम्
5. स्तृणुयाताम् - क्रीणीयाताम्

[7] **સંપૂર્ણ સાધનિકા :-**

1. **अपुनन्**

મૂળધાતુ पू + अन् ← હ્યસ્તનભૂતકાળનો પ્રત્યય

નિયમ - ૧ થી पु + अन् = पु + न् + अन्

↓

સ્વરાદિ પ્રત્યય પૂર્વે ગણની નિશાની

= अपुनन् [अ હ્યસ્તનભૂતકાળનો]

2. **अबध्नाम्**

મૂળધાતુ बन्ध् + अम् ← હ્યસ્તનભૂતકાળનો પ્રત્યય

નિયમ - ૨ થી बध् + ना + अम्

↓

વિકારક પ્રત્યય પૂર્વે ગણની નિશાની

= अबध्नाम्

3. **लिनन्ति**

મૂળધાતુ ली + न् [સ્વરાદિ પ્રત્યય પૂર્વે] + अन्ति

નિયમ - ૧ થી लि + न् + अन्ति = लिनन्ति

4. **अस्तभ्नात्**

= स्तम्भ् + त् [હ્યસ્તનભૂતકાળનો] = स्तम्भ् + ना + त्

↓

વિકારક પ્રત્યય પૂર્વે ગણની નિશાની

= स्तभ् [નિયમ - ૨થી] + ना + त् = अस्तभ्नात्

5. **स्तृणासि**

મૂળધાતુ स्तृ + ना + सि

= નિયમ - ૧થી स्तृ + ना + सि

= વ્યંજનસંધિ નિયમ - ૧૦થી स्तृ + णा + सि

= स्तृणासि

***

# પાઠ - ૮

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. સાધુ તપ દ્વારા અશુભ કાયાની પ્રવૃત્તિ અટકાવી પાપોનો નાશ કરે છે.
2. પાંચમ-આઠમ-ચૌદશના દિવસે શ્રાવિકાઓ અનાજ પીસતી નથી.
3. માતાએ બાળકની બંને આંખમાં રોજેરોજ અંજન કર્યું હતું. આથી અત્યારે બાળકની બંને આંખો અત્યંત પ્રકાશે છે, ચમકે છે.
4. આ વાત સ્પષ્ટ છે કે - 'જે કોઈને પણ મારતો નથી તેને કોઈ પણ મારતું નથી.'
5. કમઠે અજ્ઞાનથી લાકડા બાળી તપ કરેલું ત્યારે પાર્શ્વનાથ ભગવાન બોલેલા - 'લાકડું ન બાળવું જોઈએ, પણ અજ્ઞાન બાળવું જોઈએ.'
6. માનવભવ મેળવીને કર્મો જ છેદવા જોઈએ - આ પ્રમાણે સાંભળીને ગજસુકુમાલ મુનિ દીક્ષા લઈને સ્મશાનમાં ગયા. ત્યાં ઉપસર્ગ આવે છતે પણ સમતાથી સહન કરતા તે ગજસુકુમાલ મુનિએ બધાં કર્મોને છેદી સંસારને છેદી નાંખ્યો.
7. હું ક્યારેય પણ કોઈ પણ જીવને મારતો નથી. કારણ કે ભગવાન મહાવીર દ્વારા ઉપદેશાયેલા માર્ગને હું અનુસરું છું.
8. જેના દ્વારા ભોગો ભોગવાઈ ગયા છે તેઓ પણ તુષ્ટ નથી, જેના દ્વારા ભોગવાઈ રહ્યા છે તે પણ સુખી નથી, જે ભોગવવાને ઈચ્છે છે તે પણ વ્યાકુળ છે પણ જેના દ્વારા ભોગો છોડાયા છે તે શ્રમણ ભગવંતો સુખી છે. આથી ભોગો ભોગવવા યોગ્ય નથી, છોડવા યોગ્ય છે.
9. જેના દ્વારા શરીર અને આત્મા છૂટા કરાયા છે તે સિદ્ધ થઈ ગયેલા કહેવાય છે અને જેઓ દેહ - આત્માને છૂટા કરવા માટે પ્રયત્નશીલ છે તે સાધુઓ કહેવાય છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. श्रमणैः सह सम्पृक्तोऽहं प्रव्रजितुं शक्नुवान् ।
2. यदा नरके पापः त्वं वृजिनैः असुरैः प्लुष्टः [इद्धः], क्षुण्णः, छिन्नः, तृहितः, पिष्टः, भिन्नः तदा त्वां रक्षितुं न कोऽपि शक्तः आसीत् ।
3. धर्म एव त्वां श्वभ्रे रक्षितुं क्लृप्तोऽस्ति, अतः आचर धर्मम् ।

4. यथा काष्ठं वह्निना इध्यते तथा दुष्टशब्दैः नरः इध्यते ।
5. स्वकर्माणि युवाम् अभिन्तम् ।
6. ते श्रमणाः न कमपि जीवम् अहिंसन् ।
7. स्वगात्राणि छिन्दन्तं नरमपि न ते श्रमणाः समकुप्यन् ।
8. तेषामियं क्रिया तेषां दयां व्यनक्ति ।
9. आपत्सु समतया दुःखानि सहस्व, यतः समता कर्माणि दुःखानि च तृणेढि ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | કાળ | ગણ | પદ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | सम्+पृच् | સંપર્કમાં આવવું | વર્તમાન | ૭ | પરસ્મૈપદી | ૧ | संपृणच्मि | संपृञ्च्वः | संपृञ्च्मः |
| 2. | भिद् | ભેદવું | હ્યસ્તન | ૭ | ઉભયપદી | ૨ | अभिन्त्थाः | अभिन्दाथाम् | अभिन्द्ध्वम् |
| 3. | भञ्ज् | ભાંગવું | વર્તમાન | ૭ | પરસ્મૈપદી | ૩ | भनक्ति | भङ्क्तः | भञ्जन्ति |
| 4. | तृह् | નષ્ટ કરવું | હ્યસ્તન | ૭ | પરસ્મૈપદી | ૨ | अतृणेट्-ड् | अतृण्ढम् | अतृण्ढ |
| 5. | इन्ध् | સળગાવવું | વર્તમાન | ૭ | આત્મનપદી | ૩ | इन्द्धे | इन्धाते | इन्धते |

[4] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | મૂળધાતુ | કાળ | ગણ | પદ | વચન | प्र. પુરુષ | द्वि. પુરુષ | तृ. પુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | નીમવું | नि+युज् | વર્તમાન | ૭ | ઉભયપદી | ૧ | नियुनज्मि | नियुनक्षि | नियुनक्ति |
| 2. | ખાલી કરવું | रिच् | હ્યસ્તન | ૭ | ઉભયપદી | ૨ | अरिञ्च्व | अरिङ्क्तम् | अरिङ्क्ताम् |
| 3. | ભેદ કરવો | भिद् | વર્તમાન | ૭ | ઉભયપદી | ૩ | भिन्द्मः | भिन्त्थ | भिन्दन्ति |
| 4. | દળવું | पिष् | હ્યસ્તન | ૭ | પરસ્મૈપદી | ૨ | अपिंष्व | अपिंष्टम् | अपिंष्टाम् |
| 5. | જમવું | भुज् | વર્તમાન | ૭ | ઉભયપદી | ૨ | भुञ्ज्वः | भुङ्क्थः | भुङ्क्तः |

[5] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | હેત્વર્થ | સંબંધક | વર્તમાન કર્તરિ | વર્તમાન કર્મણિ | કર્તરિ ભૂત | કર્મણિ ભૂત | तव्य | अनीय | य |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | छिद् | छेत्तुम् | छित्त्वा | छिन्दत् | छिद्यमान | छिन्नवत् | छिन्न | छेत्तव्य | छेदनीय | छेद्य |
| 2. | अञ्ज् | अङ्क्तुम् | अङ्क्त्वा | अञ्जत् | अज्यमान | अङ्क्तवत् | अङ्क्त | अङ्क्तव्य | अञ्जनीय | अञ्ज्य |
| 3. | रुध् | रोद्धुम् | रुद्ध्वा | रुन्धत् | रुध्यमान | रुद्धवत् | रुद्ध | रोद्धव्य | रोधनीय | रोध्य |
| 4. | पिष् | पेष्टुम् | पिष्ट्वा | पिंषत् | पिष्यमाण | पिष्टवत् | पिष्ट | पेष्टव्य | पेषणीय | पेष्य |
| 5. | रिच् | रेक्तुम् | रिक्त्वा | रिञ्चान | रिच्यमान | रिक्तवत् | रिक्त | रेक्तव्य | रेचनीय | रेच्य |

[6] રૂપો :-

1. तृह् - ગણ - ૭ પરસ્મૈપદી, નાશ કરવો, વર્ત.કા.નું રૂપ

| | | |
|---|---|---|
| तृणेह्मि | तृंह्वः | तृंह्मः |
| तृणेक्षि | तृण्ढः | तृण्ढ |
| तृणेढि | तृण्ढः | तृंहन्ति |

2. छिद् - ગણ - ૭ ઉભયપદી, છેદવું, હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | | |
|---|---|---|
| अच्छिनदम् | अच्छिन्द्व | अच्छिन्द्म |
| अच्छिनः/अच्छिनत्-द् | अच्छिन्तम् | अच्छिन्त |
| अच्छिनत्-द् | अच्छिन्ताम् | अच्छिन्दन् |

[7] રૂપો :-

1. अनेहस् = પું. કાળ

| | | |
|---|---|---|
| अनेहा | अनेहसौ | अनेहसः |
| अनेहसम् | ,, | ,, |
| अनेहसा | अनेहोभ्याम् | अनेहोभिः |
| अनेहसे | ,, | अनेहोभ्यः |
| अनेहसः | ,, | ,, |
| ,, | अनेहसोः | अनेहसाम् |
| अनेहसि | ,, | अनेहस्सु |
| अनेहः ! | अनेहसौ ! | अनेहसः ! |

2. अर्यमन् = પું. સૂર્ય

| | | |
|---|---|---|
| अर्यमा | अर्यमणौ | अर्यमणः |
| अर्यमणम् | ,, | अर्यम्णः |
| अर्यम्णा | अर्यमभ्याम् | अर्यमभिः |
| अर्यम्णे | ,, | अर्यमभ्यः |
| अर्यम्णः | ,, | ,, |
| ,, | अर्यम्णोः | अर्यम्णाम् |
| अर्यम्णि, अर्यमणि | ,, | अर्यमसु |
| अर्यमन् ! | अर्यमणौ ! | अर्यमणः ! |

* * *

## સંસ્કૃત > English

જગર્નોટના ખુલાસામાં આપણે જોયું કે મૂળવાત ક્યાં હોય અને ચલણી બનતો શબ્દ ક્યાં પહોંચી ગયો હોય !!! આ રીતે ફેરફાર પામે રાખતી અંગ્રેજી ભાષા કંઈ રીતે વિશ્વસનીય બને ? આ બાબતે જગતની તમામ ભાષાઓમાં સંસ્કૃત અપવાદ છે. તેના સ્વરૂપમાં ફેરફારને અવકાશ નથી, કારણ કે તે નિયમબદ્ધ છે.

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. દયાળુ માણસ નિર્દયી સાથેનો સંગ છોડી દે છે. ઉત્તમ માણસ શૂદ્ર માણસો સાથે વાતચીતને છોડી દે છે, પણ સજ્જનો સાથે નહીં. જેમ રોગી અપથ્યને છોડે, પણ ઔષધને નહીં.
2. તીર્થંકરો મનથી જ અનુત્તર દેવોની શંકાઓ છેદે છે અને વાણીથી માનવોની શંકાઓ છેદે છે.
3. 'તું કાપ, અટકાવ, પીસ, છેદ, ખાંડ, ભેદ, માર, બાળ' - આવી ભાષા સાવદ્યભાષા કહેવાય છે. તેને તું છોડ.
4. પોતાનું અને બીજાનું - આ બેના અંતરને છેદી નાંખવું જોઈએ. અને 'મારું બધું તારું છે' - આ પ્રમાણે ભાવનાને પ્રગટ કરવી જોઈએ.
5. મહાવીર સ્વામી સંગમના ઉપસર્ગોમાં ખેદ ન પામ્યા, પણ તેનો સંસાર વધવાથી ખેદ પામ્યા.
6. આચાર્યે પોતાના યોગ્ય શિષ્યને આચાર્યપદે નીમવો જોઈએ.
7. પાપી પાલક દ્વારા ચૂરેચૂરા કરાયેલા સાધુઓ પોતાના કર્મોને ખાંડી મોક્ષમાં ગયા.
8. કેટલાંક લોકો પૈસા માટે દોડે છે, કેટલાંક લોકો પત્ની માટે દોડે છે, પણ સર્વ ઈષ્ટ વસ્તુઓને આપનાર ધર્મ માટે કોઈ પ્રયત્ન કરતું નથી.
9. 'કોઈ પણ જીવોની હિંસા ન કરવી જોઈએ' - જૈનો આ વિધિને શબ્દશઃ અનુસરે છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. याचमानाय दीनाय धनं यच्छन्तं मां मा रुन्द्धि ।
2. अद्यप्रभृति अहं त्वाम् उपाध्यायपदे नियुनज्मि, ततस्त्वं तव पदं प्रति अप्रमत्तो भव ।
3. वने केचित् पशवः अन्यं हिंसन्ति, अतः ते हिंस्राः [हिंसकाः] कथ्यन्ते ।
4. यत्किञ्चित् त्वम् अवाप्नुयाः तदेव भुञ्ज्याः, अन्यधनं मा गृध्वस्व ।

5. स्वगृहागतं याचकं [अर्थिनं] 'कियद् धनं आवश्यकम् [अभिप्रेतम्] ?' इति सः अपृच्छत् ।

6. अहं मम दुःखानि तत्पुरः व्यानजम्, अतः तस्य हृदयम् अखिन्त ।

7. विद्यार्थिनः सज्ज्ञाने युञ्ज्यात्, प्रजाः सन्मार्गे युञ्ज्यात् । यो राजा इत्थं युङ्क्ते तस्य राज्यं सुराष्ट्रं भवति ।

8. पश्यत, सः पशून् व्यशिनट्, अधुना यूयम् अपि पशून् विशिंष्यात ।

9. भगवतः देशनां श्रुत्वा तस्याज्ञानं छिन्नम्, कर्माणि भिन्नानि, मिथ्यात्वं रिक्तम् ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | કાળ | પ્રયોગ | પદ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | भुज् | જમવું | હ્યસ્તન | કર્તરિ | ઉભયપદી | ૧ | अभुनजम् | अभुञ्ज्व | अभुञ्ज्म |
| 2. | भञ्ज् | ભાંગવું | આજ્ઞાર્થ | કર્તરિ | પરસ્મૈપદી | ૨ | भङ्ग्धि | भङ्क्तम् | भङ्क्त |
| 3. | पिष् | પીસવું | વિધ્યર્થ | કર્તરિ | પરસ્મૈપદી | ૩ | पिंष्यात् | पिंष्याताम् | पिंष्युः |
| 4. | खिद् | ખેદ પામવો | હ્યસ્તન | કર્તરિ | આત્મનેપદી | ૨ | अखिन्त्थाः | अखिन्दाथाम् | अखिन्द्ध्वम् |
| 5. | वृज् | છોડવું | આજ્ઞાર્થ | કર્મણિ | પરસ્મૈપદી | ૩ | वृज्यताम् | वृज्येताम् | वृज्यन्ताम् |

[4] કર્તરિ વાક્યોનું કર્મણિ :-

1. त्वया काष्ठाय वृक्षः मा छिद्यताम् ।
2. तैः परकीयं वसु अगृध्यत ।
3. अर्यम्णा अन्धकारः भिद्यते ।
4. त्वया मा हिंस्येरन् सर्वभूतानि ।
5. याचमानायाऽर्थिने वसु यच्छन् अहं [त्वया] मा रुध्यै ।

[5] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | પ્રત્યય | પુરુષ | વચન | કાળ | રૂપ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | તે બંને ડર્યા હતા | उद्+विज् | ૭ | પરસ્મૈપદી | ताम् | ૩ | ૨ | હ્યસ્તન | उदविङ्क्ताम् |
| 2. | તમારે બંનેએ નીમવું જોઈએ | नि+युज् | ૭ | ઉભયપદી | यातम् | ૨ | ૨ | વિધ્યર્થ | नियुञ्ज्यातम् |
| 3. | અમે બંનેએ પૂછ્યું | अनु+युज् | ૭ | ઉભયપદી | व | ૧ | ૨ | હ્યસ્તન | अन्वयुञ्ज्व |
| 4. | તમે બંને વેગળા રહો | वृज् | ૭ | પરસ્મૈપદી | तम् | ૨ | ૨ | આજ્ઞાર્થ | वृङ्क्तम् |
| 5. | તેઓ બધાં ખેદ પામ્યા | खिद् | ૭ | આત્મનેપદી | अत | ૩ | ૩ | હ્યસ્તન | अखिन्दत |

[6] નંબરના આધારે રૂપ :-

1. 19 - वृङ्ग्ध [वृज् - 7/P, વેગળા રહેવું. આ.૨/૧]
2. 2483 - इन्धीयाताम् [इन्ध् - 7/A, સળગાવવું. વિ.૨/૨]
3. 676 - भिन्द्यात
4. 2143 - अखिन्दाथाम्
5. 18 - तृण्ढ
6. 2587 - उदयुङ्क्ताम्
7. 694 - खिन्दताम्
8. 357 - छिनद्मि
9. 59 - छिन्द्धि

[7] રૂપો :-

1. खिद् - આત્મનેપદ, ગણ-૭ ખેદ પામવું

**વિધ્યર્થ રૂપ**

| | | |
|---|---|---|
| खिन्दीय | खिन्दीवहि | खिन्दीमहि |
| खिन्दीथाः | खिन्दीयाथाम् | खिन्दीध्वम् |
| खिन्दीत | खिन्दीयाताम् | खिन्दीरन् |

2. वि + शिष् - પરસ્મૈપદ, ગણ-૭ વિશિષ્ટ હોવું

**આજ્ઞાર્થ રૂપ**

| | | |
|---|---|---|
| विशिनषाणि | विशिनषाव | विशिनषाम |
| विशिण्ड्ढि | विशिंष्टम् | विशिंष्ट |
| विशिनष्टु | विशिंष्टाम् | विशिंषन्तु |

※ ※ ※

## સંસ્કૃત > English

ફરી English ભાષાના વ્યાકરણને તપાસીએ. આ વખતે ભૂતકૃદંતની વાત કરવાની છે.

ઉદાહરણ-૧

| મૂળરૂપ | ભૂતકૃદંત |
|---|---|
| Sleep - સૂવું | Slept - સૂતાં |
| स्वप् | सुप्तः |

'त' પ્રત્યયની English આવૃત્તિ આંચકો આપે એવી છે !!

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. મૂઢ જીવો શુદ્ધ પાણી દ્વારા સ્નાન કરે છે. પણ મેલથી મેલું થયેલું આ શરીર ક્યારેય શુદ્ધ થતું નથી.
2. તારું બધું આપી દે, લે નહીં, કારણ કે દાનનો ઘણો મહિમા છે. વિશ્વમાં સૂર્યની જેમ દાન પ્રકાશે છે, દાન અપકીર્તિને ફાડી દે છે. (= નષ્ટ કરે છે.) લોકો દાનની પ્રશંસા કરે છે.
3. 'ખાઈને સૂવાનું' આટલું જ તારું કર્તવ્ય નથી. જાગ ! જ્યાં સુધી શ્વાસોશ્વાસ ચાલુ છે ત્યાં સુધી આચર ધર્મને !
4. અનાથી મુનિની વાત સાંભળીને જ્યારે શ્રેણિક રાજામાં જ્ઞાન પ્રગટ્યું ત્યારે તેના દુરાચારો ચાલ્યા ગયા.
5. શ્રાવિકા શરીરની રક્ષા માટે રાંધે, નહીં કે જીભના સ્વાદ માટે !
6. સારી રીતે સંસ્કૃતને ભણ. કારણ કે સંસ્કૃત એ અત્યંત પ્રાચીન ભાષા છે.
7. જે તીર્થંકર પરમાત્મા બોલ્યા તે જ ગણધરો બોલ્યા, તેમના શિષ્યો પણ તે જ બોલ્યા. આથી આપે પણ તે જ બોલવું જોઈએ.[માનાર્થે બહુવચન]
8. જેટલું પેટમાં સમાય એટલું ભોજન પ્રાજ્ઞ માણસ કરતો નથી, પણ થોડું ઓછું ખાય.
9. જે શ્વાસ લેતા હતા અને લે છે તે જીવો છે.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. अहं श्रीवर्धमानं जिनम् अस्तवम् ।
2. रुदन् बालः मातुः अङ्के विश्वस्तः [सन्] शनैः शनैः अशेत ।
3. असत्यम् आचक्षाणं/ब्रुवन्तं बालं रुद्ध्वा माता तं सत्यं वक्तुम् अब्रवीत् ।
4. त्वम् अमुं 'न अतीव शयीत' इति ब्रूहि ।
5. स प्रत्यहं जिनालयं याति भगवन्तञ्च नौति ।
6. ते शत्रुञ्जयम् अभियन्ति ते च शत्रुञ्जयाद् आयन्ति ते च 'इमे श्रावकाः' इति ज्ञात्वा परस्परम् अतीव भक्तिं कुर्वन्ति ।
7. महावीरः जिनः अन्यान् सर्वान् देवान् अतिशेते, तेनोक्तः धर्मः अन्यान् सर्वान् धर्मान् अतिशेते ।

8. भरतः महाराजा श्रावकेभ्यः निष्कान् अरात् ।
9. यथा गगने प्रभाते अर्यमा उदेति तथा सज्जनानां हृदयेऽर्थिनः दृष्ट्वा करुणा उदेति ।

[3] કર્તરિ વાક્યોનું કર્મણિ :-

1. श्रीहेमचन्द्राचार्येण कुमारपालः जीवदयाभिधानं धर्मम् आख्यायते ।
2. तेन बालेन शीघ्रं गृहं यायते ।
3. चन्दनबालया यान्तं प्रभुं दृष्ट्वा अरुद्यत ।
4. जीवदयां पालयित्वैव श्रमणोपासिकया धान्यं श्रायेत ।
5. तद्दुर्गं रुध्यताम्, किन्तु दुर्गं जित्वा मा कोऽपि मानवः दायताम् – इति तेन औच्यत ।

[4] ખૂટતી વિગતો :-

| નં. | મૂળધાતુ | અર્થ | ગણ | પદ | પ્રયોગ | કાળ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | पा | રક્ષવું | ૨ | પરસ્મૈ | કર્મણિ | વર્તમાન | ૧ | पाये | पायावहे | पायामहे |
| 2 | आ+ख्या | કહેવું | ૨ | પરસ્મૈ | કર્મણિ | હ્યસ્તન | ૨ | आख्यायथाः | आख्यायेथाम् | आख्यायध्वम् |
| 3 | उद्+इ | ઊગવું | ૨ | પરસ્મૈ | કર્તરિ | આજ્ઞાર્થ | ૩ | उदेतु | उदिताम् | उद्यन्तु |
| 4 | रु | શોક કરવો | ૨ | પરસ્મૈ | કર્તરિ | વિધ્યર્થ | ૩ | रुयात् | रुयाताम् | रुयुः |
| 5 | श्वस् | શ્વાસ લેવો | ૨ | પરસ્મૈ | કર્તરિ | વર્તમાન | ૨ | श्वसिषि | श्वसिथः | श्वसिथ |
| 6 | रुद् | રડવું | ૨ | પરસ્મૈ | કર્તરિ | હ્યસ્તન | ૧ | अरोदम् | अरुदिव | अरुदिम |
| 7 | स्नु | ટપકવું | ૨ | પરસ્મૈ | કર્તરિ | આજ્ઞાર્થ | ૨ | स्नुहि | स्नुतम् | स्नुत |
| 8 | स्वप् | સૂવું | ૨ | પરસ્મૈ | કર્તરિ | વિધ્યર્થ | ૧ | स्वप्याम् | स्वप्याव | स्वप्याम |
| 9 | रा | આપવું | ૨ | પરસ્મૈ | કર્તરિ | હ્યસ્તન | ૩ | अरात् | अराताम् | अरान् |
| 10 | प्र+अन् | શ્વાસ લેવો | ૨ | પરસ્મૈ | કર્તરિ | આજ્ઞાર્થ | ૨ | प्राणिहि | प्राणितम् | प्राणित |

[5] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પ્રયોગ | વચન | પ્રથમપુરુષ | દ્વિતીયપુરુષ | તૃતીયપુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | श्रा | રાંધવું | ૨ | પરસ્મૈ | હ્યસ્તન | કર્મણિ | ૧ | अश्राये | अश्रायथाः | अश्रायत |
| 2 | अभि+इ | તરફ જવું | ૨ | પરસ્મૈ | વર્તમાન | કર્તરિ | ૨ | अभीवः | अभीथः | अभीतः |
| 3 | दा | કાપવું | ૨ | પરસ્મૈ | આજ્ઞાર્થ | કર્મણિ | ૩ | दायामहै | दायध्वम् | दायन्ताम् |
| 4 | ख्या | કહેવું | ૨ | પરસ્મૈ | વિધ્યર્થ | કર્મણિ | ૩ | ख्यायेमहि | ख्यायेध्वम् | ख्यायेरन् |
| 5 | जक्ष् | ખાવું | ૨ | પરસ્મૈ | વર્તમાન | કર્તરિ | ૨ | जक्षिवः | जक्षिथः | जक्षितः |
| 6 | मा | સમાવું | ૨ | પરસ્મૈ | હ્યસ્તન | કર્તરિ | ૧ | अमाम् | अमाः | अमात् |
| 7 | इ | જવું | ૨ | પરસ્મૈ | આજ્ઞાર્થ | કર્તરિ | ૨ | अयाव | इतम् | इताम् |
| 8 | या | જવું | ૨ | પરસ્મૈ | હ્યસ્તન | કર્તરિ | ૧ | अयाम् | अयाः | अयात् |
| 9 | अधि+इ | ભણવું | ૨ | આત્મને | વર્તમાન | કર્તરિ | ૩ | अधीमहे | अधीध्वे | अधीयते |
| 10 | स्तु | સ્તવવું | ૨ | ઉભય | વિધ્યર્થ | કર્તરિ | ૧ | स्तुयाम् | स्तुयाः | स्तुयात् |

**[6] ખૂટતી વિગતો :-**

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પ્રયોગ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભક્ષણ કરવું | प्सा | ૨ | પરસ્મૈ | વર્તમાન | કર્તરિ | ૧ | प्सामि | प्सावः | प्सामः |
| 2 | બોલવું | ब्रू | ૨ | ઉભય | હ્યસ્તન | કર્તરિ | ૨ | अब्रवीः | अब्रूतम् | अब्रूत |
| 3 | વખાણવું | नु | ૨ | પરસ્મૈ | આજ્ઞાર્થ | કર્તરિ | ૩ | नौतु | नुताम् | नुवन्तु |
| 4 | વાવું | वा | ૨ | પરસ્મૈ | વિધ્યર્થ | કર્તરિ | ૨ | वायाः | वायातम् | वायात |
| 5 | ચઢીયાતા થવું | अति+शी | ૨ | આત્મને | વર્તમાન | કર્તરિ | ૩ | अतिशेते | अतिशयाते | अतिशेरते |
| 6 | જન્મ આપવો | सू | ૨ | આત્મને | હ્યસ્તન | કર્તરિ | ૧ | असुवि | असूवहि | असूमहि |
| 7 | લેવું | ला | ૨ | પરસ્મૈ | આજ્ઞાર્થ | કર્તરિ | ૩ | लातु | लाताम् | लान्तु |
| 8 | ભાસવું | भा | ૨ | પરસ્મૈ | વિધ્યર્થ | કર્તરિ | ૩ | भायात् | भायाताम् | भायुः |
| 9 | વિશ્વાસ રાખવો | वि+श्वस् | ૨ | પરસ્મૈ | આજ્ઞાર્થ | કર્તરિ | ૧ | विश्वसानि | विश्वसाव | विश्वसाम |
| 10 | જોડવું | यु | ૨ | પરસ્મૈ | વિધ્યર્થ | કર્તરિ | ૧ | युयाम् | युयाव | युयाम |

**[7] રૂપો :-**

1. अस् = ગણ - ૨ ઉભયપદી, હોવું, આજ્ઞાર્થનું રૂપ

| | | |
|---|---|---|
| असानि | असाव | असाम |
| एधि | स्तम् | स्त |
| अस्तु | स्ताम् | सन्तु |

2. ब्रू = ગણ - ૨ ઉભયપદી, બોલવું, વર્તમાનકાળનું રૂપ

| | | |
|---|---|---|
| ब्रवीमि | ब्रूवः | ब्रूमः |
| ब्रवीषि [आत्थ] | ब्रूथः [आहथुः] | ब्रूथ |
| ब्रवीति [आह] | ब्रूतः [आहतुः] | ब्रुवन्ति [आहुः] |

3. स्तु = ગણ - ૨ ઉભયપદી, સ્તવવું, વિધ્યર્થનું રૂપ

| | | |
|---|---|---|
| स्तुयाम् | स्तुयाव | स्तुयाम |
| स्तुयाः | स्तुयातम् | स्तुयात |
| स्तुयात् | स्तुयाताम् | स्तुयुः |

4. रु = ગણ - ૨ પરસ્મૈપદી, શોક કરવો, હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | | |
|---|---|---|
| अरवम् | अरुव | अरुम |
| अरौः | अरुतम् | अरुत |
| अरवीः | | |
| अरौत् | अरुताम् | अरुवन् |
| अरवीत् | | |

5. शी = ગણ - ૨ આત્મનેપદી, સૂવું, વિધ્યર્થનું રૂપ

| | | |
|---|---|---|
| शयीय | शयीवहि | शयीमहि |
| शयीथाः | शयीयाथाम् | शयीध्वम् |
| शयीत | शयीयाताम् | शयीरन् |

## પાઠ - ૧૧

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. તે જ શિષ્યો છે જે ગુરુ દ્વારા અનુશાસન કરવા યોગ્ય છે.
2. પોતાના દોષોને તમે ન છૂપાવો. ગુરુને બધાં દોષો કહી દો. તેવી રીતે જ તમે મોક્ષ ઉપર રાજ કરશો. [= મોક્ષને મેળવી શકશો.] દેવો પણ તમારી સ્તવના કરશે.
3. જેવી રીતે મહાસાગરમાં લાકડું અને લાકડું [= બે લાકડાં] ભેગા થાય છે અને ભેગા થઈ છૂટા પડી જાય છે તેના જેવો જીવોનો સમાગમ છે. [એટલે કે પલ, બે પલનું રોકાણ. પછી તો વિયોગ જ છે. मा मुह्यत]
4. વર્તમાનમાં બાળકો શાળામાં ભણે છે. પણ, સંસ્કાર નથી મેળવતા, પહેલા સંસ્કારો પણ બાળકો પામતા હતા. આથી વર્તમાનમાં માતા-પિતાએ વિશેષ રીતે જાગૃત રહેવું જોઈએ અને સંસ્કારો સીંચવા જોઈએ.
5. તું ચક્રવર્તીની પદવીને ન ઈચ્છ. જો ચક્રવર્તીની પદવીને ઈચ્છીશ તો તારી બધી આરાધના પ્રાયઃ નિષ્ફળ જશે.
6. જ્યાં સુધી પુણ્ય ચમકે છે ત્યાં સુધી જ સંસારમાં થોડું પણ સુખ છે. જ્યારે પુણ્ય નાશ પામે ત્યારે ધનવાનો પણ ગરીબ થઈ જાય છે.
7. પશ્ચાત્તાપયુક્ત કોણિક ઝડપથી શ્રેણિકની પાસે ગયો, પણ તે કોણિકને આવતો જોઈ શ્રેણિક મહારાજા ઝેર ખાઈ મરણ પામ્યા. [મરણને સ્વીકાર્યું]
8. બેઠેલાનું નસીબ બેસેલું હોય છે, ઊભા રહેલાનું ઊભું રહે છે, ચાલનારનું ચાલે છે અને સૂઈ જનારનું નસીબ પણ સૂઈ જાય છે.
9. ગુરુ ન બેસે છતે શિષ્યે ન બેસવું જોઈએ.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. सा विद्या या विमुक्तये ।
2. गुरुमभिवाद्य शिष्यो ब्रूयात्-गुरुदेव ! मह्यं विद्यां रातु ।
3. धर्मम् आशास्स्व, यतः धर्मेण पुण्यं पुण्येन च सर्वाभीष्टं त्वं प्राप्नुयाः ।

4. हे मानवाः ! यूयं जागृत, जाग्रतः नास्ति भयम् ।

5. साधवः मलीनानि वासांसि अवसत ।

6. सदा सर्वान् ईडिध्वम्, न कमपि निन्दत ।

7. स्वकुलं पूर्वभवे महावीरस्वामी ऐट्ट, अतस्ते[1] नीचगोत्रकर्म बद्धवन्तः ।

8. देवानन्दा पूर्वभवे त्रिशलायाः अलङ्कारान् अमुष्णात्, अतः देवानन्दायाः पुत्रः अपहृतः ।

9. राजा प्रजां शिष्यात्, गुरुः शिष्यमनुशिष्यात्, शिष्यः स्वम्/आत्मानम् अनुशिष्यात् ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | વચન | પ્રથમપુરુષ | દ્વિતીયપુરુષ | તૃતીયપુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | दरिद्रा | ગરીબ થવું | ૨ | પરસ્મૈપદ | વર્તમાન | ૧ | दरिद्रामि | दरिद्रासि | दरिद्राति |
| 2 | ईड् | વખાણવું | ૨ | આત્મનેપદ | હ્યસ્તન | ૨ | ऐड्वहि | ऐडाथाम् | ऐडाताम् |
| 3 | चक्ष् | કહેવું | ૨ | આત્મનેપદ | આજ્ઞાર્થ | ૩ | चक्षामहै | चड्ढ्वम् | चक्षताम् |
| 4 | वि+अप+इ | જુદા થવું | ૨ | પરસ્મૈપદ | વિધ્યર્થ | ૨ | व्यपेयाव | व्यपेयातम् | व्यपेयाताम् |
| 5 | आस् | બેસવું | ૨ | આત્મનેપદ | વર્તમાન | ૩ | आस्महे | आध्वे | आसते |
| 6 | ईश् | રાજ કરવું | ૨ | આત્મનેપદ | હ્યસ્તન | ૧ | ऐशि | ऐष्ठाः | ऐष्ट |
| 7 | वस् | પહેરવું | ૨ | આત્મનેપદ | આજ્ઞાર્થ | ૩ | वसामहै | वध्वम् | वसताम् |
| 8 | मृज् | સાફ કરવું | ૨ | પરસ્મૈપદ | વિધ્યર્થ | ૨ | मृज्याव | मृज्यातम् | मृज्याताम् |
| 9 | ह्नु | છૂપાવવું | ૨ | આત્મનેપદ | હ્યસ્તન | ૧ | अह्नुवि | अह्नुथाः | अह्नुत |

[4] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | ગણ | પદ | પ્રત્યય | કાળ | પુરુષ | વચન | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | उड्ढि | वश् | ૨ | પરસ્મૈપદ | हि | આજ્ઞાર્થ | ૨ | ૧ | તું ઈચ્છ |
| 2 | मृष्ठ | मृज् | ૨ | પરસ્મૈપદ | थ | વર્તમાનકાળ | ૨ | ૩ | તમે સાફ કરો છો |
| 3 | ऐड्ढ्वम् | ईड् | ૨ | આત્મનેપદ | ध्वम् | હ્યસ્તન ભૂતકાળ | ૨ | ૩ | તમે વખાણ્યું હતું |
| 4 | चकाद्धि | चकास् | ૨ | પરસ્મૈપદ | हि | આજ્ઞાર્થ | ૨ | ૧ | તું પ્રકાશ |
| 5 | वष्टु | वश् | ૨ | પરસ્મૈપદ | तु | આજ્ઞાર્થ | ૩ | ૧ | તે ઈચ્છો |
| 6 | अचष्ठाः | चक्ष् | ૨ | આત્મનેપદ | थास् | હ્યસ્તન ભૂતકાળ | ૨ | ૧ | તેં કીધું હતું |
| 7 | शाधि | शास् | ૨ | પરસ્મૈપદ | हि | આજ્ઞાર્થ | ૨ | ૧ | તું શાસન કર |
| 8 | चड्ढ्वम् | चक्ष् | ૨ | આત્મનેપદ | ध्वम् | આજ્ઞાર્થ | ૨ | ૩ | તમે કહો |
| 9 | औष्टम् | वश् | ૨ | પરસ્મૈપદ | तम् | હ્યસ્તન ભૂતકાળ | ૨ | ૨ | તમે બેએ ઈચ્છ્યું હતું |

1. આ માનાર્થે બહુવચન છે.

[5] જોડેલા જોડકા :-

| | A | B | C | D | E | F |
|---|---|---|---|---|---|---|
| 1. | ह्नु | – ह्नोतुम् | – ह्नुत्वा | – ह्नूयमान | – ह्नुवान | – ह्नुत |
| 2. | ईड् | – ईडितुम् | – ईडित्वा | – ईड्यमान | – ईडान | – ईडित |
| 3. | शास् | – शासितुम् | – शिष्ट्वा | – शिष्यमाण | – शासत् | – शिष्ट |
| 4. | चक्ष् | – क्शातुम् | – ख्यात्वा | – क्शायमान | – चक्षाण | – क्शात |
| 5. | जागृ | – जागरितुम् | – जागरित्वा | – जागर्यमाण | – जाग्रत् | – जागरित |

[6] રૂપો :-

1. ईड् = ૨/**A**, વખાણવું, હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | | |
|---|---|---|
| ऐडि | ऐड्वहि | ऐड्महि |
| ऐट्ठाः | ऐडाथाम् | ऐड्ढ्वम् |
| ऐट्ट | ऐडाताम् | ऐडत |

2. वस् = ૨/**A**, પહેરવું, હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | | |
|---|---|---|
| अवसि | अवस्वहि | अवस्महि |
| अवस्थाः | अवसाथाम् | अवध्वम् |
| अवस्त | अवसाताम् | अवसत |

3. वश् = ૨/**P**, ઈચ્છવું, હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | | |
|---|---|---|
| अवशम् | औश्व | औश्म |
| अवट्–ड् | औष्टम् | औष्ट |
| अवट्–ड् | औष्टाम् | औशन् |

* * *

**સંસ્કૃત > English**

ઉદાહરણ-૨

गुप् - રાખવું, સંરક્ષવું.

Keep - અંગ્રેજીમાં

ભૂતકૃદંત Kept - રાખેલું / રાખ્યું

गुप्त

ગમે તેટલું ગુપ્ત રાખવા મથો તો પણ મૂળભૂત પોત તો પકડાઈ જ જાય ને !

# પાઠ - ૧૨

## [1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. બધાં પણ જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને નહીં. માટે ભયંકર એવી જીવહિંસાને સાધુ ભગવંતો છોડે જ છે.
2. આગમમાં પણ આ પ્રમાણે જ કીધેલું છે - 'બધાં જીવોને હણવા ન જોઈએ.' આથી ઓ માણસો ! તમે સૂક્ષ્મ પણ જીવને ન હણો.
3. નેમિનાથ ભગવાન દ્વારા વમાયેલી એવી મને તું ચાટે છે ? શું કોઈ પણ કુળવાન વ્યક્તિ વમેલાને ચાટે ? આ પ્રમાણે રથનેમિને રાજીમતીએ ઉપદેશ આપ્યો.
4. જે પોતાને જાણે છે તે સર્વને જાણે છે. આથી જ 'જે એકને જાણે છે તે સર્વને જાણે છે' - એ પ્રમાણે આગમમાં કીધું છે.
5. અનાદિકાળથી 'જીવ જીવને ધિક્કારે છે અને અજીવ ઉપર જીવનો રાગ હોય છે' - એ પ્રમાણે પ્રાયઃ દેખાય છે.
6. તું તે કૂતરાને હણ નહીં ! કારણ કે તે કૂતરો પણ તારા જેવો જ છે.
7. પહેલા ગોવાળો જેવી રીતે ગાય પીડાય નહીં તેવી રીતે દોહતા હતા. હમણાં મશીનો તેવી રીતે નથી દોહતા. અરે ! મૂર્ખ મનુષ્ય ગાયને પણ પીડે છે.
8. મારે જીવોને ન હણવા જોઈએ. પણ કર્મોને હણવા જોઈએ. તું પણ બીજાને ન હણ, પણ પોતાના દુશ્મન એવા મોહને અને અજ્ઞાનને હણ.
9. કેવલજ્ઞાન દ્વારા પરમાત્મા બધું જાણે છે.

## [2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. त्वं मधु मा लीढि, यतः मधुनि असङ्ख्येयाः जीवाः सन्ति, पश्य, ते सन्तः अपि न मधु लिहन्ति ।
2. सः पूर्वभवे जिनप्रतिमां चन्दनेन अदिग्ध, अतः तस्य वपुः सम्प्रति सुरभि अस्ति ।
3. पुष्पेषु मधुलिहः मधु अलिहन्, पश्चाद् अवमन्, अधुना च मधुलिड्भिः वान्तं मधु त्वं लेक्षि ?
4. दुर्जनेभ्यः[1] अनार्येभ्यः संगमदेवाय वा महावीरः जिनः न अद्वेट्, गजसुकुमालश्च मुनिरपि न स्वश्वशुराय अद्वेट्, अतः यूयमपि अन्यस्मै कस्मैचिदपि मा द्विड्ढ्वम् ।

---

1. જેની ઉપર ક્રોધ, દ્રોહ, દ્વેષ હોય તેને ચતુર્થી લાગે. તે નિયમથી !

5. सारमेयो यथा निस्सारम् अस्थि लेढि तथा यूयं वित्ताय मा अन्यस्य पादौ लीड्ढ्वम्, उद्घुङ्ग्ध्वम्, न्यायाद् धनं प्राप्नुत ।

6. महोपाध्याययशोविजयाः सर्वाणि न्यायशास्त्राणि अवेदुः अध्यैयत च, अतः ते जिनशासनगगने सूर्य इव अचकासुः ।

7. त्वं विद्विषां विनाशं न, किन्तु शत्रुतायाः विनाशम् उड्ढि, यतः शत्रवोऽपि न हन्तव्याः ।

8. यूयं विद्विड्भ्यः अपि नाऽद्विड्ढ्वम्, तद् अतीव सम्यक् कृतम् ।

9. धेनुं यथा गोपालः दोग्धि तथा शास्त्रपदार्थं त्वं दुग्धि ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | વચન | प्रथमपुरुष | द्वितीयपुरुष | तृतीयपुरुष |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | लिह् | ચાટવું | ૨ | ઉભયપદી | હ્યસ્તન | ૧ | अलेहम् | अलेट्-ड् | अलेट्-ड् |
| 2 | दुह् | દોહવું | ૨ | ઉભયપદી | વર્તમાન | ૨ | दुह्वः | दुग्धः | दुग्धः |
| 3 | दिह् | લેપવું | ૨ | ઉભયપદી | વિધ્યર્થ | ૩ | दिहीमहि | दिहीध्वम् | दिहीरन् |
| 4 | हन् | હણવું | ૨ | ઉભયપદી | આજ્ઞાર્થ | ૨ | हनावहै | घ्नाथाम् | घ्नाताम् |
| 5 | द्विष् | દ્વેષ કરવો | ૨ | ઉભયપદી | વર્તમાન | ૩ | द्विष्महे | द्विड्ढ्वे | द्विषते |
| 6 | विद् | જાણવું | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૧ | अवेदम् | अवेः/अवेत्-द् | अवेत्-द् |
| 7 | चक्ष् | કહેવું | ૨ | આત્મનેપદી | આજ્ઞાર્થ | ૩ | चक्षामहै | चड्ढ्वम् | चक्षताम् |
| 8 | ईड् | વખાણવું | ૨ | આત્મનેપદી | વિધ્યર્થ | ૧ | ईडीय | ईडीथाः | ईडीत |
| 9 | ईश् | રાજ કરવું | ૨ | આત્મનેપદી | હ્યસ્તન | ૨ | ऐश्वहि | ऐशाथाम् | ऐशाताम् |

[4] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | ધાતુ | ગણ | પદ | કાળ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | પ્રકાશવું | चकास् | ૨ | પરસ્મૈપદી | વર્તમાન | ૧ | चकास्मि | चकास्वः | चकास्मः |
| 2 | ગરીબ થવું | दरिद्रा | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૨ | अदरिद्राः | अदरिद्रितम् | अदरिद्रित |
| 3 | ઈચ્છવું | वश् | ૨ | પરસ્મૈપદી | આજ્ઞાર્થ | ૩ | वष्टु | उष्टाम् | उशन्तु |
| 4 | ઈચ્છવું | आ+शास् | ૨ | આત્મનેપદી | વિધ્યર્થ | ૨ | आशासीथाः | आशासीयाथाम् | आशासीध्वम् |
| 5 | સાફ કરવું | मृज् | ૨ | પરસ્મૈપદી | વર્તમાન | ૩ | मार्ष्टि | मृष्टः | मृजन्ति, मार्जन्ति |
| 6 | ધિક્કારવું | द्विष् | ૨ | ઉભયપદી | હ્યસ્તન | ૧ | अद्विषि | अद्विष्वहि | अद्विष्महि |
| 7 | મારવું | हन् | ૨ | ઉભયપદી | આજ્ઞાર્થ | ૩ | हताम् | घ्नाताम् | घ्नताम् |
| 8 | લેપવું | दिह् | ૨ | ઉભયપદી | વિધ્યર્થ | ૧ | दिहीय | दिहीवहि | दिहीमहि |
| 9 | ખાવું | जक्ष् | ૨ | પરસ્મૈપદી | આજ્ઞાર્થ | ૨ | जक्षिहि | जक्षितम् | जक्षित |

[5] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | ગણ | પદ | કાળ | પુરુષ | વચન | પ્રત્યય | અર્થ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | अवेः | विद् | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૨ | ૧ | स् | તેં જાણ્યું હતું. |
| 2 | अद्विषुः | द्विष् | ૨ | ઉભયપદી | હ્યસ્તન | ૩ | ૩ | उस् | તેઓએ દ્વેષ કર્યો. |
| 3 | चकास्यात् | चकास् | ૨ | પરસ્મૈપદી | વિધ્યર્થ | ૩ | ૧ | यात् | તે પ્રકાશશે. |
| 4 | अशासुः | शास् | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૩ | ૩ | उस् | તેઓએ રાજ કર્યું. |
| 5 | ऐडत | ईड् | ૨ | આત્મનેપદી | હ્યસ્તન | ૩ | ૩ | अत | તેઓએ વખાણ્યું. |
| 6 | औशन् | वश् | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | ૩ | ૩ | अन् | તેઓએ ઈચ્છ્યું. |
| 7 | धुग्ध्वम् | दुह् | ૨ | ઉભયપદી | આજ્ઞાર્થ | ૨ | ૩ | ध्वम् | તમે દોહો. |
| 8 | घ्नीध्वम् | हन् | ૨ | ઉભયપદી | વિધ્યર્થ | ૨ | ૩ | ईध्वम् | તમે હણશો. |
| 9 | लीढ्वम् | लिह् | ૨ | ઉભયપદી | આજ્ઞાર્થ | ૨ | ૩ | ध्वम् | તમે ચાટો. |

[6] યોગ્ય ક્રમમાં આવતા રૂપો :-

1. वश्मि, उश्वः, उश्मः, वक्षि, उष्ठः, उष्ठ ।
2. दोहाम, दुग्धि, दुग्धम्, दुग्ध, दोग्धु, दुग्धाम्, दुहन्तु ।
3. अलिहाथाम्, अलीढ्वम्, अलीढ, अलिहाताम् ।
4. अस्थि, अस्थिनी, अस्थीनि, अस्थ्ना, अस्थ्ने ।
5. लीढ्वम्, लीढाम्, लिहाताम्, लिहताम् ।

[7] રૂપો :-

| | | | |
|---|---|---|---|
| 1. | हनै | हनावहै | हनामहै |
| | हस्व | घ्नाथाम् | हध्वम् |
| | हताम् | घ्नाताम् | घ्नताम् |
| 2. | अदोहम् | अदुह्व | अदुह्म |
| | अधोक्-ग् | अदुग्धम् | अदुग्ध |
| | अधोक्-ग् | अदुग्धाम् | अदुहन् |
| 3. | द्वेषाणि | द्वेषाव | द्वेषाम |
| | द्विड्ढि | द्विष्टम् | द्विष्ट |
| | द्वेष्टु | द्विष्टाम् | द्विषन्तु |

* * *

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. શુભ સ્વપ્ન જોયે છતે રાત્રે જાગીને સૂવું ન જોઈએ. પરંતુ ધર્મધ્યાન વગેરેમાં મનને જોડવું જોઈએ.
2. પુણીયો શ્રાવક પૈસાથી દરિદ્ર થયો, પણ ભાવથી નહીં.
3. જે બધાં જીવો માટે રાત્રિ છે તેમાં સંયમી જાગે છે !
4. વિશ્વ ઉપર રાજ કરવાને ઘણા લોકો ઈચ્છે છે. પણ પોતાની જાત ઉપર રાજ કરવાને ઈચ્છતા નથી.
5. જેઓ દ્વારા મનથી પરમાત્મા સ્તવાય છે, વાણી દ્વારા સજ્જનોના ગુણો સ્તવાય છે અને બે કાનો દ્વારા કથા [= ઉપદેશ] સંભળાય છે તે તાત્કાલિક સંસારનો પાર પામે છે.
6. કહેવા યોગ્ય બધું બિભીષણે કહી દીધું, મન્ત્રીઓ પણ સમજાવી અટકી ગયા, મંદોદરીએ પણ સમજાવવા માટે પ્રયત્ન કર્યો, પણ રાવણે સીતાને પાછી ન સોંપી.
7. જેના દ્વારા પોતાના દોષો અને પોતાના પાપો ઉપર દ્વેષ કરાયો છે તે તાત્કાલિક મોક્ષને મેળવે છે.
8. હે માણસો ! તમે કાયમ જાગતા રહો, જાગતા માણસને ભય નથી.
9. કૂતરું હાડકાને ચાટે છે, બિલાડીઓ દૂધને ચાટે છે, બાળક ખાંડને ચાટે છે અને આપના દ્વારા ગોળ ચટાય છે.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. सर्वासु भाषासु / गीर्षु संस्कृतगीः तारकेषु भास्वानिव चकास्ति ।
2. येन ज्ञेयं ज्ञातं / वेद्यं विदितं कर्तव्यञ्च कृतम्, सफलं तस्य जीवनम् ।
3. श्रेणिकः महाराजा अतीव भक्त्या भगवन्तं महावीरं स्तुतवान् ।
4. गां दोग्धुं स आगच्छति / एति ।
5. यूयं मां यं धर्मम् आख्यातवन्तस्तमेव धर्मम् अहं प्रत्यहमाचरामि ।
6. त्वं तथा ईशिष्व येन सर्वे सुखिनः स्युः ।
7. सज्जनाः नवनीयाः, यतः यः सज्जनं स्तौति तस्यात्मनि सज्जनगुणाः चकासति ।
8. त्वं प्रजा ईशितवान् किन्तु त्वया किं प्रजाः प्रीणिताः ?
9. तेन संस्कृतगीः अधीता ।

[3] કર્તરિ વાક્યોનું કર્મણિ તથા ગુજરાતી :-

1. **કર્મણિ વાક્ય :-** महावीरप्रभोः वियोगाद् गणधरेण गौतमेन भृशम् अरुद्यत ।
**અર્થ :-** મહાવીર પ્રભુના વિયોગના કારણે ગૌતમ ગણધર દ્વારા ઘણું રડાયું.

2. **કર્મણિ વાક્ય :-** जिनवचनैः जीवहृदये चकासित्वाऽज्ञानतमोऽपाक्रियते ।
**અર્થ :-** જીવોના હૃદયમાં પ્રકાશિત થઈ ભગવાનના વચનો દ્વારા અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરાય છે.

3. **કર્મણિ વાક્ય :-** दुर्गतिं यन्तः जनाः धर्मेण पायन्ते ।
**અર્થ :-** દુર્ગતિ જતા માણસો ધર્મ દ્વારા રક્ષાય છે.

4. **કર્મણિ વાક્ય :-** अतस्त्वया सङ्कटेऽपि धर्मः पायेत ।
**અર્થ :-** આથી તારા દ્વારા સંકટમાં પણ ધર્મ રક્ષાય.

5. **કર્મણિ વાક્ય :-** धर्म मया आशास्यत हृदयेन, अधुना स सम्यगाचर्यतेऽपि, त्वयाऽपि हृदयेन धर्ममाशास्य धर्मः आचर्यताम् ।
**અર્થ :-** મારા દ્વારા હૃદયથી ધર્મ ઈચ્છાયો હતો. હમણાં તે ધર્મ મારા દ્વારા સારી રીતે આચરાય પણ છે. ધર્મને હૃદયથી ઈચ્છી તારા દ્વારા પણ ધર્મ આચરાઓ.

6. **કર્મણિ વાક્ય :-** तारकैः ग्रहैश्च गगने चकास्यते ।
**અર્થ :-** તારાઓ અને ગ્રહો દ્વારા આકાશમાં પ્રકાશાય છે.

7. **કર્મણિ વાક્ય :-** श्रावकैः भगवदुपदेशाद् जक्ष्यमेव अजक्ष्यत ।
**અર્થ :-** શ્રાવકો દ્વારા ભગવાનના ઉપદેશથી ભક્ષ્ય જ ખવાયું હતું.

8. **કર્મણિ વાક્ય :-** त्रिशलामात्रा श्रीवीरः मध्यरात्रौ प्रासूयत सुखेन ।
**અર્થ :-** ત્રિશલા માતા દ્વારા સુખેથી ભગવાન મહાવીરને મધરાતે જન્મ અપાયો.

9. **કર્મણિ વાક્ય :-** न द्विष्येत शत्रुरपि, यतः पूर्वभवेषु शत्रुणाऽपि मित्रेण अभूयत ।
**અર્થ :-** શત્રુ ઉપર પણ દ્વેષ કરવો ન જોઈએ. કારણ કે પૂર્વ ભવોમાં શત્રુ દ્વારા પણ મિત્ર થવાયું હતું.

[4] કર્તરિ પ્રયોગોનું કર્મણિ :-

| | | |
|---|---|---|
| 1. स्तूयध्वे | 7. ईश्यन्ते | 13. अजक्ष्यन्त |
| 2. औच्यध्वम् | 8. आशास्येमहि | 14. दुह्यध्वम् |
| 3. ह्नूयेरन् | 9. शास्यन्ताम् | 15. ऐड्यथाः |
| 4. उच्यन्ते | 10. अदुह्यध्वम् | 16. मृज्यस्व |
| 5. अस्तूयेथाम् | 11. हन्येय | 17. द्विष्यामहै |
| 6. हन्यन्ताम् | 12. अमृज्येताम् | 18. अरुद्यत |

[5] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | પદ | કાળ | પ્રયોગ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | यु | ૨ | પરસ્મૈપદી | વર્તમાન | કર્તરિ | ૧ | यौमि | युव: | युम: |
| 2 | स्वप् | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | કર્તરિ | ૨ | अस्वपी:, अस्वप: | अस्वपितम् | अस्वपित |
| 3 | श्वस् | ૨ | પરસ્મૈપદી | આજ્ઞાર્થ | કર્તરિ | ૩ | श्वसितु | श्वसिताम् | श्वसन्तु |
| 4 | शास् | ૨ | પરસ્મૈપદી | વિધ્યર્થ | કર્તરિ | ૨ | शिष्या: | शिष्यातम् | शिष्यात |
| 5 | चक्ष् | ૨ | આત્મનેપદી | વર્તમાન | કર્તરિ | ૩ | चष्टे | चक्षाते | चक्षते |
| 6 | पा | ૨ | પરસ્મૈપદી | હ્યસ્તન | કર્તરિ | ૧ | अपाम् | अपाव | अपाम |
| 7 | स्तु | ૨ | ઉભયપદી | આજ્ઞાર્થ | કર્તરિ | ૩ | स्तुताम् | स्तुवाताम् | स्तुवताम् |
| 8 | उद्+इ | ૨ | પરસ્મૈપદી | વિધ્યર્થ | કર્તરિ | ૨ | उदिया: | उदियातम् | उदियात |
| 9 | ब्रू | ૨ | ઉભયપદી | હ્યસ્તન | કર્મણિ | ૧ | औच्ये | औच्यावहि | औच्यामहि |

[6] સાચા કર્મણિ પ્રયોગો :-

1. उच्येत 2. श्वस्यते 3. रुद्येत 4. जक्ष्यताम् 5. ऐड्ये

[7] રૂપોની સાધનિકા :-

**1. लीढ्वे**
= लिह्+ध्वे
= लिढ्+ध्वे [સામાન્ય નિયમ-૧ મુજબ]
= लिढ्+ढ्वे [વ્યંજનસંધિ નિયમ-૧૪ મુજબ]
= लीढ्+वे [વ્યંજનસંધિ નિયમ-૨૧ મુજબ]
= लीढ्वे

**2. धुग्ध्वम्**
= दुह्+ध्वम्
= दुघ्+ध्वम् [સામાન્ય નિયમ-૪ મુજબ]
= धुघ्+ध्वम् [સામાન્ય નિયમ-૫ મુજબ]
= धुग्+ध्वम् [વ્યંજનસંધિ નિયમ-૨ મુજબ]
= धुग्ध्वम्

**3. लिक्ष्व**
= लिह्+स्व
= लिढ्+स्व [સામાન્ય નિયમ-૧ મુજબ]
= लिक्+स्व [સામાન્ય નિયમ-૨ મુજબ]
= लिक्+ष्व [વ્યંજનસંધિ નિયમ-૧૮ મુજબ]
= लिक्ष्व

**4. धुक्षे**
= दुह्+से
= दुढ्+से [સામાન્ય નિયમ-૧ મુજબ]
= दुक्+से [સામાન્ય નિયમ-૨ મુજબ]
= धुक्+से [સામાન્ય નિયમ-૫ મુજબ]
= धुक्+षे [વ્યંજનસંધિ નિયમ-૧૮ મુજબ]
= धुक्षे

**5. दोग्धु**
= दुह्+तु
= दोह्+तु [ગુણ થવાથી]
= दोघ्+तु [સામાન્ય નિયમ-૪ મુજબ]
= दोघ्+धु [સામાન્ય નિયમ-૩ મુજબ]
= दोग्+धु [વ્યંજનસંધિ નિયમ-૨ મુજબ]
= दोग्धु

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ચાલતા માણસની ભૂલ પ્રમાદવશ ક્યાંક તો થાય જ છે. ત્યારે દુર્જનો હસે છે, પણ સજ્જનો સમાધાન કરે છે.
2. જ્યારે આ ડરતો નથી અને આનાથી કોઈ પણ ડરતું નથી, જ્યારે આ ઈચ્છતો નથી કે દ્વેષ નથી કરતો ત્યારે બ્રહ્મ = શુદ્ધ આત્મા = પરમાત્મા થાય છે.
3. જુવાની ચાલી ગયે છતે પણ, ઈન્દ્રિયો નષ્ટ થયે છતે પણ હા ! વૃદ્ધ પણ વિષય આસક્તિને છોડતો નથી.
4. અવયવ ગળી ગયા, માથું સફેદ થઈ ગયું, મોઢું દાંત વિનાનું થઈ ગયું - આવો વૃદ્ધ જે દાંડો લઈને ચાલે છે તે પણ આશાના સમૂહને છોડતો નથી.
5. હે મહાત્મન્ ! તું સર્વશક્તિથી પોતાની જાતની રક્ષા કર. બુદ્ધિશાળી કોઈની પણ સાથે વિરોધ કરતા નથી.
6. દાન, ભોગ અને નાશ - આ ત્રણ ગતિ લક્ષ્મીની છે. જે આપતો નથી કે ભોગવતો નથી તેવા માણસની (લક્ષ્મીની) ત્રીજી ગતિ = નાશ થાય છે. [= લક્ષ્મી નાશ પામે છે.]
7. [કોઈ પણ] કામ એકાએક ન કરવું જોઈએ. અવિવેક એ મોટી આપત્તિઓનું સ્થાન છે, ગુણપ્રિય = ગુણમાં લોભાયેલ સંપત્તિઓ, વિચારીને કામ કરનારને પોતાની જાતે જ વરે છે.
8. શોક ન કર, કાયરતાને છોડ, ધીરજ રાખ.
9. અમે ગર્વને [આશરો નથી આપતા =] ધારણ નથી કરતા. કારણ કે અભિમાન પતનનું મૂલ છે. તારે પણ અભિમાન ન રાખવું જોઈએ.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. बालाः तमसः बिभ्यति ।
2. यदा यदा त्वं बिभीयाः तदा तदा नमस्कारमहामन्त्रं गणय ।
3. रेवतीव वयमपि साधुभ्यः औषधीन् दद्मः ।
4. यः पित्राज्ञां न विदधाति स स्वयमेव स्वर्गद्वारं पिदधाति ।

5. इदं निदधामि, इदं निदधामि, इदमपि निदधामि – एतादृशी लेश्या परिग्रहस्य, एतां लेश्यां जह्यात् ।

6. तव प्रतिज्ञाम् अवधेहि, आत्तां प्रतिज्ञां मारणान्तिकोपसर्गेऽपि प्राज्ञा न जहति ।

7. यः अतिथीन् बिभर्ति स लोके सज्जनः उच्यते ।

8. तौ नाऽयुध्येताम् किन्तु समादधाताम्, अतः तौ परस्परम् उपायनं दत्तः ।

9. त्वं मर्यादासहितानि वासांसि परिधेहि ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | आ+दा | લેવું | ૩ | ઉભય | વર્તમાન | ૧ | आददे | आदद्वहे | आदद्महे |
| 2 | धा | ધારવું | ૩ | ઉભય | હ્યસ્તન | ૨ | अदधाः | अधत्तम् | अधत्त |
| 3 | वि+धा | કરવું | ૩ | ઉભય | આજ્ઞાર્થ | ૩ | विधत्ताम् | विदधाताम् | विदधताम् |
| 4 | अपि+धा | ઢાંકવું | ૩ | ઉભય | વિધ્યર્થ | ૨ | अपिदध्याः | अपिदध्यातम् | अपिदध्यात |
| 5 | सम्+आ+धा | સમાધાન કરવું | ૩ | ઉભય | આજ્ઞાર્થ | ૩ | समादधातु | समाधत्ताम् | समादधतु |
| 6 | दुह् | દોહવું | ૨ | ઉભય | હ્યસ્તન | ૧ | अदुहि | अदुह्वहि | अदुह्महि |
| 7 | भी | ડરવું | ૩ | પરસ્મૈ | વર્તમાન | ૩ | बिभेति | बिभितः/बिभीतः | बिभ्यति |
| 8 | लिह् | ચાટવું | ૨ | ઉભય | વિધ્યર્થ | ૨ | लिहीथाः | लिहीयाथाम् | लिहीध्वम् |
| 9 | द्विष् | દ્વેષ કરવો | ૨ | ઉભય | હ્યસ્તન | ૧ | अद्वेषम् | अद्विष्व | अद्विष्म |

[4] ખૂટતી વિગતો :-

| નં. | અર્થ | મૂળધાતુ | ગણ | પદ | કાળ | વચન | પ્રથમપુરુષ | દ્વિતીયપુરુષ | તૃતીયપુરુષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ધ્યાન દેવું | अव+धा | ૩ | ઉભયપદી | વર્તમાન | ૧ | अवदधे | अवधत्से | अवधत्ते |
| 2 | આશ્રય આપવો | भृ | ૩ | ઉભયપદી | હ્યસ્તન | ૨ | अबिभृव | अबिभृतम् | अबिभृताम् |
| 3 | મૂકવું | नि+धा | ૩ | ઉભયપદી | આજ્ઞાર્થ | ૩ | निदधामहै | निधद्ध्वम् | निदधताम् |
| 4 | પહેરવું | परि+धा | ૩ | ઉભયપદી | વિધ્યર્થ | ૨ | परिदधीवहि | परिदधीयाथाम् | परिदधीयाताम् |
| 5 | સંધિ કરવી | सं+धि | ૬ | પરસ્મૈપદી | વર્તમાન | ૧ | संधियामि | संधियसि | संधियति |

[5] સરખા રૂપ :-

1. दत्स्व – बिभृष्व
2. ददीत – बिभ्रीत
3. दत्तः – बिभृतः
4. दद्यात् – बिभृयात्
5. दद्ध्वम् – बिभृध्वम्
6. अदत्थाः – अबिभृथाः
7. अदत्त – अबिभृत
8. ददते – बिभ्रते
9. दत्थ – बिभृथ

[6] શબ્દોમાં છૂપાયેલા રૂપ :-

| | | |
|---|---|---|
| 1. अबिभीतम् / अबिभितम् | 3. धत्स्व / दत्स्व | 5. बिभराणि |
| 2. जहीथ: | 4. बिभ्रीयाथाम् | |

[7] રૂપ :-

1.

| | | |
|---|---|---|
| अजहाम् | अजहिव | अजहिम |
| | अजहीव | अजहीम |
| अजहा: | अजहितम् | अजहित |
| | अजहीतम् | अजहीत |
| अजहात् | अजहिताम् | अजहु: |
| | अजहीताम् | |

2.

| | | |
|---|---|---|
| बिभयानि | बिभयाव | बिभयाम |
| बिभिहि | बिभितम् | बिभित |
| बिभीहि | बिभीतम् | बिभीत |
| बिभेतु | बिभिताम् | बिभ्यतु |
| | बिभीताम् | |

3.

| | | |
|---|---|---|
| परिदधै | परिदधावहै | परिदधामहै |
| परिधत्स्व | परिदधाथाम् | परिधद्ध्वम् |
| परिधत्ताम् | परिदधाताम् | परिदधताम् |

✻ ✻ ✻

## સંસ્કૃત > English

માની શકો છો કે Englishમાં સંપ્રસારણ પણ થાય છે ???

જુઓ - 'Y' નો 'I' કરી 'ed' પ્રત્યય અંગ્રેજીમાં સાદા ભૂતકાળમાં લાગે છે. Dry - ડ્રાય - સૂકવવું. આનો સાદો ભૂતકાળ : Dried - ડ્રાઈડ - સૂકવ્યું.

મિત્રો ! જુવો - 'Y' એટલે 'य' 'I' એટલે इ । મતલબ ? य નો 'इ' કરવો - આ જ નિયમ થયો ને ! આ સંપ્રસારણ નથી તો બીજું શું છે ? સંસ્કૃતના સંપ્રસારણનું (= વ્યાપક પ્રસારનું) ચિહ્ન પણ !!!

અંગ્રેજી ભાષાનો વ્યાપ બહુ વિચિત્ર રીતે ફેલાયો. મૂળ બ્રિટનની ભાષા પણ ઇંગ્લીશ નથી !!! એંગ્લો - સેક્સન તરીકે ઓળખાતા રખડુ જાતિના ટોળાઓની આ ભાષા છે. તેઓએ બ્રિટન ઉપર ૧૦૦૦ વર્ષ રાજ કર્યું. પરિણામે ઇંગ્લેન્ડ = લેન્ડ ઓફ ઇંગ્લા અને અંગ્રેજી - ઇંગ્લીશનો જન્મ કહો કે અવતાર થયો. તે વખતે તે ભાષા ઇંગ્લીસ્ક કહેવાતી.

# પાઠ - ૧૫

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. તે કીર્તિને સ્વચ્છ કરે છે, દુશ્મનોના માથા કાપી નાંખે છે, ઘણાં બધાં પૈસા દાનમાં આપે છે [અને] યાચકોની ગરીબાઈને કાપે છે.
2. ક્યાંય પણ, ન આપેલું તણખલું પણ ન લેવું જોઈએ.
3. જે થોડું વાપરે[ખાય] છે તે ખરેખર બહુ વાપરે[ખાય] છે.
4. જે માણસ અમૃત જેવું સમ્યગ્જ્ઞાન અપાત્રને આપે, તે સજ્જનો વચ્ચે હાસ્યાસ્પદ થાય અને અનર્થોનું સ્થાન થાય.
5. ગુરુવર્યોને પણ હણીને, નાનાઓને ઠગીને જે રાજ્ય ગ્રહણ કરાય છે તે વિશાળ પણ રાજ્ય મને ન હો !
6. સજ્જનોના અલંકાર શું છે ? શીલ = સદાચાર છે. સોનાથી બનાવેલા નહીં.
7. તારો નોકર છું, દાસ છું, સેવક છું, ચાકર છું. 'હા' એ પ્રમાણે હે નાથ ! તું સ્વીકારી લે. [બસ !] તે પછી હું નહીં બોલું !
8. બ્રાહ્મણ કે બ્રાહ્મણ સિવાયના જે કોઈ પણ નિર્ધન અને અશક્ત હોય તેને તમે ધન આપો.
9. ઈન્દ્રિયોનો અસંયમ આપત્તિઓનો માર્ગ કહેવાયેલો છે અને ઈન્દ્રિયોનો સંયમ તે સંપત્તિઓનો માર્ગ છે. જે ઈષ્ટ હોય તે માર્ગે જાઓ ! [= જેનાથી ઈચ્છિત સરતું હોય તે માર્ગ દ્વારા જવાઓ.]

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. अहं मृत्योर्न बिभेमि, यतः अमृतोपमानि जिनवचनानि मया आचामितानि ।
2. ते मुष्णन्तः असत्यं ब्रुवन्तश्च न जिह्रियति ।
3. तपोवह्नौ कर्मकाष्ठानि त्वं जुहुधि ।
4. ते हिंसाम् अजहुः ।
5. यथा हंसः क्षीरान्नीरं वेवेक्ति तथा सम्यग्दृष्टिः वपुषः आत्मानं वेवेक्ति ।
6. शत्रुसेनया विष्टः कुमारपालराजा न धैर्यम् अजहात् ।

7. तस्य कीर्तिः दिवं यावद् उज्जिहीते ।

8. बृहस्पतिनाऽपि न भगवतः गुणा मीयन्ते । यथा दिवि देवा असङ्ख्येयाः गगने च तारकाणि असङ्ख्येयानि तथा भगवति गुणा अपि अगण्याः ।

9. त्वं जैनोऽसि तथापि रात्रिभोजनं कुर्वन् न जिह्रेषि ? जहाहि रात्रिभोजनम्, नेनेक्तु स्वात्मानम् ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | મૂળધાતુ | અર્થ | ગણ | પદ | કાળ | પ્રયોગ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | हा | જવું | ૩ | આત્મનેપદી | વર્તમાન | કર્મણિ | ૧ | हाये | हायावहे | हायामहे |
| 2 | ऋ | જવું | ૩ | પરસ્મૈપદી | હ્યસ્તન | કર્તરિ | ૨ | ऐयः | ऐयृतम् | ऐयृत |
| 3 | हु | હોમવું | ૩ | પરસ્મૈપદી | આજ્ઞાર્થ | કર્તરિ | ૩ | जुहोतु | जुहुताम् | जुह्वतु |
| 4 | ह्री | શરમાવું | ૩ | પરસ્મૈપદી | વિધ્યર્થ | કર્તરિ | ૨ | जिह्रीयाः | जिह्रीयातम् | जिह्रीयात |
| 5 | मा | માપવું | ૩ | આત્મનેપદી | વર્તમાન | કર્તરિ | ૩ | मिमीते | मिमाते | मिमते |
| 6 | दा | આપવું | ૩ | ઉભયપદી | હ્યસ્તન | કર્મણિ | ૧ | अदीये | अदीयावहि | अदीयामहि |
| 7 | धा | ધારવું | ૩ | ઉભયપદી | વિધ્યર્થ | કર્તરિ | ૨ | दध्याः | दध्यातम् | दध्यात |
| 8 | पृ | ભરવું | ૩ | પરસ્મૈપદી | હ્યસ્તન | કર્તરિ | ૩ | अपिपः | अपिपूर्ताम् | अपिपरुः |
| 9 | निज् | સાફ કરવું | ૩ | ઉભયપદી | આજ્ઞાર્થ | કર્તરિ | ૨ | नेनिक्ष्व | नेनिजाथाम् | नेनिग्ध्वम् |

[4] રૂપોની સાધનિકા :-

**1. वेवेष्टि**

= विष्+ति

= विविष्+ति [દ્વિરુક્તિના નિયમ-૧થી]

= वेवेष्+ति [દ્વિરુક્તિ નિયમ-G થી]

= वेवेष्+टि [વ્યંજનસંધિ નિયમ-૧૪થી]

= वेवेष्टि

**2. नेनेक्ति**

= निज्+ति

= निनिज्+ति [દ્વિરુક્તિ થવાથી]

= नेनेज्+ति [દ્વિરુક્તિ નિયમ-G થી]

= नेनेग्+ति [વ્યંજનસંધિ નિયમ-૨૪થી]

= नेनेक्+ति [વ્યંજનસંધિ નિયમ-૧થી]

= नेनेक्ति ।

**3. बिभीवः**

= भी+वः

= भीभी+वः [દ્વિરુક્તિ થવાથી]

= बीभी+वः [દ્વિરુક્તિ નિયમ-A થી]

= बिभी+वः [દ્વિરુક્તિ નિયમ-C થી]

= बिभीवः

**4. बिभृहि**

= भृ+हि

= भृभृ+हि [દ્વિરુક્તિ થવાથી]

= बृभृ+हि [દ્વિરુક્તિના નિયમ-A થી]

= बिभृ+हि [દ્વિરુક્તિના નિયમ-E થી]

= बिभृहि ।

**5. दधाति**

= धा+ति

= धाधा+ति [દ્વિરુક્તિ થવાથી]

= दाधा+ति [દ્વિરુક્તિ નિયમ-A થી]

= दधा+ति [દ્વિરુક્તિ નિયમ-C થી]

= दधाति

[5] રૂપો :-

| | | | |
|---|---|---|---|
| 1. | वेविषै | वेविषावहै | वेविषामहै |
| | वेविक्ष्व | वेविषाथाम् | वेविड्ढ्वम् |
| | वेविष्टाम् | वेविषाताम् | वेविषताम् |
| 2. | मिमीय | मिमीवहि | मिमीमहि |
| | मिमीथाः | मिमीयाथाम् | मिमीध्वम् |
| | मिमीत | मिमीयाताम् | मिमीरन् |
| 3. | अजिह्रयम् | अजिह्रीव | अजिह्रीम |
| | अजिह्रेः | अजिह्रीतम् | अजिह्रीत |
| | अजिह्रेत् | अजिह्रीताम् | अजिह्रयुः |

✻ ✻ ✻

**સંસ્કૃત > English**

'S એટલે કે એપોસ્ટ્રોફી એસ પ્રત્યય સંસ્કૃત 'स्य'નું જ ઇંગ્લીશ વર્ઝન નથી લાગતું ?

रामस्य = Ram's

अस्मद् ને 'स्य' ન લાગે. માટે,

मम = May... પણ, I's નહીં.

## પાઠ - ૧૬

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. કાલે જ્યારે સૂર્ય પ્રકાશશે ત્યારે અમે જમશું.
2. 'કાલે મહાવીર સ્વામી ભગવાન રાજગૃહનગરમાં આવશે' - એ પ્રમાણે સાંભળીને અત્યંત પ્રસન્ન થયેલા શ્રેણિકે નોકરને સોનામહોરો અને પોતાના અલંકારો આપ્યા.
3. તેઓ સારી રીતે સંયમ પાળશે, આથી શંકા ન કર !
4. કાલે હું શત્રુંજય જવાનો છું, ત્યાં આદિનાથ ભગવાનની પ્રતિમાને જોઈશ અને નમીશ.
5. કાલે શું થશે ? કાલે આપણે હોઈશું કે નહીં ? આ પણ જાણવાને આપણે શક્તિમાન નથી.
6. આજે પણ લોકો નહાય છે, કાલે પણ નાહશે. તો પણ મલીન આ શરીર નિર્મળ નથી થવાનું.
7. આને યોગ્ય પતિ કોણ થશે ? એ પ્રમાણે દિવસ - રાત તેના પિતા જનક રાજા વિચારતા હતા.
8. કાલે હું શોક કરતો હોઈશ કે [ગીતો] ગાતો હોઈશ ? કોણ જાણે છે ?
9. શુદ્ધચિત્ત વડે અત્યારે નમસ્કાર મહામંત્રને જપ. કાલે સંકટમાં તે જ તને રક્ષનાર છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. तव पुत्रं मृगयिताहे, मा विषादं कुरु ।
2. एते कपयः माम् अनुकुर्वन्ति / अनुसरन्ति, अतः यदि इदम् अहं क्षिपेयम् / क्षेप्तास्मि तदा तेऽपि क्षिपेयुः / क्षेप्तारः ।
3. कल्ये यदा स गाता तदा मृगाः आगन्तारः, तद् द्रष्टुं वयं नगरम् एतास्मः ।
4. अहं तक्रं मन्थितास्मि, नवनीतं प्राप्तास्मि, घृतं / सर्पिः कर्तास्मि... इति स्वप्नं स पश्यति ।
5. अहं श्वः भगवत्प्रतिमां दृष्टास्मि, पूजयितास्मि । पश्चादेव भोक्तास्मि ।
6. यदि सायं युवयोः माता नागच्छेत् तदा वयं विचेतास्मः ।
7. कल्ये स सर्वान् शत्रुञ्जयं नेता, अहमपि एतास्मि ।
8. श्वः वयं जम्बूकुमारसम्पदः मोषितास्मः इति प्रभवः व्यचिन्तयत् ।
9. तव कथनं सत्यमसत्यं वा ? तद् अहं श्वः ज्ञातास्मि ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | અર્થ | ગણ | પુરુષ | વચન |
|---|---|---|---|---|---|---|
| 1. | क्रोद्धास्थ | क्रुध् | તમે ગુસ્સો કરશો | ૪ | ૨ | ૩ |
| 2. | एतार: | इ | તેઓ જશે | ૨ | ૩ | ૩ |
| 3. | क्षेतास्म: | क्षि | અમે ક્ષય પામશું | ૧ | ૧ | ૩ |
| 4. | क्लमिता | क्लम् | તે ખેદ પામશે | ૪ | ૩ | ૧ |
| 5. | खादितास्थ | खाद् | તમે ખાશો | ૧ | ૨ | ૩ |
| 6. | तर्हितारौ | तृह् | તે બે કાપશે | ૭ | ૩ | ૨ |
| 7. | भङ्क्ता | भञ्ज् | તે ભાંગશે | ૭ | ૩ | ૧ |
| 8. | पतितास्व: | पत् | અમે બે પડશું | ૧ | ૧ | ૨ |
| 9. | रेक्तास्थ: | रिच् | તમે બે ખાલી થશો | ૭ | ૨ | ૨ |

[4] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | અર્થ | પુરુષ | વચન | રૂપ |
|---|---|---|---|---|---|---|
| 1. | नम् | ૧ | નમવું | ૧ | ૧ | नन्तास्मि |
| 2. | रक्ष् | ૧ | રક્ષવું | ૧ | ૩ | रक्षितास्म: |
| 3. | नि+युज् | ૭ | નિયુક્ત કરવું | ૨ | ૨ | नियोक्तास्थ: |
| 4. | छिद् | ૭ | છેદવું | ૨ | ૧ | छेत्तासि |
| 5. | हिंस् | ૭ | હિંસા કરવી | ૩ | ૨ | हिंसितारौ |
| 6. | ज्ञा | ૯ | જાણવું | ૩ | ૧ | ज्ञाता |
| 7. | कृ | ૮ | કરવું | ૧ | ૨ | कर्तास्व: |
| 8. | क्षुभ् | ૪ | ખળભળવું | ૨ | ૩ | क्षोभितास्थ |
| 9. | क्री | ૯ | ખરીદવું | ૩ | ૩ | क्रेतार: |

[5] રૂપો :-

1. नेताहे नेतास्वहे नेतास्महे
नेतासे नेतासाथे नेताध्वे
नेता नेतारौ नेतार:

2. भङ्क्तास्मि भङ्क्तास्व: भङ्क्तास्म:
भङ्क्तासि भङ्क्तास्थ: भङ्क्तास्थ
भङ्क्ता भङ्क्तारौ भङ्क्तार:

3. द्रष्टास्मि द्रष्टास्व: द्रष्टास्म:
द्रष्टासि द्रष्टास्थ: द्रष्टास्थ
द्रष्टा द्रष्टारौ द्रष्टार:

* * *

# પાઠ - ૧૭

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. માછલાઓ મને જોઈ પાણીમાં ડૂબી જવાના.
2. કાલે જંબૂકુમાર વગેરે તે બધાં દીક્ષા લેશે.
3. હું દેરાસર સ્વચ્છ કરીશ, તું ગુરુ મંદિર સ્વચ્છ કરીશ.
4. તું આયુષ્યના ક્ષયથી કાલે મરીશ અને દેવલોકમાં જઈશ.
5. કાલે જેઓ રાજગૃહનગર જશે તેઓ ભગવાન મહાવીરને જોઈ ખુશ થશે.
6. સંપત્તિની સાથે વિવેક, વિદ્યાની સાથે વિનય અને લક્ષ્મીથી યુક્ત સ્વામિત્વ આ મહાપુરુષોનું લક્ષણ છે.
7. રોગ, સંકટ, દુકાળ, દુશ્મન સાથે લડાઈ આવે છતે, રાજદ્વારે તથા સ્મશાને જે [પડખે] ઊભો રહે તે ભાઈ.
8. પોતાની જાતને દોષ અપાય, બીજાને દોષ ન અપાય. માલિક કે મિત્ર કોઈનો વાંક નથી. [વાસ્તવમાં પોતાના] કર્મને જ દોષ અપાય.
9. જ્યાં સુધી ઘડપણ પીડે નહીં, જ્યાં સુધી રોગ વધે નહીં અને જ્યાં સુધી ઈન્દ્રિયો નાશ ન પામે ત્યાં સુધી ધર્મ આચરી લેવો જોઈએ.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. ते कल्ये गां हन्तारः, अतः श्वः त्वया शीघ्रं गन्तव्यम्, ते च रोद्धव्याः ।
2. गजसुकुमालमुनिः प्रव्रज्यादिने एव केवलज्ञानं प्राप्ता ।
3. अहं कल्ये गिरनारम् आरोढास्मि, नेमिनाथजिनं वन्दिताहे, पूजयितास्मि च ।
4. श्वोऽहम् आचाम्लं कर्ताहे ।
5. अद्य सायम् अहं जिनालयं दर्शनार्थं गन्तास्मि ।
6. निशायाम् अहं न भोक्ताहे, यतः ह्यः एव प्रतिज्ञाम् अगृह्णामहम् ।
7. 'कल्ये श्रीहेमचन्द्राचार्य एता' इति श्रुत्वा कुमारपालराजा अतीवाऽमोदत ।
8. त्वं ध्यातासि पश्चात् तव मनः प्रसत्ता ।
9. अर्बुदाचले मां स्मृत्वा भगवन्तं त्वं नन्तासि – इति विश्वसिम्यहम् ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | મૂળધાતુ | પ્રત્યય | ગણ | અર્થ | તે જ પુરુષના બાકી રહેલા બે રૂપો | |
|---|---|---|---|---|---|---|---|
| 1. | द्रोढास्थः | द्रुह् | तास्थः | ૪ | તમે બે દ્રોહ કરશો | द्रोढासि | द्रोढास्थ |
| 2. | पणायितारः | पण् | तारः | ૧ | તેઓ સ્તવશે | पणायिता | पणायितारौ |
| 3. | प्रतिपत्तास्महे | प्रति+पद् | तास्महे | ૪ | અમે સ્વીકારશું | प्रतिपत्ताहे | प्रतिपत्तास्वहे |
| 4. | प्रथयिताध्वे | प्रथ् | ताध्वे | ૧૦ | તમે પ્રસિદ્ધ કરશો | प्रथयितासे | प्रथयितासाथे |
| 5. | यतितारः | यत् | तारः | ૧ | તેઓ પ્રયત્ન કરશે | यतिता | यतितारौ |
| 6. | रोदितास्मि | रुद् | तास्मि | ૨ | હું રડીશ | रोदितास्वः | रोदितास्मः |
| 7. | लब्धास्वहे | लभ् | तास्वहे | ૧ | અમે બે મેળવશું | लब्धाहे | लब्धास्महे |
| 8. | वदितास्मि | वद् | तास्मि | ૧ | હું બોલીશ | वदितास्वः | वदितास्मः |
| 9. | वनिता | वन् | ता | ૮ | તે માંગશે | वनितारौ | वनितारः |

[4] જોડેલા જોડકા :-

धु - 5/U - धोतास्मि
धू - 1/U - धविताहे
धू - 9/U - धवितारः+धोतारः
धू - 6/P - धुवितास्थः
धू - 10/U - धूनयितारौ

[5] રૂપો :-

1. मन्ताहे मन्तास्वहे मन्तास्महे
मन्तासे मन्तासाथे मन्ताध्वे
मन्ता मन्तारौ मन्तारः

2. मोषितास्मि मोषितास्वः मोषितास्मः
मोषितासि मोषितास्थः मोषितास्थ
मोषिता मोषितारौ मोषितारः

3. मातास्मि मातास्वः मातास्मः
मातासि मातास्थः मातास्थ
माता मातारौ मातारः

❋ ❋ ❋

# પાઠ - ૧૮

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. જેની પોતાની બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું કરે ? બે આંખ વિનાના માણસને દર્પણ શું કરશે ?
2. ધર્મધ્યાનરૂપી તલવાર દ્વારા મોહસૈન્યને હું હણીશ !
3. જ્યારે રામ સાચું જાણશે ત્યારે રડશે.
4. દીવાળીમાં તેઓ આંબેલ કરશે.
5. ત્યાં જો હું હોત તો તે દુષ્ટ માણસોનું નવા નવા ઉપાયો દ્વારા અનુશાસન કરત.
6. જો મહાવીર ભગવાને મારી રક્ષા ન કરી હોત તો અવશ્ય હું નરકમાં ગયો હોત - એ પ્રમાણે મેઘકુમારે વિચાર્યું.
7. જો મેં પહેલા જ જૈનધર્મ સ્વીકાર્યો હોત તો મને ઘણો લાભ થયો હોત.
8. જો તે ખેડૂતે સારી રીતે ખેતર ખેડ્યું હોત તો ઘણો પૈસો મેળવ્યો હોત.
9. હું તારી સાથે [જ] દીક્ષા લઈશ, તારી સાથે [જ] વિચરીશ અને તારી સાથે [જ] દુઃસહ્ય એવા પરિષહોને સહીશ.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. यदि स भगवतः महावीरस्य उपदेशम् अश्रोष्यत् तदा अवश्यं धर्मम् अङ्ग्यकरिष्यत् ।
2. यदि रामः वनं नाऽगमिष्यत् तदा दशाननः न सीतामपाहरिष्यद् रामायणमपि च नाऽस्रक्ष्यत् ।
3. स प्रभाते जागरिष्यति तदा मां न द्रक्ष्यति ।
4. पुत्रप्रभावात् तव सम्पदः वर्धिष्यन्ते ।
5. यद्यहं रात्रिभोजनं नाऽकरिष्यम्, तदा एतादृशानि दुःखानि नाऽसहिष्ये ।
6. श्वः अस्मिन् समराङ्गणे असृजां सरितः वक्ष्यन्ति ।
7. स यद् वक्ष्यति तत् सत्यम् एव भविष्यति ।
8. कालसौकरिकः बहुजीवान् हत्वा श्वभ्रम् एष्यति ।
9. यदि द्रौपदी नाऽहसिष्यत् तदा महाभारतयुद्धं नाऽजनिष्यत ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | પુરુષ | સામાન્ય ભવિષ્યકાળ | | | ક્રિયાતિપત્ત્યર્થ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
| 1 | चर् | १ | १ | चरिष्यामि | चरिष्याव: | चरिष्याम: | अचरिष्यम् | अचरिष्याव | अचरिष्याम |
| 2 | चक्ष् | २ | २ | ख्यास्यसे | ख्यास्येथे | ख्यास्यध्वे | अख्यास्यथा: | अख्यास्येथाम् | अख्यास्यध्वम् |
| 3 | ज्ञा | ९ | ३ | ज्ञास्यति | ज्ञास्यत: | ज्ञास्यन्ति | अज्ञास्यत् | अज्ञास्यताम् | अज्ञास्यन् |
| 4 | तुद् | ६ | २ | तोत्स्यसि | तोत्स्यथ: | तोत्स्यथ | अतोत्स्य: | अतोत्स्यतम् | अतोत्स्यत |
| 5 | दह् | १ | ३ | धक्ष्यति | धक्ष्यत: | धक्ष्यन्ति | अधक्ष्यत् | अधक्ष्यताम् | अधक्ष्यन् |
| 6 | धू | १ | १ | धविष्यामि | धविष्याव: | धविष्याम: | अधविष्यम् | अधविष्याव | अधविष्याम |
| 7 | बन्ध् | ९ | ३ | भन्त्स्यति | भन्त्स्यत: | भन्त्स्यन्ति | अभन्त्स्यत् | अभन्त्स्यताम् | अभन्त्स्यन् |
| 8 | ह्वे | १ | २ | ह्वास्यसि | ह्वास्यथ: | ह्वास्यथ | अह्वास्य: | अह्वास्यतम् | अह्वास्यत |
| 9 | शुभ् | १ | १ | शोभिष्ये | शोभिष्यावहे | शोभिष्यामहे | अशोभिष्ये | अशोभिष्यावहि | अशोभिष्यामहि |

[4] સરખા રૂપો વડે પૂરેલી ખાલી જગ્યા :-

1. अध्रोक्ष्यत् – ध्रोक्ष्यति
2. स्पर्क्ष्यति – अस्पर्क्ष्यत्
3. अस्नोक्ष्यत् – स्नोक्ष्यति
4. सास्यति – असास्यत्
5. अश्वसिष्यत् – श्वसिष्यति

[5] રૂપો :-

1. सहिष्ये सहिष्यावहे सहिष्यामहे
   सहिष्यसे सहिष्येथे सहिष्यध्वे
   सहिष्यते सहिष्येते सहिष्यन्ते
2. अगमिष्यम् अगमिष्याव अगमिष्याम
   अगमिष्य: अगमिष्यतम् अगमिष्यत
   अगमिष्यत् अगमिष्यताम् अगमिष्यन्

# પાઠ - ૧૯

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. બધાં જીવો ધર્મને અને મોક્ષને મેળવો - આ પ્રમાણે જ સાધુને ઈચ્છા હોય.
2. હે કુમારપાળ ! તમે અહિંસાને પાળી જલ્દીથી મોક્ષલક્ષ્મીને વરો !
3. હે મુનિ ! તું સૂર્યની જેમ ધર્મરૂપી આકાશમાં પ્રકાશજે !
4. તારો પતિ તને જલ્દીથી મળો !
5. અમે લોકોના ગુણોનું જ ગ્રહણ કરીએ, અને પોતાના દોષો છોડી દઈએ - આ પ્રમાણે જ આપના આશિષ અમે ઈચ્છીએ છીએ.
6. પ્રિય બોલવું જોઈએ, સાચું બોલવું જોઈએ. અપ્રિય સત્ય ન બોલવું જોઈએ અને પ્રિય અસત્ય ન બોલવું જોઈએ - આ શાશ્વત ધર્મ છે.
7. બીજાની સ્પૃહા રાખવી એ મહાદુ:ખ છે અને નિ:સ્પૃહતા એ મહાસુખ છે - આ સંક્ષેપથી સુખદુ:ખનું લક્ષણ કહેવાયેલું છે.
8. તું વિદ્યાની સાથે વિનયથી, સંપત્તિની સાથે સંસ્કારથી અને ધનની સાથે ધર્મથી વધે !
9. શ્રમણપ્રધાન સમસ્ત જૈન સંઘનું કલ્યાણ થાઓ ! શ્રીસંઘનું મંગલ થાઓ.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. यूयं शीघ्रं सिद्धशिलां प्राप्यास्त – इति शिष्यभक्तिं दृष्ट्वा गुरुराशिषोऽयच्छत् ।
2. यूयं धर्मे आराधनायां च उद्युज्यास्त इति सः सूरिः आशिषः अददात् ।
3. त्वं संस्कृते प्रवीणो भूयाः ।
4. तव यात्रा सुखेन पूर्णीभूयात् ।
5. यूयं सम्यग्ज्ञान–दर्शन–चारित्राणि प्राप्यास्त ।
6. श्रुतसागरे प्रत्यहं साधवः अवगाहन्ते ततश्च अतीव शान्तिम्, समाधिं स्वस्थतां च प्राप्नुवन्ति / लभन्ते ।
7. सर्वेषां हितमेव इच्छनीयम्, शत्रोरप्यहितं नैवेच्छनीयम् – इत्येव सज्जनानां चिह्नम् ।
8. जिह्वा खादति वदत्यपि च, यदि सा न नियन्त्रिता तदा उदरस्य जीवनस्य च हानिर्भवत्येव ।

9. *यदि सूर्यः पश्चिमदिशि उदैष्यत् तदा भगवद्महावीरवचनम् अनृतम्* अभविष्यत् ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | અર્થ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|
| 1. | चि | ५ | ભેગું કરવું | १ | चीयासम् | चीयास्व | चीयास्म |
| 2. | चिन्त् | १० | વિચારવું | २ | चिन्त्याः | चिन्त्यास्तम् | चिन्त्यास्त |
| 3. | शास् | २ | રાજ કરવું | ३ | शिष्यात् | शिष्यास्ताम् | शिष्यासुः |
| 4. | वश् | २ | ઈચ્છવું | २ | उश्याः | उश्यास्तम् | उश्यास्त |
| 5. | वन्द् | १ | વંદવું | ३ | वन्दिषीष्ट | वन्दिषीयास्ताम् | वन्दिषीरन् |
| 6. | या | २ | જવું | १ | यायासम् | यायास्व | यायास्म |
| 7. | मन् | ८ | માનવું | ३ | मंसीष्ट | मंसीयास्ताम् | मंसीरन् |
| 8. | द्विष् | २ | દ્વેષ કરવો | २ | द्विक्षीष्ठाः | द्विक्षीयास्थाम् | द्विक्षीध्वम् |
| 9. | दुह् | २ | દોહવું | १ | धुक्षीय | धुक्षीवहि | धुक्षीमहि |

[4] ઓળખાણ :-

1. चक्ष् – तृ.પુ.એ.વ. - ख्यासीष्ट
2. गण् – द्वि.પુ.द्वि.વ. - गण्यास्तम्
3. अट् – प्र.પુ.બ.વ. - अट्यास्म
4. क्लृप् – प्र.પુ.द्वि.વ. - कल्पिषीवहि
5. शम् – द्वि.પુ.એ.વ. - शम्याः
6. शङ्क् – प्र.પુ.બ.વ. - शङ्किषीमहि
7. शी – प्र.પુ.द्वि.વ. - शयिषीवहि
8. वृ – द्वि.પુ.બ.વ. - व्रियास्त
9. विश् – तृ.પુ.બ.વ. - विश्यासुः

[5] રૂપો :-

1. गोपाय्यासम् गोपाय्यास्व गोपाय्यास्म
गोपाय्याः गोपाय्यास्तम् गोपाय्यास्त
गोपाय्यात् गोपाय्यास्ताम् गोपाय्यासुः
2. लङ्घिषीय लङ्घिषीवहि लङ्घिषीमहि
लङ्घिषीष्ठाः लङ्घिषीयास्थाम् लङ्घिषीध्वम्
लङ्घिषीष्ट लङ्घिषीयास्ताम् लङ्घिषीरन्
3. यतिषीय यतिषीवहि यतिषीमहि
यतिषीष्ठाः यतिषीयास्थाम् यतिषीध्वम्
यतिषीष्ट यतिषीयास्ताम् यतिषीरन्

# પાઠ - ૨૦

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. રાજાઓ એક વાર બોલે છે, સાધુઓ એક વાર બોલે છે અને કન્યા [પણ] એક વાર અપાય છે. આ ત્રણે વસ્તુ એક - એક વાર હોય છે.
2. ભગવાન મહાવીર પાસેથી ત્રિપદીને મેળવીને એક જ મુહૂર્તમાં અગ્યાર ગણધરોએ દ્વાદશાંગી રચેલી.
3. તેમાં હમણાં પાંચમા ગણધર સુધર્માસ્વામીની દ્વાદશાંગી પ્રવર્તે છે. જિનશાસનમાં વર્તમાનમાં ૪૫ આગમો છે. સુધર્માસ્વામીએ બાર અંગો રચેલા હતા અને તેમાં વર્તમાનમાં બારમું અંગ નષ્ટ થયું છે. તે બારમા અંગમાં ચૌદ પૂર્વો હતાં.
4. બાર અંગમાં પાંચમા અંગનું વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ એ પ્રમાણે નામ છે. તેમાં ૪૧ મુખ્ય શતક છે, તેના પેટાભેદો [પેટા શતકો] ભેગા કરતા ૧૩૮ શતકો અને ૧૯૨૩ ઉદ્દેશાઓ છે.
5. અને ત્યાં ભગવતી [= વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ] સૂત્રમાં જીવના ૫૬૩ ભેદ દેખાડાયેલા છે.
6. તે આ પ્રમાણે - એકેન્દ્રિયોના ૨૨ ભેદ, વિકલેન્દ્રિયોના ૬ ભેદ, નારકોના ૧૪ ભેદ, પંચેન્દ્રિય તિર્યંચોના ૨૦ ભેદ, મનુષ્યોના ૩૦૩ ભેદ અને દેવોના ૧૯૮ ભેદો છે.
7. આ બધાંનો સરવાળો કરતા જીવોના ૫૬૩ ભેદ થઈ ગયા.
8. આ બધાંના વિસ્તારથી જ્ઞાન માટે ભગવાનના સિદ્ધાંતો જણાવનારા ચાર પ્રકરણ ગ્રંથોમાં પહેલું પ્રકરણ [જીવ વિચાર] ભણવું જોઈએ.
9. ત્યાં [જીવ વિચારમાં] વિસ્તારથી બધાં જીવોના આયુષ્ય-અવગાહના-કાયસ્થિતિ-પ્રાણ-યોનિ વગેરે પણ દેખાડેલું છે. જલદીથી સંસ્કૃત ભણી ક્રમસર આ બધું (= વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ વગેરે) ભણવું જોઈએ, ઝડપ કરો.

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. भगवता नवतत्त्वानि कथितानि – तत्र प्रथमं जीवतत्त्वम्, द्वितीयम् अजीवतत्त्वम्, तृतीयं पुण्यतत्त्वम्, चतुर्थं पापतत्त्वम्, पञ्चमम् आश्रवतत्त्वम्, षष्ठं संवरतत्त्वम्, सप्तमं बन्धतत्त्वम्, अष्टमं निर्जरातत्त्वं नवमञ्च मोक्षतत्त्वम् ।
2. प्रथमजीवतत्त्वस्य चतुर्दशभेदाः, यो जीवति स जीव उच्यते ।
3. द्वितीयस्याऽजीवतत्त्वस्याऽपि चतुर्दशभेदाः, तद्यथा – अजीवस्य मुख्याः पञ्च भेदाः, प्रथमः धर्मास्तिकायः, द्वितीयः अधर्मास्तिकायः, तृतीयः आकाशास्तिकायः, चतुर्थः पुद्गलास्तिकायः, पञ्चमः कालः ।
4. तत्र धर्मास्तिकायाऽधर्मास्तिकायाऽऽकाशास्तिकायानां त्रयो भेदाः सन्ति । प्रथमः भेदः स्कन्धः, द्वितीयः देशः, तृतीयश्च प्रदेशः ।
5. पुद्गलास्तिकायस्य चत्वारो भेदाः, प्रथमः भेदः स्कन्धः, द्वितीयः देशः, तृतीयः प्रदेशः चतुर्थश्च परमाणुः ।
6. एतेषां सर्वेषां भेदानां मीलनेनाऽजीवानां चतुर्दशभेदाः भवन्ति ।
7. पुण्यस्य द्विचत्वारिंशद्भेदाः, पापस्य द्व्यशीतिभेदाः, आश्रवस्य द्विचत्वारिंशद्भेदाः संवरस्य च सप्तपञ्चाशद्भेदाः सन्ति ।
8. निर्जरायाः द्वादशभेदाः मोक्षस्य च पञ्चदशभेदाः, एतेषां सर्वेषां मीलनेन नवतत्त्वस्य द्व्यशीत्यधिकद्विशतभेदाः भवन्ति ।
9. एतेभ्यः नवतत्त्वेभ्यः प्रथमं द्वितीयं च तत्त्वं ज्ञेयम्, चतुर्थम्, पञ्चमं सप्तमञ्च हेयम्, तृतीयम्, षष्ठम्, अष्टमं नवमञ्च उपादेयम् ।

[3] સંસ્કૃતમાં લખેલ સંખ્યાનું ગુજરાતી :-

| | | | |
|---|---|---|---|
| 1. 79 | | 6. 6,324 $^{6}/_{10}$ | યોજન |
| 2. 9,486 $^{9}/_{10}$ | યોજન | 7. 63,245 $^{5}/_{10}$ | યોજન |
| 3. 31,623 | યોજન | 8. 33,333 $^{1}/_{3}$ | યોજન |
| 4. 94,868 $^{4}/_{10}$ | યોજન | 9. 78,333 $^{1}/_{3}$ | યોજન |
| 5. 3,16,228 | યોજન | | |

[4] સંખ્યાનું સંસ્કૃત :-

1. त्रयोविंशतिः ।
2. अष्टषष्टिः ।
3. षडशीत्यधिकशतम् ।
4. अष्टषष्टिसहस्राणि चतुर्विंशत्यधिकनवशताधिकानि ।
5. द्वात्रिंशत्सहस्राणि त्रयोविंशत्यधिकशताधिकानि ।

[5] સંખ્યાપૂરક :-

1. अष्टाचत्वारिंशत् - अष्टाचत्वारिंशत्तमी = ૪૮મી
2. सप्तसप्तति - सप्तसप्ततितमी = ૭૭મી
3. षण्णवति - षण्णवतितमी = ૯૬મી
4. सप्तविंशति - सप्तविंशतितमी = ૨૭મી
5. एकान्नसप्तति - एकान्नसप्ततितमी = ૬૯મી

* * *

## સંસ્કૃત > English

હવે સંધિના નિયમો અંગ્રેજી ભાષામાં છૂપા-છૂપા કેવી રીતે ગોઠવાઈ ગયા છે તે જોઈ લઈએ -

Junior - જુનિયર
Senior - સિનિયર
Superior - સુપિરિયર

આ બધામાં 'I' પછી 'O' આવે છે. એટલે કે 'इ' પછી વિજાતીય 'O' આવે છે. તેથી 'જુનિઓર', 'સિનિઓર' એવો ઉચ્ચાર ન કરતા 'य' ઉમેરી ઉચ્ચાર કરવામાં આવે છે. 'इ' હોય ત્યાં 'य' થાય આ તો સંધિનો નિયમ નહીં તો બીજું શું ?

અંગ્રેજી ભાષા લેટિનમાંથી જન્મી છે - આ વાત વાયકા જ સમજવી જોઈએ. કારણ કે અંગ્રેજી ભાષાનું ઇંગ્લીસ્ક ભાષા રૂપે અસ્તિત્વ હતું જ. પછી, ધર્માંતરણ માટે બ્રિટન આવેલા લેટિનભાષી પાદરીઓના પ્રતાપે લેટિનની જબ્બર અસર અંગ્રેજી ઉપર પડી... આ એક વાસ્તવિકતા છે.

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ભદ્રબાહુ અને વરાહમિહિર [નામના] બે બ્રાહ્મણોએ એક વાર ચૌદપૂર્વધર એવા શ્રીયશોભદ્રસૂરિ મહારાજની દેશનાને સાંભળી.
2. તે સાંભળીને ભોગોથી પરાઙ્મુખ થયેલા તે બંને પણ ભાઈઓએ દીક્ષા લીધી.
3. અનેક અતિશયોથી [= લબ્ધિઓથી] યુક્ત એવા આર્યખપુટાચાર્યજી એક વાર ભરુચમાં વિચર્યા.
4. શ્રીહેમચંદ્રસૂરિ મહારાજની વાદશક્તિ જોઈ બીજાઓએ પણ તેમની પ્રશંસા કરી.
5. શ્રીપાદલિપ્તસૂરિ મહારાજ એક વાર પ્રતિષ્ઠાનપુર નગરમાં ગયા. ત્યાં સાતવાહન રાજા હતો. શ્રીપાદલિપ્તસૂરિ મહારાજે ત્યાં ઘણી શાસનપ્રભાવના કરી.
6. શ્રી પાદલિપ્તસૂરિ મહારાજની પરંપરામાં સ્કંદિલાચાર્ય ઝળહળ્યા. તેમનો મુકુંદમુનિ નામનો શિષ્ય થયો.
7. નમતા એવા રાજાને સિદ્ધસેન દિવાકરસૂરિ હાથથી સ્પર્શ્યા અને આશિષ આપ્યા.
8. સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજનું દીક્ષા સમયે કુમુદચંદ્ર એ પ્રમાણે નામ હતું. આચાર્ય પદવીના સમયે 'શ્રીસિદ્ધસેનદિવાકર સૂરિ' આ પ્રમાણે નામ પ્રસિદ્ધ થયું.
9. સર્ષપવિદ્યા અને સુવર્ણવિદ્યાને શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિએ સારી રીતે ગ્રહણ કરી [અને] આચાર્ય મહારાજે શાસનની અપૂર્વ ઉન્નતિ કરી.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. गोशालकः तीर्थङ्करमहावीरं प्रति [અથવા तीर्थङ्करमहावीरे] तेजोलेश्यां चिक्षेप, किन्तु सा तेजोलेश्या प्रत्याजगाम ।
2. ततो गोशालकः बहूनि कर्माणि संचिकाय ।
3. हेमचन्द्राचार्यः बहून् ग्रन्थान् लिलेख । तस्मात् कुमारपालः हेमचन्द्राचार्याय कलिकालसर्वज्ञः इति पदवीं ददौ ।
4. भीमराज्ञः पुत्री दमयन्ती स्वयंवरे नलराजानं ववार ।

5. एकदा पणायन्तं / द्यूतं क्रीडन्तं नलराजानं दमयन्ती उवाच – नाथ ! द्यूतं जहीत ।

6. किन्तु नलराजा न दमयन्तीकथनं शुश्राव, दमयन्तीं च ददर्शापि न ।

7. दशाननः सीतां गृहीत्वा लङ्कां निनाय ।

8. ततः क्रुद्धौ रामलक्ष्मणौ सैन्यं गृहीत्वा लङ्कां जग्मतुः ।

9. तत्र रामबलदेवस्य भ्राता लक्ष्मणः वासुदेवः दशाननं प्रतिवासुदेवं जघान ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | પદ | અર્થ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | मा | ૩ | A | માપવું | ૧ | ममे | ममिवहे | ममिमहे |
| 2 | याच् | ૧ | A | માંગવું | ૨ | ययाचिषे | ययाचाथे | ययाचिध्वे |
| 3 | स्था | ૧ | P | ઊભા રહેવું | ૩ | तस्थौ | तस्थतुः | तस्थुः |
| 4 | पुष् | ૪ | P | પોષવું | ૨ | पुपोषिथ | पुपुषथुः | पुपुष |
| 5 | रुद् | ૨ | P | રડવું | ૩ | रुरोद | रुरुदतुः | रुरुदुः |
| 6 | मुष् | ૯ | P | ચોરવું | ૧ | मुमोष | मुमुषिव | मुमुषिम |
| 7 | रुच् | ૧ | A | ગમવું | ૩ | रुरुचे | रुरुचाते | रुरुचिरे |
| 8 | द्विष् | ૨ | U | દ્વેષ કરવો | ૨ | दिद्वेषिथ | दिद्विषथुः | दिद्विष |
| 9 | क्रुध् | ૪ | P | ગુસ્સો કરવો | ૧ | चुक्रोध | चुक्रुधिव | चुक्रुधिम |

[4] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળધાતુ | પુરુષ | વચન | અર્થ | તેની લાઈનના બીજા બે રૂપ | |
|---|---|---|---|---|---|---|---|
| 1. | बुभुजिरे | भुज् | ૩ | ૩ | તેઓએ ભોગવ્યું | बुभुजे | बुभुजाते |
| 2. | बभ्रज्जुः | भ्रस्ज् | ૩ | ૩ | તેઓએ ભૂંજ્યું | बभ्रज्ज | बभ्रज्जतुः |
| 3. | जज्ञिध्वे | ज्ञा | ૨ | ૩ | તમે જાણ્યું | जज्ञिषे | जज्ञाथे |
| 4. | जगर्ज | गर्ज् | ૧ | ૧ | મેં ગર્જના કરી | जगर्जिव | जगर्जिम |
| 5. | चख्यतुः | ख्या | ૩ | ૨ | તે બેએ કીધું | चख्यौ | चख्युः |
| 6. | चिक्यिरे | चि | ૩ | ૩ | તેઓએ ભેગું કર્યું | चिक्ये | चिक्याते |
| 7. | लिलेथ | ली | ૨ | ૧ | તું લીન થયો | लिल्यथुः | लिल्य |
| 8. | शुशुविव | श्वि | ૧ | ૨ | અમે બે ગયા | शुशाव-शुशव | शुशुविम |
| 9. | निनिजथुः | निज् | ૨ | ૨ | તમે બેએ સાફ કર્યું | निनेजिथ | निनिज |

[5] રૂપો :-

1. अद् - 2/P ખાવું

| | | |
|---|---|---|
| आद | आदिव | आदिम |
| आदिथ | आदथुः | आद |
| आद | आदतुः | आदुः |

2. या - 2/P જવું

| | | |
|---|---|---|
| ययौ | ययिव | ययिम |
| ययिथ/ययाथ | ययथुः | यय |
| ययौ | ययतुः | ययुः |

3. इ - 2/P જવું

| | | |
|---|---|---|
| इयय/इयाय | ईयिव | ईयिम |
| इययिथ/इयेथ | ईयथुः | ईय |
| इयाय | ईयतुः | ईयुः |

❋ ❋ ❋

## સંસ્કૃત > English

થોડા દૂર ચાલ્યા ગયેલા શબ્દોને ઓળખીએ :

'Walk' શબ્દમાં 'Wa' નો 'વો' રૂપે ઉચ્ચાર કરીએ છીએ. તેનો સ્પેલીંગ અનુસાર ઉચ્ચાર કરો - व મળી આવશે.

પછી 'l' એલ એટલે 'ल' 'रलयोरैक्यम्' - આ ઉક્તિ મુજબ 'र' હતો તેમ ચાડી ખાય છે. માટે Wal = व्र થશે. K - ક તો ज् ના વિકાર રૂપે આવ્યો છે.

એટલે Walk - ચાલવું, જવુંનું મૂળ થયું व्रज् ! મતલબ કે व्रज् થી શરૂ થઈ યાત્રા... ચાલતા ચાલતા Walk સુધી પહોંચ્યા... યાત્રા એટલી લાંબી અને ભારે નીવડી છે કે વેશ લઘરવઘર થઈ ગયો છે, ધૂળ ભારે લાગી છે. ચહેરો ઓળખાય એવો નથી રહ્યો... છતાં આપણે ઓળખવા મહેનત કરી છે.

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. હણાઈ રહેલા એવા પણ તેણે સામે માર્યું નહીં.
2. દેશના પછી તે બેએ આચાર્ય ભગવંતને પૂર્વભવ પૂછ્યો.
3. ભગવાનના જન્મ સમયે ઈન્દ્રોના આસનો કમ્પ્યા.
4. ભગવાનના જન્મ સમયે પવન મંદ-મંદ વાતો હતો, બધે સારા શુકનો ઉત્પન્ન થયા હતા.
5. કુબેરે બનાવેલી તે નગરી [જાણે બીજી અલકાનગરી ન હોય તેમ=] બીજી અલકાપુરીની જેમ શોભી ઉઠી.
6. તેઓએ ચારે બાજુથી ખીણ ખોદી.
7. પહેલા રાજાઓ વૃદ્ધાવસ્થામાં દીકરાઓને રાજ્ય સોંપી વ્રત લેતા હતા.
8. યૌવન, રૂપ, જીવન, પરિગ્રહ, આરોગ્ય અને પ્રિય વ્યક્તિ સાથેનો સંવાસ - આ બધું ય અનિત્ય છે. [માટે,] પંડિત માણસે ત્યાં અત્યંત આસક્ત ન થવું જોઈએ.
9. આ સંસારમાં જે સવારે દેખાય છે તે બપોરે નથી દેખાતું, જે બપોરે દેખાય છે તે રાત્રે નથી દેખાતું. હા ! પદાર્થોની અનિત્યતા [= પદાર્થો કેવા અનિત્ય છે ?]

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. मम्मणश्रेष्ठी कृपणतया धनानि चिकाय ।
2. पाण्डवाः कौरवाश्च युद्धं चक्रुः/युयुधिरे यद् महाभारतम् इति पप्रथे ।
3. तस्मिन् युद्धे पाण्डवाः कौरवान् जघ्निरे ।
4. सम्प्रतिराजा कोटीः प्रतिमानां निर्ममौ, निखिले भारतदेशे प्रजिघाय ।
5. महावीरः भगवान् अन्तिमः तीर्थङ्करः बभूव । सः अनेकानुपसर्गान् सेहे ।
6. श्रीहीरसूरयः[1] अकबरराजानम् उपदेष्टुम् आग्रां जग्मुः ।

---

1. અહીં માનાર્થે બહુવચન વાપરવામાં આવ્યું છે.

7. तेषाम् उपदेशं श्रुत्वा अकबरः अतीव प्रससाद ।

8. तथा राजा मांसाहारं जहौ, जीवहिंसां च रुरोध ।

9. श्रीहीरसूरीणाम् अन्तिमसंस्कारः उन्नतपुरे बभूव, यत्र अद्यापि तेषां स्वर्गवासतिथौ चातुर्मास आम्रः रोहति ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | મૂળધાતુ | પુરુષ | વચન | સર્વનામનું રૂપ | પ્રત્યય | રૂપ | અર્થ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | सू | १ | १ | अहम् | ए | सुषुवे | મેં જન્મ આપ્યો |
| 2. | व्रज् | ३ | २ | तौ | अतुस् | वव्रजतुः | તે બે ગયાં |
| 3. | बुध् | १ | २ | आवाम् | व | बुबुधिव | અમે બેએ જાણ્યું |
| 4. | काङ्क्ष् | २ | २ | युवाम् | अथुस् | चकाङ्क्षथुः | તમે બેએ ઈચ્છ્યું |
| 5. | ज्वल् | ३ | ३ | ते | उस् | जज्वलुः | તેઓ બળ્યાં |
| 6. | मृ | २ | ३ | यूयम् | अ | मम्र | તમે મર્યા |
| 7. | वेप् | ३ | १ | सः | ए | विवेपे | તે ધ્રૂજ્યો હતો |
| 8. | चेष्ट् | २ | १ | त्वम् | से | चिचेष्टिषे | તેં ચેષ્ટા કરી હતી |
| 9. | अट् | १ | ३ | वयम् | म | आटिम | અમે ભટક્યા હતા |

[4] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | અર્થ | મૂળધાતુ | પુરુષ | વચન | પ્રત્યય | તેની લાઈનના બીજા બે રૂપ | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | शिश्रियाते | તે બેએ આશરો લીધો | श्रि | ३ | २ | आते | शिश्रिये | शिश्रियिरे |
| 2 | जुगुह्व | અમે બેએ છૂપાવ્યું | गुह् | १ | २ | व | जुगूह | जुगुह्म |
| 3 | जग्रन्थथुः | તમે બેએ ગૂંથ્યું | ग्रन्थ् | २ | २ | अथुस् | जग्रन्थिथ | जग्रन्थ |
| 4 | सस्रंसिषे | તું ઝર્યો હતો | स्रंस् | २ | १ | से | सस्रंसाथे | सस्रंसिध्वे |
| 5 | जहसिम | અમે હસ્યા હતા | हस् | १ | ३ | म | जहास | जहसिव |
| 6 | तत्वरिढ्वे | તમે ઝડપ કરી હતી | त्वर् | २ | ३ | ध्वे | तत्वरिषे | तत्वराथे |
| 7 | बभाण | હું બોલ્યો હતો | भण् | १ | १ | अ | बभणिव | बभणिम |
| 8 | विवेपाते | તે બે ધ્રૂજ્યા હતા | वेप् | ३ | २ | आते | विवेपे | विवेपिरे |
| 9 | चिक्लिशुः | તેઓ ક્લેશ પામ્યા | क्लिश् | ३ | ३ | उस् | चिक्लेश | चिक्लिशतुः |

[5] રૂપો :-

1. वच् – 2/P બોલવું

| | | |
|---|---|---|
| उवाच/उवच | ऊचिव | ऊचिम |
| उवचिथ/उवक्थ | ऊचथुः | ऊच |
| उवाच | ऊचतुः | ऊचुः |

**2.** ऊर्णु - 2/P છૂપાવવું

| | | |
|---|---|---|
| ऊर्णुनाव-ऊर्णुनव | ऊर्णुनुविव | ऊर्णुनुविम |
| ऊर्णुनुविथ-ऊर्णुनविथ | ऊर्णुनुवथुः | ऊर्णुनुव |
| ऊर्णुनाव | ऊर्णुनुवतुः | ऊर्णुनुवुः |

**3.** पू - 9/U પવિત્ર કરવું

| | | |
|---|---|---|
| पुपुवे | पुपुविवहे | पुपुविमहे |
| पुपुविषे | पुपुवाथे | पुपुविध्वे/ढ्वे |
| पुपुवे | पुपुवाते | पुपुविरे |

❋ ❋ ❋

## સંસ્કૃત > English

ડિગ્રી - કમ્પેરેટીવ અને સુપરલેટીવ અર્થાત્ અધિકતાદર્શક અને શ્રેષ્ઠતાદર્શક પ્રત્યય તરીકે અંગ્રેજીમાં ईयस् અને इष्ठ નું જ ચલણ જોવામાં આવશે. ક્યારેક બેટર - Betterમાં પાછળ 'ter' = 'तर' જોવા મળે છે. Best માં પાછો इष्ठ જ બિરાજ્યો છે. 'est' એ 'इष्ठ' નું જ પ્રતીક છે, તેમાંથી જ ઉતરી આવ્યો છે - આવું માનવાને કોણ ઈન્કાર કરી શકે ? ફ્યુએસ્ટ, હાઈએસ્ટ - આ બધામાં 'इष्ठ' નથી તો શું છે ?

અંગ્રેજીમાં ભાવ દર્શાવવા માટે 'ity' લગાડવામાં આવે છે. આમાં જોશો તો ખ્યાલ આવશે કે સંસ્કૃતમાં જે 'त्व' અને 'य' પ્રત્યય વપરાય છે તેનું જ આ કોમ્બીનેશન છે. गुरुत्व = Gravity કેમ થાય તે હવે સમજાય છે ?

ફરી-ફરીને એક વાત ધ્યાનમાં રાખો કે ભિન્નતા ઘણી જ છે. પણ, તેમાં રહેલી સમાનતા છૂપી છૂપાતી નથી. દૃષ્ટિ સમાનતાની કેળવો તો લાગશે - વાતમાં કંઈ દમ છે ખરો !!!

# પાઠ - ૨૩

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. કૃષ્ણ વાસુદેવ વડે ફેંકાયેલ બાણોથી જરાસંઘના સૈનિકો ત્રાસ પામ્યા.
2. તારામાં જેમ ચંદ્ર શોભે એમ શિષ્યોમાં ગુરુ શોભ્યા.
3. ત્યાં આવેલા ભક્તિથી ભરપૂર હૃદયવાળા ઈન્દ્રો ત્રણ લોકના માલિક મહાવીર મહારાજાને નમ્યા.
4. પછી સમવસરણની રચના ચાલુ કરી.
5. સ્વભાવથી જ શોભતી રાણી ભગવાનના ગર્ભના પ્રભાવે અત્યંત શોભી ઉઠી.
6. તેણે ખાદ્ય વસ્તુ પણ ન વાપરી, પીવા યોગ્ય પીણાઓ પણ ન પીધા. જાણે ધ્યાનમાં તત્પર યોગી ન હોય તેમ મૌનથી રહ્યો. [કંઈ બોલ્યા ચાલ્યા વિના મૌન રહ્યો.]
7. આસક્તિ વિનાના, મમત્વ વિનાના, શાંત, ઈચ્છા વિનાના, સંયમમાં રત યોગી જ્યારે અંદર/અન્તઃ થાય છે = અંતર્મુખી થાય છે ત્યારે તત્ત્વ પ્રગટે છે.
8. કેટલાંક લોકો તત્ત્વને જાણે છે પણ કરવાને શક્તિમાન નથી. કેટલાંક કરવાને શક્તિમાન છે પણ તે જાણતા નથી. તત્ત્વને જાણે છે અને તેનું [આચરણ] કરવાને સમર્થ પણ હોય તેવા લોકો દુનિયામાં બહુ થોડા હોય છે.
9. જેમ હાથીઓ વડે મેરુપર્વત ભેદી ન શકાય તેમ વાદીઓ દ્વારા અભેદ્ય જીવરક્ષા સ્વરૂપ આ શાશ્વત જૈન ધર્મ છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. अनुपमादेवी भगवन्तं भेजे ।
2. यूयं पूर्वभवे कृतैः कर्मभिः अद्ययावद् दुखिनः बभूव ।
3. नलराजा अतीव स्वादुरसवतीं शश्रौ, तामास्वाद्य / भुक्त्वा 'अयं राजा नल एव' - इति दमयन्ती बुबोध / अवजगाम ।

4. भगवत्कथनं श्रुत्वा गणभृद्धृदि सम्यग्ज्ञानप्रकाशः वितस्तार ।

5. नलराजा पणायाञ्चकार/द्यूतं चिक्रीडे, ततश्च वनं जगाम, दुःखी बभूव ।

6. शय्यम्भवसूरिरुवाच – 'अयं मनकः मे पुत्रः आसीत्' ।

7. वस्तुपालस्य सङ्घोऽत्युल्लासेनोत्साहेन च शत्रुञ्जयं प्रति चचाल ।

8. तौ द्वौ निर्जरसौ/देवौ सनत्कुमारपदोः पेततुः ।

9. भगवान् महावीरः पूर्वभवे गर्वं चकार, व्यलीकं (=उत्सूत्रं) चोवाच अतः अनन्तकालं यावत् संसारे बभ्राम ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | પદ | અર્થ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | नम् | ૧ | P | નમવું | ૧ | ननम/ननाम | नेमिव | नेमिम |
| 2 | जप् | ૧ | P | જપવું | ૩ | जजाप | जेपतुः | जेपुः |
| 3 | चल् | ૧ | P | ચાલવું | ૨ | चेलिथ | चेलथुः | चेल |
| 4 | फल् | ૧ | P | ફળવું | ૨ | फेलिथ | फेलथुः | फेल |
| 5 | यम् | ૧ | P | કાબૂમાં રાખવું | ૩ | ययाम | येमतुः | येमुः |
| 6 | सद् | ૧ | P | પ્રસન્ન થવું | ૧ | ससद/ससाद | सेदिव | सेदिम |
| 7 | अञ्ज् | ૭ | P | આંજવું | ૩ | आनञ्ज | आनञ्जतुः | आनञ्जुः |
| 8 | श्वि | ૧ | P | જવું | ૨ | शुशविथ | शुशुवथुः | शुशुव |
| 9 | शद् | ૧ | P | નાશ પામવું | ૧ | शशद/शशाद | शेदिव | शेदिम |

[4] ઓળખાણ :-

| નં. | રૂપ | અર્થ | મૂળધાતુ | પુરુષ | વચન | બાકી રહેલા બે રૂપો | |
|---|---|---|---|---|---|---|---|
| 1. | त्रेसुः | તેઓ ત્રાસ પામ્યા | त्रस् | ૩ | ૩ | तत्रास | तत्रसतुः / त्रेसतुः |
| 2. | जजरतुः | તે બે ઘરડા થયા | जॄ | ૩ | ૨ | जजार | जजरुः / जेरुः |
| 3. | सस्वजाथे | તમે બે ભેટ્યા હતા | स्वञ्ज् | ૨ | ૨ | सस्वजिषे | सस्वजिध्वे |
| 4. | त्रेप्ध्वे | તમે શરમાયા હતા | त्रप् | ૨ | ૩ | त्रेपिषे/त्रेप्से | त्रेपाथे |
| 5. | आनक्ष | હું ફેલાયો હતો | अक्ष् | ૧ | ૧ | आनक्षिव/आनक्ष्व | आनक्षिम/आनक्ष्म |

[5] રૂપો :-

1. वे - 1/U, વણવું

| | | |
|---|---|---|
| उवाय | ऊयिव | ऊयिम |
| उवय | ऊविव | ऊविम |
| उवयिथ | ऊयथुः | ऊय |
| | ऊवथुः | ऊव |
| उवाय | ऊयतुः | ऊयुः |
| | ऊवतुः | ऊवुः |

2. तॄ - 1/P, તરવું

| | | |
|---|---|---|
| ततार–ततर | तेरिव | तेरिम |
| तेरिथ | तेरथुः | तेर |
| ततार | तेरतुः | तेरुः |

3. राज् - 1/U, શોભવું

| | | |
|---|---|---|
| रराज | रराजिव | रराजिम |
| | रेजिव | रेजिम |
| रराजिथ | रराजथुः | रराज |
| रेजिथ | रेजथुः | रेज |
| रराज | रराजतुः | रराजुः |
| | रेजतुः | रेजुः |

***

### સંસ્કૃત > English

અંગ્રેજી ભાષામાં સ્પેલીંગના છેડે Silent - અનુચ્ચરિત 'e' ઘણા જોવા મળશે. પ્રશ્ન થવો જોઈએ કે જેનો ઉચ્ચાર નથી તેને શબ્દમાં સ્થાન આપવાની જરૂરત શી ? જરૂરત તો જાણે કશી નથી... પણ, આ બધો સંસ્કૃતથી દૂર ગયાનો પ્રતાપ છે. સંસ્કૃતમાં પ્રથમા વિભક્તિ તરીકે ':' મૂકવાની વાત બહુ વિદિત છે. બસ, આ ':'નું જ અંગ્રેજી ટ્રાન્સલેશન = e ! જેમકે आवासः = House, બોલવું છે - હાઉસ, લખવું છે હાઉસે, શા માટે ? વિસર્ગ છે તે જણાવવા માટે. ખરું ને ? गृहः = Home - વિચારશો તો આવા ઘણાં દૃષ્ટાંતો સામે આવશે.

# પાઠ - ૨૪

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. અભયકુમારે આર્દ્રકુમારને ભેટણામાં ઋષભદેવ પરમાત્માની પ્રતિમા મોકલી.
2. રાજાએ નૈમિત્તિકોને સ્વપ્નનું ફળ પૂછ્યું. નૈમિત્તિકોએ તેના ઉત્તમ ફળો વર્ણવ્યા.
3. આશ્ચર્યચકિત થઈ ગયેલા તેણે તેવું બધું જોયું.
4. ક્યારેક ઈન્દ્રે ભગવાનની અદ્ભુત, અજોડ સાધનાનું વર્ણન કર્યું. પણ, સંગમે તેનો સ્વીકાર ન કર્યો અને પરીક્ષા લેવાને આવ્યો.
5. આર્યખપુટાચાર્યનો પ્રભાવ જોઈ આશ્ચર્યચકિત થયેલા બધાં વડે આચાર્ય મહારાજ સ્તવના કરાયા.
6. દેવોએ ભગવાનની દેશનાના સમયે દુંદુભીઓ વગાડી. [અહીં ताडयामासुः નો અર્થ 'વગાડી' એવો થાય.]
7. પણછ ચઢાવેલ ધનુષ્યવાળા તેને જોઈ હાથી પણ ભાગી ગયો.
8. પંડિતોની સાથે સંગતિ, પંડિતોની સાથે વાતચીત અને પંડિતોની સાથે મિત્રતા કરનાર સીદાતો નથી.
9. બધાં જીવો જાણે છે કે પાપ એ દુઃખનું કારણ છે. તો પણ સુખનાશક એવા પાપને તે જીવો છોડતા નથી.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. संप्रतिराजा पूर्वभवे दुष्काले अतीव ददरिद्रौ/दरिद्राञ्चकार ।
2. तथापि दीक्षां गृहीत्वा एकमेव दिनं पालयित्वा संयमप्रभावाद् अन्यजन्मनि राजा बभूव ।
3. ऋषभदेवप्रभोः दीक्षानन्तरं भरतबाहुबलिसेने युद्धार्थं सज्जे बभूवतुः ।
4. अन्ते केवलं भरतबाहुबली एव युयुधाते ।
5. तस्मिन् बाहुबलिः भरतं जिगाय । तदा क्रुद्धः भरतः चक्ररत्नं चिक्षेप ।

6. किन्तु, चक्ररत्नं न बाहुबलिं जघान, अन्यायात् क्रुद्धः बाहुबलिः मुष्टिना भरतं हन्तुं दधाव ।

7. 'अयं तु मम अग्रजः' – इति विमृश्य बाहुबलिः तेनैव मुष्टिना लुञ्चनं चकार ।

8. वर्षं यावद् अतिकठिनां साधनां कृत्वा स केवलज्ञानं विवेद ।

9. भरतः राजा चक्रवर्ती बभूव, एकदा च आदर्शभुवने भरतराजाऽपि केवलज्ञानं विवेद ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | ધાતુ | ગણ | પદ | અર્થ | પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | चुर् | ૧૦ | U | ચોરવું | ૧ | चोरयामास | चोरयामासिव | चोरयामासिम |
| 2 | प्र+ईक्ष् | ૧ | A | જોવું | ૨ | प्रेक्षाञ्चकृषे | प्रेक्षाञ्चक्राथे | प्रेक्षाञ्चकृढ्वे |
| 3 | कथ् | ૧૦ | U | કહેવું | ૩ | कथयाञ्चकार | कथयाञ्चक्रतुः | कथयाञ्चक्रुः |
| 4 | वर्ण् | ૧૦ | U | વર્ણવવું | ૨ | वर्णयाम्बभूविथ | वर्णयाम्बभूवथुः | वर्णयाम्बभूव |
| 5 | ह्री | ૩ | P | લજ્જા પામવી | ૩ | जिह्राय | जिह्रियतुः | जिह्रियुः |
| 6 | भृ | ૩ | U | ભરવું | ૧ | बभार | बभृव | बभृम |
| 7 | जागृ | ૨ | P | જાગવું | ૩ | जजागर | जजागरतुः | जजागरुः |
| 8 | रच् | ૧૦ | U | રચવું | ૨ | रचयामासिथ | रचयामासथुः | रचयामास |
| 9 | विद् | ૨ | P | જાણવું | ૧ | विवेद | विविदिव | विविदिम |

[4] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળધાતુ | અર્થ | પુરુષ | વચન | તેની લાઈનના બીજા બે રૂપ | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | जक्षतुः | जक्ष् | તે બેએ ખાધું હતું | ૩ | ૨ | जजक्ष | जक्षुः |
| 2 | विदाञ्चक्रथुः | विद् | તમે બેએ જાણ્યું હતું | ૨ | ૨ | विदाञ्चकर्थ | विदाञ्चक्र |
| 3 | ईशामासतुः | ईश् | તે બેએ રાજ કર્યું હતું | ૩ | ૨ | ईशामास | ईशामासुः |
| 4 | बिभयामासथुः | भी | તમે બે ડર્યા હતા | ૨ | ૨ | बिभयामासिथ | बिभयामास |
| 5 | जागराम्बभूवतुः | जागृ | તે બે જાગી ગયા હતા | ૩ | ૨ | जागराम्बभूव | जागराम्बभूवुः |
| 6 | गोपायाञ्चक्र | गुप् | તમે રક્ષા કરી હતી | ૨ | ૩ | गोपायाञ्चकर्थ | गोपायाञ्चक्रथुः |
| 7 | पणायाञ्चकर्थ | पण् | તેં હોડ બકી હતી | ૨ | ૧ | पणायाञ्चक्रथुः | पणायाञ्चक्र |
| 8 | ताडयाम्बभूविम | ताड् | અમે માર્યું હતું | ૧ | ૩ | ताडयाम्बभूव | ताडयाम्बभूविव |
| 9 | धूपायाञ्चक्रुः | धूप् | તેઓએ તપાવ્યું હતું | ૩ | ૩ | धूपायाञ्चकार | धूपायाञ्चक्रतुः |

[5] રૂપો :-

1. कम् - 1/A = ઈચ્છવું

| | | |
|---|---|---|
| कामयाञ्चक्रे | कामयाञ्चकृवहे | कामयाञ्चकृमहे |
| कामयाञ्चकृषे | कामयाञ्चक्राथे | कामयाञ्चकृढ्वे |
| कामयाञ्चक्रे | कामयाञ्चक्राते | कामयाञ्चक्रिरे |

2. ईश् - 2/A = રાજ કરવું

| | | |
|---|---|---|
| ईशामास | ईशामासिव | ईशामासिम |
| ईशामासिथ | ईशामासथुः | ईशामास |
| ईशामास | ईशामासतुः | ईशामासुः |

3. भी - 3/P = ડરવું

| | | |
|---|---|---|
| बिभयाम्बभूव | बिभयाम्बभूविव | बिभयाम्बभूविम |
| बिभयाम्बभूविथ | बिभयाम्बभूवथुः | बिभयाम्बभूव |
| बिभयाम्बभूव | बिभयाम्बभूवतुः | बिभयाम्बभूवुः |

* * *

**સંસ્કૃત > English**

અંગ્રેજીમાં વચ્ચે આવતા લગભગ બધાં જ 'L' (એલ) 'र्'ના વારસદાર છે. विरलમાંથી 'वि' (व પહેલો હોય તો ઊડી જાય) ઊડી ગયો, હવે રહ્યો 'रल'. પણ, અંગ્રેજીમાં 'अ' ન હોવાથી 'र' નો 'रे' કર્યો = RA. रेની પાછળ लને બદલે र. એટલે विरलः = Rare આ રીતે विरल માંથી જ Rare ઊતરી આવ્યો છે. હજારો અંગ્રેજી શબ્દો આ રીતે સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે.

આ જ રીતે -

'वयम्' માંથી We

'त्वम्' માંથી Thou (H કાઢો તો મૂળ ઉચ્ચાર આવી જશે.)

'यूयम्' માંથી You 'अयम्' માંથી He

'ते' માંથી They 'अहम्' માંથી I

વગેરે પણ સરળતાથી સમજાઈ જશે.

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. દેવોએ ભગવાન નેમિનાથને નમસ્કાર કર્યા. તેમાં એક દેવ પ્રભુ સન્મુખ આવી અને નમસ્કાર કરી બોલ્યો - 'હે ભગવાન ! નૃત્ય કરવાને અનુજ્ઞા આપો !'
2. મિથ્યાદૃષ્ટિ વડે આચરવામાં આવનાર પણ સાધના મોક્ષને નહીં આપે.
3. સર્વગુણોમાં વિનય શ્રેષ્ઠ છે. વિનય એ ધર્મનું મૂળ છે - એ પ્રમાણે મહાવીર ભગવાને અંતિમ દેશનામાં કીધું હતું.
4. શાંતિનાથ પરમાત્માએ વિશ્વમાં શાંતિને ફેલાવી અને ઉપદ્રવને શાંત કર્યો.
5. જીવો શુદ્ધ પાણી દ્વારા સ્નાન કરી-કરીને ફરી ફરી પણ મલીન થયે રાખે છે.
6. પિતાના વચનનું પાલન કરવા માટે રામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયા.
7. હે દેવ ! આપના ચરણકમળને જોવાથી આજે [મારી] બે આંખ સફળ થઈ. ત્રિલોકના તિલક હે નાથ ! આજે મને આ સંસાર સાગર ખાબોચિયા જેવો લાગી રહ્યો છે.
8. સ્વર્ગ અને મોક્ષના સુખને ઈચ્છનારા આપે દાન-શીલ-તપ અને ભાવ સ્વરૂપ ચતુર્વિધ ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ.
9. પર્વતે પર્વતે માણેક નથી હોતા, હાથીએ હાથીએ મોતી નથી હોતા, જંગલે જંગલે ચંદન નથી હોતું [તેમ] સાધુઓ [પણ] બધે ન હોય.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. सः संस्कृतं पठित्वा ग्रन्थं लेखिष्यति ।
2. त्वं यच्चारित्रं पालयामासिवान्, तेन त्वं देवलोकं गमिष्यसि ।
3. गजसुकुमालमुनिः स्वीयानि कर्माणि लुलुवान् ।
4. स्कन्दकमुनिः कायोत्सर्गं अतीव स्थिरं तस्थिवान् ।

5. गणधराः द्वादश अङ्गसूत्राणि रचयामासिवांसः ।

6. तेषु नवतत्त्वानि प्ररूपयामासिवांसः ।

7. तत्र नवतत्त्वेषु तृतीयं तत्त्वं पुण्यनामकम्, एतत्पुण्यप्रभावेण कुमारपालराजा महत्साम्राज्यम् आपिवान् ।

8. कुमारपालराजा पूर्वभवे भगवतः पुष्पैः पूजां चकृवान् ।

9. तेन च तादृशं पुण्यं बबध्वान् येन महाराज्यं सः विविद्वान् ।

[3] ઓળખાણ :-

| નં. | કૃદન્ત | મૂળધાતુ | ગણ | પદ | પ્રયોગ | બાકી રહેલું કૃદન્ત |
|---|---|---|---|---|---|---|
| 1. | उदीयिवस् | उद् + इ | २ | P | કર્તરિ | उदेष्यत् |
| 2. | आनर्द्वस् | अर्द् | १ | P | કર્તરિ | अर्दिष्यत् |
| 3. | उञ्छाञ्चकृवस् | उञ्छ् | ६ | P | કર્તરિ | उञ्छिष्यत् |
| 4. | काङ्क्षिष्यत् | काङ्क्ष् | १ | P | કર્તરિ | चकाङ्क्ष्वस् |
| 5. | चिकीर्वस् | कृ | ८ | U | કર્તરિ | करिष्यत् |
| 6. | चिक्रियाण | क्री | ९ | U | કર્મણિ | क्रेष्यमाण |
| 7. | चखाद्वस् | खाद् | १ | P | કર્તરિ | खादिष्यत् |
| 8. | जगाहान | गाह् | १ | A | કર્તરિ | गाहिष्यमाण |
| 9. | गमिष्यत् | गम् | १ | P | કર્તરિ | जग्मिवस् |

[4] કૃદંતો :-

| નં. | ધાતુ | પરોક્ષ કૃદન્ત | ભવિષ્ય કૃદન્ત |
|---|---|---|---|
| 1. | वर्ण् | वर्णयाञ्चकृवस्, वर्णयाञ्चक्राण | वर्णयिष्यत्, वर्णयिष्यमाण |
| 2. | शंस् | शशस्वस् | शंसिष्यत् |
| 3. | भाष् | बभाषाण | भाषिष्यमाण |
| 4. | भञ्ज् | बभञ्ज्वस् | भङ्क्ष्यत् |
| 5. | भक्ष् | भक्षयाञ्चकृवस्, भक्षयाञ्चक्राण | भक्षयिष्यत्, भक्षयिष्यमाण |
| 6. | वच् | ऊचिवस् | वक्ष्यत् |
| 7. | पाल् | पालयाञ्चकृवस्, पालयाञ्चक्राण | पालयिष्यत्, पालयिष्यमाण |
| 8. | प्री | पिप्रीवस्, पिप्रियाण | प्रेष्यत्, प्रेष्यमाण |
| 9. | बुध् | बुबुध्वस् | बोधिष्यत् |

[5] જોડેલા જોડકા :-

| A | | B |
|---|---|---|
| बबध्वस् | - | भन्त्स्यत् |
| पुपूर्वस् | - | परिष्यत् |
| दुधुवस् | - | धविष्यमाण |
| ऊचिवस् | - | वक्ष्यत् |
| पठिवस् | - | पठिष्यत् |
| दधान | - | धास्यत् |
| सस्यन्दान | - | स्यन्त्स्यत् |
| दुद्रुह्वस् | - | ध्रोक्ष्यत् |
| दधाव्वस् | - | धाविष्यमाण |

* * *

## સંસ્કૃત > English

અંગ્રેજી વ્યાકરણને આપણે આપણી રીતે ઘણું બધું પલોટી દીધું. કેમ ? ખરું ને ! હવે વ્યાકરણ સાથેની માથાફોડી છોડી આશ્ચર્યજનક બાબતો તમારી સામે મૂકવી છે. એક એક બાબતો જબ્બર આશ્ચર્યનો ઝટકો આપશે તેમાં તો જાણે કોઈ બેમત નથી. પરંતુ તે પહેલા એક ખુલાસો કરી દેવો જરૂરી છે : વિશ્વની ભૌગોલિક રચનામાં પણ કાળાંતરે અકલ્પનીય ફેરફારો થતા રહ્યા છે. માટે, તે તે ખંડો - દેશો ભારત સાથે - આર્યદેશ સાથે ભૂતકાળમાં જોડાયેલા પણ હોઈ શકે. તે વખતે આર્યપ્રજાનો સમગ્ર વિશ્વની પ્રજા ઉપર દબદબો હતો તેમાં તો કોઈ પ્રશ્ન નથી. પરિણામે તે તે ખંડો - દેશો - સમુદ્રોના આર્યપ્રજાએ આર્યસંસ્કૃતિ અનુસાર પાડેલા નામો જ પરાવર્તિત થઈ આજે પ્રચલિત થયા છે. શું આર્યસંસ્કૃતિ પૂર્વે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત હતી તેનો તે પુરાવો નથી ?

[1] **સંસ્કૃતનું ગુજરાતી :-**

1. જેના [ = જે માતા કે પિતા] વડે [પોતાનો દીકરો =] બાળક ભણાવાયો નથી તે માતા વૈરી છે અને પિતા શત્રુ છે ! જેમ હંસ વચ્ચે બગલો શોભતો નથી તેમ [અભણ બાળક] સભા વચ્ચે શોભતો નથી.
2. હું આત્મા છું, હું કંઈ પણ કરતો નથી, પરંતુ શરીર પાસે કરાવડાવું છું. હું જમતો નથી, શરીરને જમાડું છું - આ પ્રમાણે વિચારી ક્યારેય પણ રાગ-દ્વેષ ન કરવા.
3. પોતે કરેલા પાપકર્મો વડે જ જીવો લાંબો સમય સંસારમાં ભમાડાયેલા છે અને કર્મો જ જીવને સંસારમાં ભટકાવશે.
4. દ્રાવિડ અને વારિખિલ્લે કહ્યું - 'હે સ્વામી ! આપ શ્રી શત્રુંજય પર્વતનો મહિમા સંભળાવો.'
5. ભગવાન મહાવીરે ઈન્દ્રની શંકાનો નાશ કરવા માટે પગના અંગુઠાથી જ મેરુને ચલાયમાન કર્યો, કંપાવી દીધો.
6. જે વાસ્તવમાં ભગવાન ઉપર ભક્તિમાન છે તેને ડરાવવા માટે કોઈ પણ સમર્થ નથી.
7. સંપ્રતિ રાજા દ્વારા સવા લાખ દેરાસરો કરાવાયેલા અને સવા કરોડ પ્રતિમાઓ કરાવાયેલી.
8. કુમારપાલ રાજા વડે પોતાના નોકરોને સર્વથા અહિંસાનું પાલન કરાવવા માટે આજ્ઞા અપાયેલી, જેના વડે આજ્ઞા ન પળાઇ તે લોકોને સૈનિકો દ્વારા દંડ પણ કરાવડાવ્યો.
9. (પેટમાં) આહારના બે ભાગ, પાણીનો ત્રીજો ભાગ અને વાયુના સંચરણ [હલન-ચલન] માટે ચોથો ભાગ બાકી રાખવો જોઈએ.

[2] **ગુજરાતીનું સંસ્કૃત :-**

1. कृतेभ्यः कर्मभ्यः मोचयितुं न कोऽपि प्रत्यलः ।
2. अहं न कमपि मारयिष्यामि, अन्येन न कमपि घातयिष्यामि, घ्नन्तम् अन्यं न अनुज्ञास्यामि – इति प्रथमं महाव्रतं गुरुः शिष्यं कारितवान् ।
3. सः स्वीयाय पुत्राय संस्कारानपि ददाति, शिक्षयत्यपि । ततः पुत्रः विनयी प्राज्ञश्च भवति ।

4. सर्वेषु जिनालयेषु सः भगवतः अभ्यषेचयत् ।
5. वस्तुपालः सर्वेषु जिनालयेषु महोत्सवं प्रावर्तयत् ।
6. माता बालं निशि समयानुगुणं स्वापयति प्रातश्च सूर्योदयादर्वाग् जागरयति ।
7. दह्यमानं सर्पं पार्श्वनाथप्रभुः किङ्करेण नमस्कारमहामन्त्रम् अश्रावयत् ।
8. भगवदाशातना गोशालकं सप्तमनरकं नेष्यति ।
9. आचार्यः जिनप्रतिमां प्रतिष्ठापयति ।

[3] કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી બનતા પ્રેરક વાક્યો :-

1. वयं तं जागरयामः ।
2. माता बालं गमयति ।
3. गुरुः शिष्यम् अध्यापयति ।
4. साधुः न अन्यं घातयति ।
5. जिनः भव्यं जापयति ।
6. शिक्षकः विद्यार्थिनं पाठयति ।
7. हरिभद्रसूरिः श्रोतारं श्रावयति ।
8. माता पुत्र्या श्रापयति ।
9. राजा प्रेष्यं गमयति ।

[4] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ/અર્થ | પુરુષ | વચન | પ્રેરક અંગ | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | अभोजयिष्येथाम् | भुज् | ક્રિયાતિપત્ત્યર્થ | ૨ | ૨ | भोजय | अभोजयिष्यथाः<br>अभोजयिष्यध्वम् |
| 2 | पालयाञ्चक्रतुः | पाल् | પરોક્ષ | ૩ | ૨ | पालय | पालयाञ्चक्र<br>पालयाञ्चक्रुः |
| 3 | दापयितारः | दा | શ્વસ્તન | ૩ | ૩ | दापय | दापयिता/दापयितारौ |
| 4 | आशयाव | अश् | આજ્ઞાર્થ | ૧ | ૨ | आशय | आशयानि/आशयाम |
| 5 | क्रापयेथाः | क्री | વિધ્યર્થ | ૨ | ૧ | क्रापय | क्रापयेयाथाम्/क्रापयेध्वम् |
| 6 | ग्राह्यास्त | गृह् | આશીર્વાદાર્થ | ૨ | ૩ | ग्राहय | ग्राह्याः/ग्राह्यास्तम् |
| 7 | ह्रेपयाम | ह्री | આજ્ઞાર્થ | ૧ | ૩ | ह्रेपय | ह्रेपयाणि/ह्रेपयाव |
| 8 | नेजयिषीय | निज् | આશીર્વાદાર્થ | ૧ | ૧ | नेजय | नेजयिषीवहि<br>नेजयिषीमहि |
| 9 | अभेदयः | भिद् | હ્યસ્તન | ૨ | ૧ | भेदय | अभेदयतम्/अभेदयत |

[5] પ્રેરક રૂપ :-

1. सेधयति
2. दोषयति
3. शादयति
4. वापयति
5. प्रीणयति
6. लीनयति
7. चाययति
8. भापयति
9. रोहयति

# પાઠ - ૨૭

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. પ્રારંભ કરવાને ઈચ્છાયેલ ગ્રન્થની નિર્વિઘ્ન સમાપ્તિ માટે ગ્રન્થકાર ઈષ્ટ દેવતાની સ્તવના કરે છે.
2. બધાં જીવો જીવવાને ઈચ્છતા હતા, જીવવાને ઈચ્છે છે અને જીવવાને ઈચ્છશે. આથી કોઈ પણ જીવને મારવો ન જોઈએ. આ પ્રમાણે ભગવાને કીધેલ વાતને સાંભળી અમે કોઈને પણ મારવાની ઈચ્છા નથી કરતા.
3. જો શીઘ્રતયા ભવસાગરને તરવાની ઈચ્છા હોય તો ધર્મને આચરવાની ઈચ્છા પણ હોય જ.
4. પશુ કરતા પણ પશુ એવો હું ક્યાં ? અને વીતરાગ પરમાત્માની સ્તવના ક્યાં ? [આવું હોવાને લીધે ખરેખર] બે પગ દ્વારા મોટા જંગલને પાર પામવાની ઈચ્છાવાળા પાંગળા જેવો હું છું.
5. આ ધન સાર્થવાહ વસન્તપુર જશે, જે કોઈ પણ ત્યાં જવાને ઈચ્છતા હોય તે આની સાથે ચાલો !
6. આચાર્ય ભગવંત બોલ્યા - ભવદત્ત ! આ જુવાન કોણ આવેલો છે ? ભવદત્ત મુનિ બોલ્યા - ભગવંત ! દીક્ષા લેવાની ઈચ્છાવાળો આ મારો નાનો ભાઈ છે.
7. ખરેખર ક્રિયા વિનાનું એકલું જ્ઞાન નિરર્થક છે. રસ્તાને જાણનાર વ્યક્તિ પણ ગતિ વિના = ચાલ્યા વિના ઈચ્છિત નગરને મેળવતો નથી. [ઈચ્છિત નગરે પહોંચતો નથી જ.]
8. સંતોષરૂપી ઐશ્વર્યને મેળવવાની ઈચ્છાવાળી વ્યક્તિઓની મતિ રાજ્યમાં રમતી નથી.
9. દેવેન્દ્રો અને રાજાઓ તીર્થંકર ભગવાનને કાયમ સેવવાને ઈચ્છે છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. आसनादुत्थाय चिचलिषोः गुरोः हस्तं विनयी शिष्यः जग्राह ।
2. कामः खलु स्त्रीशस्त्रेण एतन्निखिलं विश्वं जिगीषुः अस्ति ।
3. वस्त्रलिप्सुः / वस्त्रमादित्सुः ब्राह्मणः प्रभुवीरं निकषा जगाम ।
4. दीक्षां जिघृक्षुः राजा स्वपुत्राय राज्यं ददौ ।
5. बुभुक्षुः बालः भृशं रोदिति ।
6. मुग्धजीवान् उद्दिधीर्षुः प्रभुः एतस्यां पृथ्व्यां विजहार ।

7. उपविविक्षवः श्रमणाः आदौ भूमिं प्रत्युपेक्षन्ते / प्रेक्षन्ते ।
8. धान्यस्य चिक्रीषा चेत् मया सह चल, यतः मम धान्यस्य विचिक्रीषाऽस्ति ।
9. चोरितं धनं जुह्वुषवः तस्कराः भूमिं चख्नुः ।

[3] संस्कृत वाक्योनुं ઇચ્છાદર્શક :-

1. श्रमणाः मोक्षं जिगमिषन्ति ।
2. सम्यक् संस्कृतं पिपठिषेत् ।
3. स मोक्षम् अविविदिषत ।
4. प्रव्रज्यां वयं जिघृक्षामः ।
5. अतीवायासं संस्कृतपठनाय युवां चिकीर्षथः ।
6. स जैनं धर्मं जिज्ञासते ।
7. अहं ज्ञानमयं भोजनं बुभुक्षे ।
8. यूयं कथां शुश्रूषत ।
9. न जीवं जिघांसतः ।

[4] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળભૂત | કાળ | સાદો અર્થ | પુરુષ | વચન | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | शिश्लाघिषितास्वहे | श्लाघ् | શ્વસ્તન | પ્રશંસા કરવી | ૧ | ૨ | शिश्लाघिषिताहे<br>शिश्लाघिषितास्महे |
| 2 | आर्जिजिषिष्यतम् | अर्ज् | ક્રિયાતિપત્ત્યર્થ | ઉપાર્જન કરવું | ૨ | ૨ | आर्जिजिषिष्यः<br>आर्जिजिषिष्यत |
| 3 | बुबोधिष्यासुः | बुध् | આશીર્વાદાર્થ | જાણવું | ૩ | ૩ | बुबोधिष्यात्<br>बुबोधिष्याताम् |
| 4 | तिष्ठासामः | स्था | વર્તમાન | ઊભા રહેવું | ૧ | ૩ | तिष्ठासामि<br>तिष्ठासावः |
| 5 | असिसीर्षः | सृ | હ્યસ્તન | સરકવું | ૨ | ૧ | असिसीर्षतम्<br>असिसीर्षत |
| 6 | पिपक्षिष्यतः | पच् | સામાન્ય | રાંધવું | ૩ | ૨ | पिपक्षिष्यति<br>पिपक्षिष्यन्ति |
| 7 | डिडयिषेत | डी | વિધ્યર્થ | ઊડવું | ૩ | ૧ | डिडयिषेयाताम्<br>डिडयिषेरन् |
| 8 | सिषिक्षाञ्चक्रे | सिच् | પરોક્ષ | સીંચવું | ૧ | ૧ | सिषिक्षाञ्चकृवहे<br>सिषिक्षाञ्चकृमहे |
| 9 | पिपृच्छिषतु | प्रच्छ् | આજ્ઞાર્થ | પૂછવું | ૩ | ૧ | पिपृच्छिषताम्<br>पिपृच्छिषन्तु |

[5] ઇચ્છાદર્શક રૂપ :-

1. दिधीर्षति
2. दिदृक्षते
3. बुभूषति
4. चिक्रमिषति
5. जिगरिषति
6. विवर्तिषते
7. सुषुप्सति
8. पिपतिषति
9. पिपृच्छिषति

# પાઠ-૨૮

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. 'પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ - આ પંચમહાભૂતથી જુદો કોઈ પરલોકમાં જનાર જીવ નથી' - આ પ્રમાણે નાસ્તિકો માને છે.
2. તે વાત ખોટી છે. [तन्न = તે નથી એટલે કે તે વાત ખોટી છે.] સુખ-દુઃખ વગેરેનું સંવેદન કરનાર, શરીરથી જુદો અને પરલોકમાં જનાર આત્મા વિદ્યમાન છે.
3. ત્રિશલા માતાના પુત્ર શ્રીમહાવીર પરમાત્મા અને વામા માતાના નંદન શ્રીપાર્શ્વનાથ પરમાત્મા - આ બંને ભગવાન અમારું કલ્યાણ કરો.
4. મહાપુરુષો હંમેશા ગુરુની આજ્ઞાના ભંગથી ડરનારા હોય છે.
5. મદ અને ગર્વને હરનાર એવું જ્ઞાન છે. તેનાથી જ જે અભિમાની થાય છે તેનો કોણ વૈદ્ય થઈ શકે ? અમૃત પણ જેને ઝેર થતું હોય તેની ટ્રીટમેન્ટ કેવી રીતે કરી શકાય ?
6. ધર્મ કાયમ માટે સુખને લાવનાર છે, વિષયો કાયમ માટે દુઃખને લાવનારા છે. વિષયો એક ક્ષણ માટે [કદાચ] સુખને આપતા હોવા છતાં પરંપરાએ કડવા ફળ જેવા (કડવા ફળ આપનારા) થાય છે.
7. બલભદ્રમુનિના પ્રભાવથી આ જંગલમાં હિંસક પણ પશુઓ શત્રુની હિંસા નથી કરતા. [અરે !] તેને મારવાની ઈચ્છા પણ નથી કરતા.
8. આ સંસાર અદૃષ્ટમૂલપર્યન્ત [= જેનું મૂળ કે છેડો જોવાયેલો નથી તેવું અનંત] નામનું નગર છે. અને આ વાત યોગ્ય જ છે. કારણ કે આ સંસારમાં દેવલોક વગેરે જગ્યાઓ મહેલ જેવી છે.
9. નવા નવા જન્મના માર્ગો બજારના રસ્તા જેવા છે. તેમાં વિવિધ સુખ-દુઃખ કરિયાણા જેવા છે. તેને યોગ્ય મૂલ્ય જેવા અનેક પ્રકારના પુણ્ય-પાપ છે.

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. शीलप्रभावाद् अग्निरपि जलति, सर्पोऽपि मालायते, व्याघ्रोऽपि मृगायते ।

2. गिरिरपि उपलायते, विषमपि अमृतायते, विघ्नोऽपि महोत्सवायते । हन्त ! वनमपि स्वगृहायते ।
3. पुण्यपापे एव परलोकयायिनी, धनादि न ।
4. बौद्धाः अपि जैनसिद्धान्तं स्वीकुर्वन्त्येव ।
5. कवर्गीयाः कण्ठ्याः सन्ति, तवर्गीयाः दन्त्याः सन्ति ।
6. हेमचन्द्रीयकथासु उपमाः अतीव सुन्दराः भवन्ति ।
7. अयं ग्रन्थः चिरन्तनाचार्यलिखितोऽस्ति ।
8. तदेव ज्ञानं सत्यं यत्प्राप्य जीवो भृशं नम्रो भवति ।
9. अनन्तोपकारिणे महावीरपरमात्मने कोटीशः नमः ।

[3] ઓળખાણ :-

| નં. | तद्धित | મૂળશબ્દ | અર્થ |
|---|---|---|---|
| 1. | वैयाकरण | व्याकरण | વૈયાકરણી |
| 2. | द्वात्रिंशद्द्वात्रिंशिका | द्वात्रिंशद्-द्वात्रिंशद् | બત્રીસ-બત્રીસી |
| 3. | नैमित्तिक | निमित्त | નૈમિત્તિક |
| 4. | शैत्य | शीत | ઠંડક |
| 5. | मासिक | मास | માસિક |
| 6. | मानसिक | मनस् | માનસિક |
| 7. | पुरातन | पुरा | પહેલાંનું |
| 8. | दयालु | दया | દયાળુ |
| 9. | शोभतेरूपम् | शोभते | અત્યંત શોભે છે |

[4] A. ઓળખાણ :-

1. राजन्
2. कुबेर
3. कुञ्जर
4. मन्दर
5. उपायन
6. पर्ण
7. पुत्र
8. उपल
9. शव

B. નામસાધિત ધાતુઓ :-

1. नगरायते
2. सर्पति
3. सङ्केतायते
4. धान्यायते
5. आपणायते
6. दुःखति
7. वदनायते
8. श्वभ्रायते
9. मोदकायते

[5] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળધાતુ | કાળ | સાદો અર્થ | પુરુષ | વચન | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | अतिस्तीर्षिष्यतम् | स्तृ | ક્રિયાતિપત્ત્યર્થ [ઈચ્છાદર્શક] | પાથરવું | ૨ | ૨ | अतिस्तीर्षिष्य: अतिस्तीर्षिष्यत |
| 2 | जिजरिषितास्म: | जृ | શ્વસ્તન [ઈચ્છાદર્શક] | ઘરડા થવું | ૧ | ૩ | जिजरिषितास्मि जिजरिषितास्व: |
| 3 | क्षोभयाञ्चकृव | क्षुभ् | પરોક્ષ [પ્રેરક] | ખળભળવું | ૧ | ૨ | क्षोभयाञ्चकार क्षोभयाञ्चकृम |
| 4 | चिखादिषति | खाद् | વર્તમાન [ઈચ્છાદર્શક] | ખાવું | ૩ | ૧ | चिखादिषत: चिखादिषन्ति |
| 5 | अविविदिषिष्यताम् | विद् | ક્રિયાતિપત્ત્યર્થ [ઈચ્છાદર્શક] | જાણવું | ૩ | ૨ | अविविदिष्यत् अविविदिष्यन् |

❋ ❋ ❋

## સંસ્કૃત > English

આર્ય તરીકે ઓળખાવાની ઘણી તત્પરતા વિદેશીઓમાં પણ હોય છે. અને પૂર્વે ઘણી જગ્યાએ આર્યસંસ્કૃતિનો ફેલાવો હતો. તે તે પ્રદેશના નામો પણ તમને આ વાત સાબિત કરી આપશે -

આયર્લેન્ડ - આર્યભૂમિ હોવાનો દાવો કરે છે.

જર્મન - शर्मन् (શર્મા - બ્રાહ્મણ) ઉપરથી ઉતરી આવેલ છે. એટલે જ તો જર્મનીઓ પોતાને આર્ય ગણાવે છે. कश्यप શબ્દને અપત્ય અર્થમાં इय પ્રત્યય લાગતા બને काश्यपीय = કાસ્પીયન સમુદ્ર !!! જ્યાં સફેદ - ઉજ્જવળ ઝરણાંઓ આજની તારીખે પણ ઘણા છે તે દેશનું નામ श्वेतनिर्झरिणी = સ્વીટ્ઝર્લેન્ડ જ હોય ને ! 'अपारिका' = આફ્રિકા. કારણ કે આફ્રિકા ખંડનો પાર પામવો - તેના દુર્ભેદ જંગલોને ભેદીને - આજે પણ અઘરો છે.

મિત્રો ! લાગે છે ને કે આ વાતનો પણ પાર આવે તેવું નથી !!!

# પાઠ - ૨૯

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ગર્ભમાં રહેલા પણ મહાપુરુષો લોકો ઉપર ઉપકાર કરનારા હોય છે.
2. પહેલાના કર્મોને અનુસારે જીવોની બુદ્ધિ હોય છે.
3. રસ્તામાં મહામુનિને જોઈ કંડૂરાજા પ્રસન્ન થયો.
4. શાસ્ત્ર અને લોક બંનેના વ્યવહારને અનુસરનારી જ વાણી સ્વીકારવી જોઈએ.
5. સર્વપ્રથમ રાજા, સર્વપ્રથમ નિષ્પરિગ્રહી સાધુ અને સર્વપ્રથમ તીર્થંકર એવા ઋષભદેવ પરમાત્માને અમે સ્તવીએ છીએ.
6. તે દીક્ષા [સાચી] નથી, તે ભિક્ષા નથી, તે દાન નથી, તે તપ નથી, તે ધ્યાન નથી, તે મૌન નથી જ્યાં દયા હાજર નથી.
7. દયા, લજ્જા, ક્ષમા, શ્રદ્ધા, બુદ્ધિ, ત્યાગ [અને] કૃતજ્ઞતા આ ગુણો જેના હોય તે ગૃહસ્થ મુખ્ય = શ્રેષ્ઠ કહેવાય છે.
8. સુંદર બુદ્ધિવાળા પંડિત માણસે પ્રમાદને છોડવો જોઈએ અને તે ચંદ્રમા જેવો નિર્મળ હૃદયધારી હોય.
9. અજ્ઞાની માણસ અજ્ઞાનની અંદર ડૂબે છે, જેમ વિષ્ઠાની અંદર ભૂંડ અને જ્ઞાની જ્ઞાનમાં ડૂબકી લગાવે છે, જાણે માનસરોવરમાં રાજહંસ !

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. अस्मिन् जम्बूद्वीपे उदीचि दिशि ऐरावतक्षेत्रम् अस्ति, अवाच्यां दिशि भरतक्षेत्रम् अस्ति, मध्ये च महाविदेहक्षेत्रमस्ति ।
2. शुभेऽहनि वामामाता पार्श्वनाथप्रभुं सुषुवे ।
3. अह्नि दधि भुङ्क्ष्व, मा निशि ।
4. शुनः पद्भ्याम् असृग् निरगच्छत् ।
5. विंशतिं गाः द्वौ गोपौ नयतः ।
6. तस्मै तन्त्रीः अतीव रोचते ।
7. यो मांसम् अत्ति स यौवन एव जरति ।
8. भिक्षुकेभ्यः धनानि दत्त्वा भृशं पुण्यम् अचिनोत् सः ।
9. हे सखे ! स्वयंभूः महावीरः भगवान् अस्माकं हृत्सु एवाऽस्ति, तमेव त्वं पश्य, बहिः कस्मादीक्षसे ?

## [3] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળશબ્દ | લિંગ | વિભક્તિ | વચન | અર્થ | બાકીના બે રૂપ | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | उदञ्चि | उदच् | વિ. | ૧ | ૩ | ઉત્તર દિશાઓ | उदक् | उदीची |
| 2 | उभयस्मात् | उभय | સર્વ. | ૫ | ૧ | બંનેમાંથી | उभयाभ्याम् | उभयेभ्यः |
| 3 | क्रोष्टुना | क्रोष्टु | પું. | ૩ | ૧ | શિયાળ વડે | क्रोष्टुभ्याम् | क्रोष्टुभिः |
| 4 | ग्लावाम् | ग्लौ | પું. | ૬ | ૩ | ચંદ્રમાઓનું | ग्लावः | ग्लावोः |
| 5 | गोपः | गोपा | પું. | ૨ | ૩ | ગોવાળોને | गोपाम् | गोपौ |
| 6 | दिवि | दिव् | સ્ત્રી. | ૭ | ૧ | સ્વર્ગમાં | दिवोः | द्युषु |
| 7 | धिया | धी | સ્ત્રી. | ૩ | ૧ | બુદ્ધિ વડે | धीभ्याम् | धीभिः |
| 8 | द्यवाम् | द्यो | સ્ત્રી. | ૬ | ૩ | સ્વર્ગોનું | द्योः | द्यवोः |
| 9 | नौभ्याम् | नौ | સ્ત્રી. | ૩ | ૨ | બે નાવ વડે | नावा | नौभिः |

## [4] આપેલ માહિતી મુજબના રૂપો :-

| નં. | વિભક્તિ વચન | पाद् | पुंस् | पृतना | सुधी | भू | पथिन् | पति | सखि | स्त्री |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ૧/૨ | पादौ | पुमांसौ | पृतने | सुधियौ | भुवौ | पन्थानौ | पती | सखायौ | स्त्रियौ |
| 2 | ૨/૧ | पादम् | पुमांसम् | पृतनाम् | सुधियम् | भुवम् | पन्थानम् | पतिम् | सखायम् | स्त्रीम् |
| 3 | ૩/૨ | पद्भ्याम् | पुम्भ्याम् | पृद्भ्याम् | सुधीभ्याम् | भूभ्याम् | पथिभ्याम् | पतिभ्याम् | सखिभ्याम् | स्त्रीभ्याम् |
| 4 | ૪/૩ | पद्भ्यः | पुम्भ्यः | पृद्भ्यः | सुधीभ्यः | भूभ्यः | पथिभ्यः | पतिभ्यः | सखिभ्यः | स्त्रीभ्यः |
| 5 | ૫/૧ | पदः | पुंसः | पृतः | सुधियः | भुवः | पथः | पत्युः | सख्युः | स्त्रियाः |
| 6 | ૬/૩ | पदाम् | पुंसाम् | पृताम् | सुधियाम् | भुवाम् | पथाम् | पतीनाम् | सखीनाम् | स्त्रीणाम् |
| 7 | ૭/૧ | पदि | पुंसि | पृति | सुधियि | भुवि | पथि | पत्यौ | सख्यौ | स्त्रियाम् |
| 8 | ૮/૨ | पादौ ! | पुमांसौ ! | पृतने ! | सुधियौ ! | भुवौ ! | पन्थानौ ! | पती ! | सखायौ ! | स्त्रियौ ! |
| 9 | ૨/૩ | पदः | पुंसः | पृतः | सुधियः | भुवः | पथः | पतीन् | सखीन् | स्त्रीः |

## [5] આપેલ રૂપ મુજબના રૂપો :-

| નં. | रै | गो | युवन् | ग्रामणी | मास् | विश्वपा | श्वन् | श्री | हृदय |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | राया | गवा | यूना | ग्रामण्या | मासा | विश्वपा | शुना | श्रिया | हृदा |
| 2 | राये | गवे | यूने | ग्रामण्ये | मासे | विश्वपे | शुने | श्रिये | हृदे |
| 3 | राभिः | गोभिः | युवभिः | ग्रामणीभिः | माभिः | विश्वपाभिः | श्वभिः | श्रीभिः | हृद्भिः |
| 4 | रायि | गवि | यूनि | ग्रामण्याम् | मासि | विश्वपि | शुनि | श्रियि | हृदि |
| 5 | रायोः | गवोः | यूनोः | ग्रामण्योः | मासोः | विश्वपोः | शुनोः | श्रियोः | हृदोः |
| 6 | रायः | गाः | यूनः | ग्रामण्यः | मासान् | विश्वपः | शुनः | श्रियः | हृन्दि |
| 7 | राभ्यः | गोभ्यः | युवभ्यः | ग्रामणीभ्यः | माभ्यः | विश्वपाभ्यः | श्वभ्यः | श्रीभ्यः | हृद्भ्यः |
| 8 | रासु | गोषु | युवसु | ग्रामणीषु | मासेषु | विश्वपासु | श्वसु | श्रीषु | हृत्सु |
| 9 | रायः ! | गावः ! | युवानः ! | ग्रामण्यः ! | मासाः ! | विश्वपाः ! | श्वानः ! | श्रियः ! | हृदयानि ! |

*** 

# પાઠ - 30

[1] સંસ્કૃતનું ગુજરાતી :-

1. સીતાને શોધતા રામ લક્ષ્મણની સાથે અત્યંત ભટકે છે.
2. તેણે સજ્જનની અત્યંત નિંદા કરી. આથી તેને જીભનો રોગ ઉત્પન્ન થયો.
3. नरीनृत्ये अनरीनृत्ये, नरीनृत्यै, नरीनृत्येय, नरीनृतिताहे, नरीनृतिष्ये, अनरीनृतिष्ये, नरीनृतिषीय વગેરે नृत् ધાતુના રૂપો છે.
4. ખરાબ કામ કરવાના સમયે અમે અત્યંત લજ્જા પામીએ [ઈચ્છા અર્થમાં આજ્ઞાર્થ], અમે સત્યને જ બોલીએ, ગુણીઓને જોઈ અત્યંત ખુશ થઈએ, સદ્ગુણરૂપી પર્વત ઉપર અત્યંત ચઢીએ.
5. સદ્ગુરુને અત્યંત સેવીએ, જ્ઞાનરૂપી અમૃતનું પાન કરીએ, દાન આપીએ, સત્યને જ ગ્રહણ કરીએ, બધાંની અંદર અમે ગુણોને જોઈએ.
6. ગોશાળો પોતે ભેગા કરેલા કર્મને કારણે ભવાંતરમાં પણ શસ્ત્રથી કે આગથી વારે વારે મરશે.
7. ઈન્દ્રોએ ભગવાન મહાવીરની ઘણી સ્તવના કરી. ચોર્યાશી ચોવીસી સુધી બધાં સ્થૂલિભદ્રજીને અત્યંત સ્તવશે.
8. ક્ષમા એ જ શ્રેષ્ઠ તીર્થ છે, એ જ શ્રેષ્ઠ તપ છે, એ જ શ્રેષ્ઠ જ્ઞાન છે અને શમ એ જ શ્રેષ્ઠ યોગ છે.
9. દારૂ પીવાથી ઉન્મત્ત થયેલો સ્વજનોને અને પરજનોને ઓળખી શકતો નથી. કોણ શત્રુ, કોણ મિત્ર, કોણ મા કે કોણ પત્ની કોઈને જાણતો નથી. [મતલબ કે મિત્ર જોડે શત્રુ જેવું કામ કરે શત્રુ સાથે મિત્ર જેવો વ્યવહાર કરે]

[2] ગુજરાતીનું સંસ્કૃત :-

1. ते गुरोः सकाशाद् आत्मानं जाज्ञायाञ्चक्रिरे ।
2. अहं तृष्णां चेच्छिद्येय ।
3. भगवान् महावीरः ब्राह्मणाय वस्त्रं दातुं वस्त्रम् अबेभिद्यत ।
4. ग्लावि उदिते सति उदधिः चोक्षुभिष्यते ।

5. वसंततौ वृक्षे पुष्पाणि उत्पनीपदिष्यन्ते लोकानां च मनसि प्रमोदः जञ्जनिष्यते ।

6. यदि त्वं गुरुं वावन्द्येथाः तदा तव गर्वः नानश्येत ।

7. त्वं नमस्कारमहामन्त्रं जञ्जप्यस्व ।

8. तात्यज्ये, अतात्यज्ये, तात्यज्यै, तात्यज्येय, तात्यजिताहे, तात्यजिष्ये, अतात्यजिष्ये, तात्यजिषीय, तात्यजाञ्चक्रे, अतात्यजिष्ट... इत्यादीनि त्यज्धातोः रूपाणि सन्ति ।

9. अज्ञानं जीवानां विवेकं जेघ्नीयते ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | પુરુષ | વચન | કાળ | અર્થ | બાકીના બે રૂપ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | अजरीजृम्भिष्येथाम् | जृम्भ् | २ | २ | ક્રિયાતિપત્ત્યર્થ | બગાસું ખાવું | अजरीजृम्भिष्यथाः<br>अजरीजृम्भिष्यध्वम् |
| 2 | शाश्लाघ्येरन् | श्लाघ् | ૩ | ૩ | વિધ્યર્થ | પ્રશંસા કરવી | शाश्लाघ्येत<br>शाश्लाघ्येयाताम् |
| 3 | सासह्यामहै | सह् | ૧ | ૩ | આજ્ઞાર્થ | સહેવું | सासह्यै, सासह्यावहै |
| 4 | दोदुहितासे | दुह् | २ | ૧ | શ્વસ્તન | દોહવું | दोदुहितासाथे<br>दोदुहिताध्वे |
| 5 | अजोह्नूयत | ह्नु | ૩ | ૧ | હ્યસ્તન | છૂપાવવું | अजोह्नूयेताम्<br>अजोह्नूयन्त |
| 6 | जाजक्ष्यावहे | जक्ष् | ૧ | २ | વર્તમાન | ખાવું | जाजक्ष्ये<br>जाजक्ष्यामहे |
| 7 | बेभीयिष्येते | भी | ૩ | २ | સામાન્ય | ડરવું | बेभीयिष्यते<br>बेभीयिष्यन्ते |
| 8 | देधीयिषीध्वम् | धा | २ | ૩ | આશીર્વાદાર્થ | ધારણ કરવું | देधीयिषीष्ठाः<br>देधीयिषीयास्थाम् |
| 9 | बेभ्रीयाञ्चक्रे | भृ | ૧ | ૧ | પરોક્ષ | ભરવું | बेभ्रीयाञ्चकृवहे<br>बेभ्रीयाञ्चकृमहे |

[4] **यङन्त રૂપ :-**

1. चोक्रुध्यते
2. चोकुप्यते
3. देद्विष्यते
4. सेसिच्यते
5. योयुज्यते
6. नेनिज्यते
7. चेक्रीयते
8. अशाश्यते
9. चेक्रीयते

[5] રૂપો :-

1. मृज् – 2/P સાફ કરવું

| | | |
|---|---|---|
| अमरीमृजिष्ये | अमरीमृजिष्यावहि | अमरीमृजिष्यामहि |
| अमरीमृजिष्यथाः | अमरीमृजिष्येथाम् | अमरीमृजिष्यध्वम् |
| अमरीमृजिष्यत | अमरीमृजिष्येताम् | अमरीमृजिष्यन्त |

2. क्षुभ् – 4/P ખળભળવું

| | | |
|---|---|---|
| चोक्षुभ्ये | चोक्षुभ्यावहे | चोक्षुभ्यामहे |
| चोक्षुभ्यसे | चोक्षुभ्येथे | चोक्षुभ्यध्वे |
| चोक्षुभ्यते | चोक्षुभ्येते | चोक्षुभ्यन्ते |

3. बन्ध् – 9/P બાંધવું

| | | |
|---|---|---|
| बाबध्येय | बाबध्येवहि | बाबध्येमहि |
| बाबध्येथाः | बाबध्येयाथाम् | बाबध्येध्वम् |
| बाबध्येत | बाबध्येयाताम् | बाबध्येरन् |

* * *

## સંસ્કૃત > English

મહાભારતના યુદ્ધમાં ૧૧મે દિવસે કૃષ્ણ અને અર્જુન બન્ને ગેરહાજર હતા, અર્થાત્ કુરુક્ષેત્રમાં તે હાજર ન હતા. કારણ કે ક્યાંક દૂર તે લોકો અસ્ત્રો અને શસ્ત્રો લેવા ગયા હતા. તે વખતે પણ, મિસાઈલ અને રોકેટ જેવા ફેંકવાના હથિયારો હતા અને તે હથિયારો - અસ્ત્રો ભયાનક હોવાથી તેને વસતીથી, દેશથી દૂર રાખવામાં આવતા હતા. આ વાત ઉપરથી એક વાત કહું કે

અસ્ત્રોનું સ્થાન = अस्त्रालय એ જ ઓસ્ટ્રેલિયા !!! સ્ફોટક વાત લાગી ??? જલદી ઠંડું પાણી રેડી દો અને આવા अस्त्रालय થી દૂર જ રહો... अस्त्रालयની જગ્યાએ બહારથી આવનારા વિદેશીઓ ગુનેગારો જ હોય ને !!! અર્થાત્ જન્મટીપ જેવી લાંબી સજા પામનારાઓને બ્રિટને ઓસ્ટ્રેલિયા રહેવા ધકેલી મૂક્યા... પરિણામે આપણે अस्त्रालय ગુમાવ્યું, ઓસ્ટ્રેલિયા મેળવ્યું.

## પાઠ - ૩૧

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. 'મારા નાનાભાઈઓને મારે વંદન કરવા જોઈએ. હું તેમને વંદન કરવા માટે જાઉં' - એ પ્રમાણે વિચારીને જ્યાં એક પગ ચલાવ્યો ત્યાં તો બાહુબલિએ કેવલજ્ઞાનને મેળવી લીધું.
2. મહાવીર ભગવાનના નિર્વાણની વાત સાંભળી શ્રી ગૌતમ ગણધર અત્યંત ખેદ પામ્યા.
3. સંસાર, ધન અને પરિવાર વગેરે [બધું] છોડીને તેણે દીક્ષા લીધી.
4. પ્રસન્ન થયેલા દેવે કીધું - તને પુત્ર થશે.
5. જંબૂકુમારે પત્ની વગેરે બધાંને છોડી દીધાં.
6. લોક-અલોકને પ્રકાશિત કરનાર મહાજ્ઞાન જેની [પાસે] હોય, મહા દયા હોય, દમ હોય, ધ્યાન હોય તે મહાદેવ કહેવાય છે.
7. મોટા મલ્લ સમા દુર્જય એવા રાગ અને દ્વેષ જેણે જીતી લીધા છે તેને હું મહાદેવ માનું છું. બાકી બધાં તો ખાલી નામધારી છે.
8. મહાક્રોધ, મહામાન, મહામાયા, મહામદ અને મહાલોભ જેના દ્વારા હણાયેલ છે તે મહાદેવ કહેવાય છે.
9. જેમાં બધાંય દોષો નથી અને ગુણો બધાં જ છે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, કૃષ્ણ હો કે જિન હો, તેમને મારા નમસ્કાર !

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. शोकं त्वं मा कृथाः [कुरु] ।
2. गौतमस्वामी महावीरभगवन्तम् अप्राक्षीत् / अपृच्छत् ।
3. विरागी शालिभद्रः न कुत्राऽपि रतिमविदत् ।
4. चारित्रं पालयित्वा स दिवं प्रापत् ।
5. प्रभुः वीतरागः आस्थत्, अतः न कदाऽपि प्रासदत्, न चाकुपत् ।
6. वैताढ्यगिरौ नमिराजा विनमिराजा च ऐशाताम् ।
7. वनस्पतिः जीवः इति असिधत् ।
8. पार्श्वनाथप्रभुस्तु उपसर्गकारिकमठमपि अक्षमत् ।
9. तव रोगः अनेशत्, ततश्च वयं प्रासदाम ।

[3] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | સાદો અર્થ | પુરુષ/વચન | પ્રત્યય | પ્રકાર | બાકીના બે રૂપ | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | अकुपः | कुप् | ગુસ્સે થવું | ૨/૧ | स् | ૨ | अकुपतम् | अकुपत |
| 2 | अक्रुधाम | क्रुध् | ગુસ્સે થવું | ૧/૩ | म | ૨ | अक्रुधम् | अक्रुधाव |
| 3 | अपुषतम् | पुष् | પોષવું | ૨/૨ | तम् | ૨ | अपुषः | अपुषत |
| 4 | अनेशत | नश् | નષ્ટ થવું | ૨/૩ | त | ૨ | अनेशः | अनेशतम् |
| 5 | असिचध्वम् | सिच् | સિંચવું | ૨/૩ | ध्वम् | ૨ | असिचथाः | असिचेथाम् |
| 6 | अमुहाम | मुह् | મોહ પામવું | ૧/૩ | म | ૨ | अमुहम् | अमुहाव |
| 7 | अलुभम् | लुभ् | લોભાવું | ૧/૧ | अम् | ૨ | अलुभाव | अलुभाम |
| 8 | अक्षुभन् | क्षुभ् | ખળભળવું | ૩/૩ | अन् | ૨ | अक्षुभत् | अक्षुभताम् |
| 9 | अमुचताम् | मुच् | મૂકવું | ૩/૨ | ताम् | ૨ | अमुचत् | अमुचन् |

[4] અદ્યતન રૂપ :-

1. असिधम्
2. अरुषम्
3. अक्षमम्
4. अलुपम्
5. आस्थम्
6. असरम्
7. अक्लमम्
8. अदमम्
9. अतमम्

[5] રૂપો :-

1. श्रम् - 4/P = થાકી જવું

| | | |
|---|---|---|
| अश्रमम् | अश्रमाव | अश्रमाम |
| अश्रमः | अश्रमतम् | अश्रमत |
| अश्रमत् | अश्रमताम् | अश्रमन् |

2. शम् - 4/P = શાંત થવું

| | | |
|---|---|---|
| अशमम् | अशमाव | अशमाम |
| अशमः | अशमतम् | अशमत |
| अशमत् | अशमताम् | अशमन् |

3. सिध् - 4/P = સિદ્ધ થવું

| | | |
|---|---|---|
| असिधम् | असिधाव | असिधाम |
| असिधः | असिधतम् | असिधत |
| असिधत् | असिधताम् | असिधन् |

# પાઠ - ૩૨

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ભરતે મરુદેવી માતાને જણાવ્યું.
2. અજિતનાથ ભગવાને પ્રજાને પોતાના દીકરાની જેમ પાળી.
3. રાત્રિના છેલ્લા પહોરે સૂતેલા એવા તેણે સ્વપ્ન જોયું અને ઉઠેલા તેણે બીજા ભિખારીઓને તે સ્વપ્ન કહ્યું.
4. નૈમિત્તિકોએ જવાની ઈચ્છાવાળા[પ્રવાસે કે યુદ્ધે] રાજાઓના શુકનો ગણ્યા.
5. અત્યંત વૈરાગી એવા સ્થૂલિભદ્રજીએ જુવાન સ્ત્રીઓમાં, ધનમાં કે મંત્રીપદમાં ક્યાંય પણ આનંદ મેળવ્યો નહીં.
6. ગાંગેયે પોતાના નાનાભાઈ વિચિત્રવીર્યને રાજ્ય ઉપર બેસાડ્યો.
7. ગજસુકુમાલ મુનિએ મોક્ષની અત્યંત સ્પૃહા કરી.
8. સિંહ વનમાં ગર્જ્યો અને તે સાંભળી હરણો ભાગી છૂટ્યા. તેની જેમ ભગવાનની દેશના પણ તુચ્છ હરણના સમૂહ [જેવા જીવોને] ત્રાસ પમાડવા સિંહનાદ જેવી છે.
9. તેવી કોઈ પણ અવસ્થા નથી, તેવો કોઈ પણ કાળ નથી, તેવો કોઈ પણ દેશ નથી, તેવા કોઈ પણ જીવો નથી, તેવી કોઈ પણ વસ્તુ આ લોકમાં નથી કે જે વસ્તુઓ વડે દુશ્મન એવો યમ = મરણ જીતાય. [મતલબ કે જન્મ લેનારનું મરવાનું નિશ્ચિત છે.]

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. गणधराः द्वादशाङ्गीम् अररचन् ।
2. गोशालकः दुर्गतौ अपप्तत् ।
3. प्रभुवीरः अन्तिमदेशनां षोडशयामान् यावद् अचकथत् ।
4. कुमारपालराजा हिंसन्तं जनम् अददण्डत् ।
5. प्रभुभक्तिमयाद्भिः स स्वात्मानं प्राचिक्षलत् ।
6. सिद्धसेनदिवाकरसूरिः पार्श्वप्रभुम् अववर्णत् ।
7. पीडितान् बालान् माता अससान्त्वत् ।
8. अहं आदिनाथभगवन्तम् अपूपुजम् ।
9. हरिभद्रसूरिः तत्त्वमचिचिन्तत्, तस्य च सारं प्रापत् / अवीविदत् ।

[3] ઓળખાણ :-

| નં. | રૂપ | મૂળધાતુ | પુરુષ/વચન | પ્રત્યય | અર્થ | તેની લાઈનના બીજા બે રૂપ | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | अचिचिन्तत् | चिन्त् | ૩/૧ | त् | ચિંતવવું | अचिचिन्तताम् | अचिचिन्तन् |
| 2 | अददण्डतम् | दण्ड् | ૨/૨ | तम् | દંડવું | अददण्डः | अददण्डत |
| 3 | अपिपीडम् | पीड् | ૧/૧ | अम् | પીડવું | अपिपीडाव | अपिपीडाम |
| 4 | अपूपुजत | पूज् | ૨/૩ | त | પૂજવું | अपूपुजः | अपूपुजतम् |
| 5 | अववर्णाव | वर्ण् | ૧/૨ | व | વર્ણવવું | अववर्णम् | अववर्णाम |
| 6 | अचूचुरतम् | चुर् | ૨/૨ | तम् | ચોરવું | अचूचुरः | अचूचुरत |
| 7 | अजूघुषाम | घुष् | ૧/૩ | म | ઘોષણા કરવી | अजूघुषम् | अजूघुषाव |
| 8 | अतीतडः | ताड् | ૨/૧ | स् | મારવું | अतीतडतम् | अतीतडत |
| 9 | अबुभूषाव | भूष् | ૧/૨ | व | ભૂષિત કરવું | अबुभूषम् | अबुभूषाम |

[4] રૂપો :-

1. आर्चिचत्
2. अजीगणत्
3. अररचत्
4. अपप्रथत्
5. अपस्पृहत्
6. अववञ्चत
7. अववर्जत्
8. आर्पिपत्
9. अससान्त्वत्

[5] રૂપો :-

1. भक्ष् - **10/U** = ખાવું

| | | |
|---|---|---|
| अबभक्षम् | अबभक्षाव | अबभक्षाम |
| अबभक्षः | अबभक्षतम् | अबभक्षत |
| अबभक्षत् | अबभक्षताम् | अबभक्षन् |

2. रच् - **10/U** = રચવું

| | | |
|---|---|---|
| अररचम् | अररचाव | अररचाम |
| अररचः | अररचतम् | अररचत |
| अररचत् | अररचताम् | अररचन् |

3. मृग् - **10/A** = શોધવું

| | | |
|---|---|---|
| अममृगे | अममृगावहि | अममृगामहि |
| अममृगथाः | अममृगेथाम् | अममृगध्वम् |
| अममृगत | अममृगेताम् | अममृगन्त |

# પાઠ - ૩૩

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. તમે બેએ સંસ્કૃત ભણ્યું.
2. ભગવાને મારી સંકટમાં રક્ષા કરી.
3. આચાર્યે શિષ્યને કીધું - 'પ્રમાદ ન કર'
4. બધાં ગણધરો અને તેમના શિષ્યોએ કીધું - 'આ મહાવીર ભગવાન એ જ વીતરાગ છે, એ જ જિન છે.'
5. તે મહાત્માએ પોતાના કર્મો બાળી નાંખ્યા.
6. તે બંને સંસારમાં ભટક્યા.
7. અમે સંઘની સાથે શત્રુંજય તરફ ચાલ્યા હતા.
8. જિનપૂજા, ગુરુ ઉપર ભક્તિ, તત્ત્વમાં શ્રેષ્ઠ શ્રદ્ધા અને સાધર્મિક ઉપર પ્રીતિ - આ જિનાગમમાં સાર છે.
9. પાણીની અંદર ઠંડક, પવનમાં ચંચલતા, અગ્નિમાં દાહકતા, ચંદ્રની ચાંદનીમાં અમૃતરૂપતા, સૂર્યમાં પ્રકાશકતા, પથ્થરમાં કઠણતા અને સજ્જનમાં મીઠો સ્વભાવ એ જેમ પ્રકૃતિ છે = એ જેમ તેઓનો સ્વભાવ છે તેમ જીવોના જીવનમાં ચંચલતા એ સ્વભાવ છે. [જીવોનું જીવન અત્યંત ચંચલ છે. ચંચલ સ્વભાવવાળું છે.]

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. द्वौ गावौ वने अचारिष्टाम् ।
2. नमस्कारमहामन्त्रप्रभावेण स राजा अजीवीत् ।
3. पार्श्वनाथभगवन्तम् अहम् अजपिषम् ।
4. धन्यसाधुः आचाम्लान्नमेव अजेमीत् ।
5. सः गुरुम् अनिन्दीत्, तस्य कटुफलानि सः अधुना अनुभवति ।
6. चतुर्विंशतितीर्थंकराः सर्वाणि कर्माणि अजैषुः ।
7. हे महात्मानः ! यूयं हि संसारम् अतारिष्ट ।
8. तस्य वपुः अक्षैषीत् किन्तु तस्य सङ्कल्पः नाऽक्षैषीत् ।
9. युवाम् आदिनाथभगवत्प्रतिमाम् अदर्शतम्, युवां धन्यौ अभूतम् ।

[3] રૂપો :-

| | | |
|---|---|---|
| 1. अरब्ध | | 6. आर्हीत् |
| 2. अश्वयीत् | | 7. पलायिष्ट |
| 3. अधृत | | 8. अराजीत् |
| 4. अस्मेष्ट | | 9. अयाचीत् |
| 5. अशंसीत् | | |

[4] રૂપો :-

1. मुद् - 1/A = ખુશ થવું

| | | |
|---|---|---|
| अमोदिषि | अमोदिष्वहि | अमोदिष्महि |
| अमोदिष्ठाः | अमोदिषाथाम् | अमोदिध्वम्<br>अमोदिड्ढ्वम् |
| अमोदिष्ट | अमोदिषाताम् | अमोदिषत |

2. भज् - 1/U = ભજવું

| | | |
|---|---|---|
| अभाक्षम् | अभाक्ष्व | अभाक्ष्म |
| अभाक्षीः | अभाक्तम् | अभाक्त |
| अभाक्षीत् | अभाक्ताम् | अभाक्षुः |

3. गुप् - 1/P = છૂપાવવું

| | | |
|---|---|---|
| अगोपायिषम् | अगोपायिष्व | अगोपायिष्म |
| अगोपायीः | अगोपायिष्टम् | अगोपायिष्ट |
| अगोपायीत् | अगोपायिष्टाम् | अगोपायिषुः |

* * *

**સંસ્કૃત > English**

એટલાન્ટિક એટલે अतलान्तिक, જેનું તળિયું કે અન્ત કશું હાથ લાગતું નથી તેવો સાગર તેને अतलान्तिक જ કહેવાય ને ! ઉચ્ચાર કરવો ન ફાવે ને એટલાન્ટિક બોલો તો તમારી મરજી. વર્તમાન દૃશ્ય વિશ્વના અંત સુધી ફેલાયેલા પ્રદેશને अन्तरन्तिका (= અંતનો છેવાડાનો ભાગ) જ કહેવાય ને ! બોલો ભલે ઍન્ટાર્ટિકા...

# પાઠ - ૩૪

**[1] સંસ્કૃતનું ગુજરાતી :-**

1. ઉપવનમાં કમળ વગેરે ફૂલોને અમે સૂંઘ્યા.
2. ભક્તામરસ્તોત્ર દ્વારા રમત માત્રમાં [લીલાથી] માનતુંગાચાર્યે બેડીઓ છેદી નાંખી.
3. હમણા જન્મેલા પ્રભુનો દેવોએ મેરુપર્વત ઉપર અભિષેક કર્યો.
4. [1]લક્ષ્મી ઘણી બધી હોવા છતાં પોતાના ભાગ્યની પરીક્ષા કરવાને પરદેશમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં તે ગયો.
5. તે રાજર્ષિએ એ પ્રમાણે વિચાર્યું કે 'તે ખરાબ મંત્રીઓનું મેં જે સન્માન કર્યું હતું તે ખરેખર રાખમાં હોમ્યા [બરાબર] હતું.'
6. કાયમ કર્કશ ભાષા બોલવાથી પરિવાર ઉદ્વિગ્ન થાય છે, પરિવાર ઉદ્વિગ્ન થયે છતે માણસોનું સ્વામિત્વ હણાય છે.
7. ડરેલાઓને અભયદાન આપવું, રોગીઓને ઔષધ આપવું, વિદ્યાર્થિઓને વિદ્યા આપવી અને ભૂખ્યાને ભોજન આપવું જોઈએ.
8. આપત્તિમાં પણ ગયેલા [= રહેલા] સજ્જનો પાપકર્મ કરતા નથી. શું ભૂખ્યો થયેલો પણ રાજહંસ કૂકડાની જેમ કીડાને ખાય ખરો ?
9. થવાનું હોય તે થાય જ છે. કર્મોની આવી ગતિ છે. તેથી વિપત્તિમાં વિષાદથી સર્યું અને સંપત્તિમાં [= સારા સમયમાં] હર્ષ કરવાથી સર્યું !

**[2] ગુજરાતીનું સંસ્કૃત :-**

1. युवां दुर्गम् अरौद्धम् ।
2. सः शर्कराम् अक्षौत्सीत् ।
3. सः स्वीयानि कर्माणि अच्छैत्सीत् ।
4. अहं तं धर्मम् अचकथम्, स तं धर्मं स्व्यकार्षीदपि ।
5. भगवतः महावीरस्य कान्तिः भृशम् अद्योतिष्ट ।
6. अहं संस्कृतव्याकरणमपठिषम् ।

---

1 लक्ष्म्याः प्राभृत्ये અહીં જે લક્ષ્મી. ષષ્ઠી છે તે વિભક્તિ કાઢી અને પ્રભૃત પછી જે ભાવવાચક પ્રત્યય છે કાઢી અર્થ કરવો. આ રીતે रामस्य पितृत्वं અહીં પણ ષષ્ઠી અને त्व, ता, य વગેરે ભાવ પ્રત્યય કાઢી અર્થ કરવો. 'રામ એ પિતા છે' આ પ્રમાણે અર્થ થાય. વિશેષ જિજ્ઞાસુએ **પ્રેક્ટિસ બુકમાં સંસ્કૃત વાક્ય સંરચનાપ્રકરણ** જોવું.

7. आवां राजगृहनगरमगाव ।

8. हे राम ! यथा खलगिरा भवता अहं त्यक्ता / भवान् मामत्याक्षीत् तथा भगवत्कथितं धर्मं मा जह्यात् ।

9. इत्थम् / इति अस्माकं संस्कृतं पूर्णमभवत् ।

[3] રૂપો :-

1. अज्वालीत्
2. अधैषीत्
3. अधौषीत्
4. अधात्
5. अधुक्षत
6. अलीढ
7. अद्विक्षत्
8. अजक्षीत्
9. अरैक्षीत्

[4] ખૂટતી વિગતો :-

| નં. | રૂપ | મૂળધાતુ | અર્થ | પુરુષ/વચન | બાકીના બે રૂપ | |
|---|---|---|---|---|---|---|
| 1. | असेविष्ठाः | सेव् | સેવવું | ૨/૧ | असेविषाथाम् | असेविध्वम् |
| 2. | अस्वादिषाथाम् | स्वाद् | ચાખવું | ૨/૨ | अस्वादिष्ठाः | अस्वादिध्वम् |
| 3. | अगूहिषत | गुह् | છૂપાવવું | ૨/૩ | अगूहिष्ट | अगूहिषाताम् |
| 4. | अयाचिषत | याच् | માંગવું | ૩/૩ | अयाचिष्ट | अयाचिषाताम् |
| 5. | आर्जिष्व | अर्ज् | ભેગું કરવું | ૧/૨ | आर्जिषम् | आर्जिष्म |
| 6. | अलषिष्वहि | लष् | ઈચ્છવું | ૧/૨ | अलषिषि | अलषिष्महि |
| 7. | अबोधिषम् | बुध् | જાણવું | ૧/૧ | अबोधिष्व | अबोधिष्म |
| 8. | अभ्रमिषुः | भ्रम् | ભમવું | ૩/૩ | अभ्रमीत् | अभ्रमिष्टाम् |
| 9. | अजृम्भिष्ट | जृम्भ् | બગાસું ખાવું | ૩/૧ | अजृम्भिषाताम् | अजृम्भिषत |

[5] રૂપો :-

1. श्रु - 5/P = સાંભળવું

| | | |
|---|---|---|
| अश्रौषम् | अश्रौष्व | अश्रौष्म |
| अश्रौषीः | अश्रौष्टम् | अश्रौष्ट |
| अश्रौषीत् | अश्रौष्टाम् | अश्रौषुः |

2. वन् - 8/A = માંગવું

| | | |
|---|---|---|
| अवनिषि | अवनिष्वहि | अवनिष्महि |
| अवथाः/अवनिष्ठाः | अवनिषाथाम् | अवनिध्वम् |
| अवनिष्ट/अवत | अवनिषाताम् | अवनिषत |

# સંકલિત સંસ્કૃત શબ્દ રૂપાવલી

● **વિભાગ - ૧ : સ્વરાંત શબ્દો :-**

૧. **जिन** = જિનેશ્વર ભગવાન [પું.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | जिनः | जिनौ | जिनाः |
| દ્વિ. વિ. → | जिनम् | " | जिनान् |
| તૃ. વિ. → | जिनेन | जिनाभ्याम् | जिनैः |
| ચ. વિ. → | जिनाय | " | जिनेभ्यः |
| પં. વિ. → | जिनात् | " | " |
| ષ. વિ. → | जिनस्य | जिनयोः | जिनानाम् |
| સ. વિ. → | जिने | " | जिनेषु |
| સંબોધન → | जिन ! | जिनौ ! | जिनाः ! |

૨. **वन** = જંગલ [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | वनम् | वने | वनानि |
| દ્વિ. વિ. → | " | " | " |

આ સિવાયનું આખું રૂપ 'जिन' શબ્દ પ્રમાણે જ છે !

૩. **शाला** = પાઠશાળા [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | शाला | शाले | शालाः |
| દ્વિ. વિ. → | शालाम् | " | " |
| તૃ. વિ. → | शालया | शालाभ्याम् | शालाभिः |
| ચ. વિ. → | शालायै | " | शालाभ्यः |
| પં. વિ. → | शालायाः | " | " |
| ષ. વિ. → | " | शालयोः | शालानाम् |
| સ. વિ. → | शालायाम् | " | शालासु |
| સંબોધન → | शाले ! | शाले ! | शालाः ! |

### ૪. **मुनि** = સાધુ [પું.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | मुनिः | मुनी | मुनयः |
| દ્વિ. વિ. → | मुनिम् | " | मुनीन् |
| તૃ. વિ. → | मुनिना | मुनिभ्याम् | मुनिभिः |
| ચ. વિ. → | मुनये | " | मुनिभ्यः |
| પં. વિ. → | मुनेः | " | " |
| ષ. વિ. → | " | मुन्योः | मुनीनाम् |
| સ. વિ. → | मुनौ | " | मुनिषु |
| સંબોધન → | मुने ! | मुनी ! | मुनयः ! |

### ૫. **वारि** = પાણી [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | वारि | वारिणी | वारीणि |
| દ્વિ. વિ. → | " | " | " |
| તૃ. વિ. → | वारिणा | वारिभ्याम् | वारिभिः |
| ચ. વિ. → | वारिणे | " | वारिभ्यः |
| પં. વિ. → | वारिणः | " | " |
| ષ. વિ. → | " | वारिणोः | वारीणाम् |
| સ. વિ. → | वारिणि | " | वारिषु |
| સંબોધન → | वारि ! वारे ! | वारिणी ! | वारीणि ! |

### ૬. **मति** = બુદ્ધિ [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | मतिः | मती | मतयः |
| દ્વિ. વિ. → | मतिम् | " | मतीः |
| તૃ. વિ. → | मत्या | मतिभ्याम् | मतिभिः |
| ચ. વિ. → | मतये / मत्यै | " | मतिभ्यः |
| પં. વિ. → | मतेः / मत्याः | " | "" |
| ષ. વિ. → | " / " | मत्योः | मतीनाम् |
| સ. વિ. → | मत्याम् / मतौ | " | मतिषु |
| સંબોધન → | मति ! मते ! | मती ! | मतयः ! |

### ૭. नदी = નદી [સ્ત્રી.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | नदी | नद्यौ | नद्यः |
| દ્વિ. વિ. → | नदीम् | " | नदीः |
| તૃ. વિ. → | नद्या | नदीभ्याम् | नदीभिः |
| ચ. વિ. → | नद्यै | " | नदीभ्यः |
| પં. વિ. → | नद्याः | " | " |
| ષ. વિ. → | " | नद्योः | नदीनाम् |
| સ. વિ. → | नद्याम् | " | नदीषु |
| સંબોધન → | नदि ! | नद्यौ ! | नद्यः ! |

### ૮. गुरु = ગુરુજી [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | गुरुः | गुरू | गुरवः |
| દ્વિ. વિ. → | गुरुम् | " | गुरून् |
| તૃ. વિ. → | गुरुणा | गुरुभ्याम् | गुरुभिः |
| ચ. વિ. → | गुरवे | " | गुरुभ्यः |
| પં. વિ. → | गुरोः | " | " |
| ષ. વિ. → | " | गुर्वोः | गुरूणाम् |
| સ. વિ. → | गुरौ | " | गुरुषु |
| સંબોધન → | गुरो ! | गुरू ! | गुरवः ! |

### ૯. मधु = મધ [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | मधु | मधुनी | मधूनि |
| દ્વિ. વિ. → | " | " | " |
| તૃ. વિ. → | मधुना | मधुभ्याम् | मधुभिः |
| ચ. વિ. → | मधुने | " | मधुभ्यः |
| પં. વિ. → | मधुनः | " | " |
| ષ. વિ. → | " | मधुनोः | मधूनाम् |
| સ. વિ. → | मधुनि | " | मधुषु |
| સંબોધન → | मधु ! मधो ! | मधुनी ! | मधूनि ! |

### १०. **धेनु** = ગાય [સ્ત્રી.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | धेनुः | धेनू | धेनवः |
| દ્વિ. વિ. → | धेनुम् | " | धेनूः |
| તૃ. વિ. → | धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| ચ. વિ. → | धेनवे / धेन्वै | " | धेनुभ्यः |
| પં. વિ. → | धेनोः / धेन्वाः | " | " |
| ષ. વિ. → | " / " | धेन्वोः | धेनूनाम् |
| સ. વિ. → | धेनौ / धेन्वाम् | " | धेनुषु |
| સંબોધન→ | धेनो ! | धेनू ! | धेनवः ! |

### ૧૧. **वधू** = વહુ, જુવાન સ્ત્રી [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | वधूः | वध्वौ | वध्वः |
| દ્વિ. વિ. → | वधूम् | " | वधूः |
| તૃ. વિ. → | वध्वा | वधूभ्याम् | वधूभिः |
| ચ. વિ. → | वध्वै | " | वधूभ्यः |
| પં. વિ. → | वध्वाः | " | " |
| ષ. વિ. → | " | वध्वोः | वधूनाम् |
| સ. વિ. → | वध्वाम् | " | वधूषु |
| સંબોધન → | वधु ! | वध्वौ ! | वध्वः ! |

### ૧૨. **कर्तृ** = કરનાર [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | कर्ता | कर्तारौ | कर्तारः |
| દ્વિ. વિ. → | कर्तारम् | " | कर्तॄन् |
| તૃ. વિ. → | कर्त्रा | कर्तृभ्याम् | कर्तृभिः |
| ચ. વિ. → | कर्त्रे | " | कर्तृभ्यः |
| પં. વિ. → | कर्तुः | " | " |
| ષ. વિ. → | " | कर्त्रोः | कर्तॄणाम् |
| સ. વિ. → | कर्तरि | " | कर्तृषु |
| સંબોધન → | कर्तः ! | कर्तारौ ! | कर्तारः ! |

### ૧૩. **पितृ** = પિતાજી [પું.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | पिता | पितरौ | पितरः |
| દ્વિ. વિ. → | पितरम् | " | पितॄन् |
| તૃ. વિ. → | पित्रा | पितृभ्याम् | पितृभिः |
| ચ. વિ. → | पित्रे | " | पितृभ्यः |
| પં. વિ. → | पितुः | " | " |
| ષ. વિ. → | " | पित्रोः | पितॄणाम् |
| સ. વિ. → | पितरि | " | पितृषु |
| સંબોધન → | पितः ! | पितरौ ! | पितरः ! |

### ૧૪. **मातृ** = માતાજી [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | माता | मातरौ | मातरः |
| દ્વિ. વિ. → | मातरम् | " | मातॄः |
| તૃ. વિ. → | मात्रा | मातृभ्याम् | मातृभिः |
| ચ. વિ. → | मात्रे | " | मातृभ्यः |
| પં. વિ. → | मातुः | " | " |
| ષ. વિ. → | " | मात्रोः | मातॄणाम् |
| સ. વિ. → | मातरि | " | मातृषु |
| સંબોધન → | मातः ! | मातरौ ! | मातरः ! |

### ૧૫. **धातृ** = સંરક્ષક, ઉત્પન્ન કરનાર [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | धातृ | धातृणी | धातॄणि |
| દ્વિ. વિ. → | " | " | " |
| તૃ. વિ. → | धात्रा, धातृणा | धातृभ्याम् | धातृभिः |
| ચ. વિ. → | धात्रे, धातृणे | " | धातृभ्यः |
| પં. વિ. → | धातुः, धातृणः | " | " |
| ષ. વિ. → | " " | धात्रोः, धातृणोः | धातॄणाम् |
| સ. વિ. → | धातरि, धातृणि | " " | धातृषु |
| સંબોધન → | धातः !, धातृ ! | धातृणी ! | धातॄणि ! |

### ૧૬. **स्वसृ** = બહેન [સ્ત્રી.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | स्वसा | स्वसारौ | स्वसारः |
| દ્વિ. વિ. → | स्वसारम् | " | स्वसॄः |
| તૃ. વિ. → | स्वस्रा | स्वसृभ्याम् | स्वसृभिः |
| ચ. વિ. → | स्वस्रे | " | स्वसृभ्यः |
| પં. વિ. → | स्वसुः | " | " |
| ષ. વિ. → | " | स्वस्रोः | स्वसॄणाम् |
| સ. વિ. → | स्वसरि | " | स्वसृषु |
| સંબોધન → | स्वसः ! | स्वसारौ ! | स्वसारः ! |

### ૧૭. **नृ** = નર, માણસ [પું.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | ना | नरौ | नरः |
| દ્વિ. વિ. → | नरम् | " | नॄन् |
| તૃ. વિ. → | न्रा | नृभ्याम् | नृभिः |
| ચ. વિ. → | न्रे | " | नृभ्यः |
| પં. વિ. → | नुः | " | " |
| ષ. વિ. → | " | न्रोः | नृणाम्, नॄणाम् |
| સ. વિ. → | नरि | " | नृषु |
| સંબોધન → | नः ! | नरौ ! | नरः ! |

***

**સંસ્કૃત > English**

મિત્રો ! હવે જગ્યા ખૂટી રહી છે. માટે છેલ્લે ભગવાનને યાદ કરી લઈએ. જિસસ્ શું 'ईशस्' નું જ રૂપાંતરણ નથી લાગતું ??? અરે ! स् = વિસર્ગનો उ થાય. પરિણામે સર્જાય 'ઇસુ' !!!! હવે વધુ આશ્ચર્યના ઝટકા નથી આપવા...

## ૧૮. अस्मद् = હું

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | अहम् | आवाम् | वयम् |
| દ્વિ. વિ. → | माम् [मा] | आवाम् [नौ] | अस्मान् [नः] |
| તૃ. વિ. → | मया | आवाभ्याम् | अस्माभिः |
| ચ. વિ. → | मह्यम् [मे] | आवाभ्याम् [नौ] | अस्मभ्यम् [नः] |
| પં. વિ. → | मत् | आवाभ्याम् | अस्मत् |
| ષ. વિ. → | मम [मे] | आवयोः [नौ] | अस्माकम् [नः] |
| સ. વિ. → | मयि | आवयोः | अस्मासु |

## ૧૯. युष्मद् = તું

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | त्वम् | युवाम् | यूयम् |
| દ્વિ. વિ. → | त्वाम् [त्वा] | युवाम् [वाम्] | युष्मान् [वः] |
| તૃ. વિ. → | त्वया | युवाभ्याम् | युष्माभिः |
| ચ. વિ. → | तुभ्यम् [ते] | युवाभ्याम् [वाम्] | युष्मभ्यम् [वः] |
| પં. વિ. → | त्वत् | युवाभ्याम् | युष्मत् |
| ષ. વિ. → | तव [ते] | युवयोः [वाम्] | युष्माकम् [वः] |
| સ. વિ. → | त्वयि | युवयोः | युष्मासु |

## ૨૦. तत् = તે [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | सः | तौ | ते |
| દ્વિ. વિ. → | तम् | " | तान् |
| તૃ. વિ. → | तेन | ताभ्याम् | तैः |
| ચ. વિ. → | तस्मै | " | तेभ्यः |
| પં. વિ. → | तस्मात् | " | " |
| ષ. વિ. → | तस्य | तयोः | तेषाम् |
| સ. વિ. → | तस्मिन् | " | तेषु |

## ૨૧. **तत्** = તે [સ્ત્રી.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | सा | ते | ताः |
| દ્વિ. વિ. → | ताम् | ” | ” |
| તૃ. વિ. → | तया | ताभ्याम् | ताभिः |
| ચ. વિ. → | तस्यै | ” | ताभ्यः |
| પં. વિ. → | तस्याः | ” | ” |
| ષ. વિ. → | ” | तयोः | तासाम् |
| સ. વિ. → | तस्याम् | ” | तासु |

## ૨૨. **तत्** = તે [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.વિ. → | तत् | ते | तानि |
| દ્વિ.વિ. → | ” | ” | ” |

બાકીના રૂપો પુંલ્લિંગ 'तत्' પ્રમાણે એકદમ સરળ !

## ૨૩. **यत्** = જે [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | यः | यौ | ये |
| દ્વિ. વિ. → | यम् | ” | यान् |
| તૃ. વિ. → | येन | याभ्याम् | यैः |
| ચ. વિ. → | यस्मै | ” | येभ्यः |
| પં. વિ. → | यस्मात् | ” | ” |
| ષ. વિ. → | यस्य | ययोः | येषाम् |
| સ. વિ. → | यस्मिन् | ” | येषु |

## ૨૪. **यत्** = જે [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | या | ये | याः |
| દ્વિ. વિ. → | याम् | ” | याः |
| તૃ. વિ. → | यया | याभ्याम् | याभिः |
| ચ. વિ. → | यस्यै | ” | याभ्यः |
| પં. વિ. → | यस्याः | ” | ” |
| ષ. વિ. → | ” | ययोः | यासाम् |
| સ. વિ. → | यस्याम् | ” | यासु |

### ૨૫. **यत्** = જે [નપું.]

| | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| પ્ર. વિ. → | यत् | ये | यानि |
| દ્વિ. વિ. → | यत् | ये | यानि |

બાકીના રૂપો यत् પુંલ્લિંગ પ્રમાણે.....

### ૨૬. **किम्** = જે [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | कः | कौ | के |
| દ્વિ. વિ. → | कम् | " | कान् |
| તૃ. વિ. → | केन | काभ्याम् | कैः |
| ચ. વિ. → | कस्मै | " | केभ्यः |
| પં. વિ. → | कस्मात् | " | " |
| ષ. વિ. → | कस्य | कयोः | केषाम् |
| સ. વિ. → | कस्मिन् | " | केषु |

### ૨૭. **किम्** = જે [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | का | के | काः |
| દ્વિ. વિ. → | काम् | " | " |
| તૃ. વિ. → | कया | काभ्याम् | काभिः |
| ચ. વિ. → | कस्यै | " | काभ्यः |
| પં. વિ. → | कस्याः | " | " |
| ષ. વિ. → | " | कयोः | कासाम् |
| સ. વિ. → | कस्याम् | " | कासु |

### ૨૮. **किम्** = જે [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.વિ. → | किम् | के | कानि |
| દ્વિ.વિ. → | " | " | " |

બાકીના રૂપો 'किम्' પુંલ્લિંગ પ્રમાણે.....

## २९. इदम् = આ [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | अयम् | इमौ | इमे |
| દ્વિ. વિ. → | इमम् / एनम् | इमौ / एनौ | इमान् / एनान् |
| તૃ. વિ. → | अनेन / एनेन | आभ्याम् | एभिः |
| ચ. વિ. → | अस्मै | ” | एभ्यः |
| પં. વિ. → | अस्मात् | ” | ” |
| ષ. વિ. → | अस्य | अनयोः / एनयोः | एषाम् |
| સ. વિ. → | अस्मिन् | ” / ” | एषु |

## ૩૦. इदम् = આ [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | इयम् | इमे | इमाः |
| દ્વિ. વિ. → | इमाम् / एनाम् | इमे / एने | इमाः / एनाः |
| તૃ. વિ. → | अनया / एनया | आभ्याम् | आभिः |
| ચ. વિ. → | अस्यै | ” | आभ्यः |
| પં. વિ. → | अस्याः | ” | ” |
| ષ. વિ. → | ” | अनयोः / एनयोः | आसाम् |
| સ. વિ. → | अस्याम् | ” / ” | आसु |

## ૩૧. इदम् = આ [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.વિ. → | इदम् | इमे | इमानि |
| દ્વિ.વિ. → | इदम् / एनद् | इमे / एने | इमानि/ एनानि |

બાકીના રૂપો इदम् પુંલ્લિંગ પ્રમાણે.....

## ૩૨. अदस् = આ [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | असौ | अमू | अमी |
| દ્વિ. વિ. → | अमुम् | ” | अमून् |
| તૃ. વિ. → | अमुना | अमूभ्याम् | अमीभिः |
| ચ. વિ. → | अमुष्मै | ” | अमीभ्यः |
| પં. વિ. → | अमुष्मात् | ” | ” |
| ષ. વિ. → | अमुष्य | अमुयोः | अमीषाम् |
| સ. વિ. → | अमुष्मिन् | ” | अमीषु |

### ૩૩. **अदस्** = આ [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | असौ | अमू | अमूः |
| દ્વિ. વિ. → | अमूम् | " | " |
| તૃ. વિ. → | अमुया | अमूभ्याम् | अमूभिः |
| ચ. વિ. → | अमुष्यै | " | अमूभ्यः |
| પં. વિ. → | अमुष्याः | " | " |
| ષ. વિ. → | " | अमुयोः | अमूषाम् |
| સ. વિ. → | अमुष्याम् | " | अमूषु |

### ૩૪. **अदस्** = આ [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | अदः | अमू | अमूनि |
| દ્વિ. વિ. → | " | " | " |

બાકીના રૂપો પુંલ્લિંગ अदस् પ્રમાણે

### ૩૫. **एतद्** = આ [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | एषः | एतौ | एते |
| દ્વિ. વિ. → | एतम् / एनम् | एतौ / एनौ | एतान् / एनान् |
| તૃ. વિ. → | एतेन / एनेन | एताभ्याम् | एतैः |
| ચ. વિ. → | एतस्मै | " | एतेभ्यः |
| પં. વિ. → | एतस्मात् | " | " |
| ષ. વિ. → | एतस्य | एतयोः / एनयोः | एतेषाम् |
| સ. વિ. → | एतस्मिन् | " / " | एतेषु |

### ૩૬. **एतद्** = આ [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | एषा | एते | एताः |
| દ્વિ. વિ. → | एताम् / एनाम् | एते / एने | एताः / एनाः |
| તૃ. વિ. → | एतया / एनया | एताभ्याम् | एताभिः |
| ચ. વિ. → | एतस्यै | " | एताभ्यः |
| પં. વિ. → | एतस्याः | " | " |
| ષ. વિ. → | " | एतयोः / एनयोः | एतासाम् |
| સ. વિ. → | एतस्याम् | " / " | एतासु |

३७. **एतद्** = આ [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.વિ. → | एतद् | एते | एतानि |
| દ્વિ.વિ. → | एतद् / एनद् | एते / एने | एतानि / एनानि |

બાકીના રૂપ પુંલ્લિંગ एतद् પ્રમાણે.....

૩૮. **सर्व** = બધાં [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | सर्वः | सर्वौ | सर्वे |
| દ્વિ. વિ. → | सर्वम् | " | सर्वान् |
| તૃ. વિ. → | सर्वेण | सर्वाभ्याम् | सर्वैः |
| ચ. વિ. → | सर्वस्मै | " | सर्वेभ्यः |
| પં. વિ. → | सर्वस्मात् | " | " |
| ષ. વિ. → | सर्वस्य | सर्वयोः | सर्वेषाम् |
| સ. વિ. → | सर्वस्मिन् | " | सर्वेषु |
| સંબોધન → | सर्व ! | सर्वौ ! | सर्वे ! |

૩૯. **सर्व** = બધાં [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | सर्वा | सर्वे | सर्वाः |
| દ્વિ. વિ. → | सर्वाम् | " | " |
| તૃ. વિ. → | सर्वया | सर्वाभ्याम् | सर्वाभिः |
| ચ. વિ. → | सर्वस्यै | " | सर्वाभ्यः |
| પં. વિ. → | सर्वस्याः | " | " |
| ષ. વિ. → | " | सर्वयोः | सर्वासाम् |
| સ. વિ. → | सर्वस्याम् | " | सर्वासु |
| સંબોધન → | सर्वे ! | सर्वे ! | सर्वाः ! |

૪૦. **सर्व** = બધાં [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર.વિ. → | सर्वम् | सर्वे | सर्वाणि |
| દ્વિ.વિ. → | " | " | " |

બાકીના રૂપો પુંલ્લિંગ 'सर्व' પ્રમાણે.....

આના રૂપો પ્રમાણે જ બાકીના 'अन्य, उभय' વગેરે સર્વનામના રૂપો સમજી લેવા. ફક્ત 'अन्य'ના નપુંસકલિંગ રૂપમાં પ્રથમા/દ્વિતીયા એકવચન 'अन्यत्' થાય.

### ૪૧. **किं** + **चित्** = કોઈક [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | कश्चित् | कौचित् | केचित् |
| દ્વિ. વિ. → | कञ्चित् | ” | कांश्चित् |
| તૃ. વિ. → | केनचित् | काभ्याञ्चित् | कैश्चित् |
| ચ. વિ. → | कस्मैचित् | ” | केभ्यश्चित् |
| પં. વિ. → | कस्माच्चित् | ” | ” |
| ષ. વિ. → | कस्यचित् | कयोश्चित् | केषाञ्चित् |
| સં. વિ. → | कस्मिंश्चित् | ” | केषुचित् |

### ૪૨. **किं** + **चित्** = કોઈક [સ્ત્રી.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | काचित् | केचित् | काश्चित् |
| દ્વિ. વિ. → | काञ्चित् | ” | ” |
| તૃ. વિ. → | कयाचित् | काभ्याञ्चित् | काभिश्चित् |
| ચ. વિ. → | कस्यैचित् | ” | काभ्यश्चित् |
| પં. વિ. → | कस्याश्चित् | ” | ” |
| ષ. વિ. → | ” | कयोश्चित् | कासाञ्चित् |
| સ. વિ. → | कस्याञ्चित् | ” | कासुचित् |

### ૪૩. **किं** + **चित्** = કોઈક [નપું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | किञ्चित् | केचित् | कानिचित् |
| દ્વિ. વિ. → | ” | ” | ” |

બાકીના રૂપો પુંલ્લિંગ પ્રમાણે

### ૪૪. **किं** + **चन** = કોઈક [પું.]

| | | | |
|---|---|---|---|
| પ્ર. વિ. → | कश्चन | कौचन | केचन |
| દ્વિ. વિ. → | कञ्चन | ” | कांश्चन |
| તૃ. વિ. → | केनचन | काभ्याञ्चन | कैश्चन |
| ચ. વિ. → | कस्मैचन | ” | केभ्यश्चन |
